# પંચસ્તોત્ર-સંગ્રહ

: પ્રકાશક :
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ-૩૬૪૨૫૦

ભગવાન શ્રી કુંદકુંદકહાનજૈનશાસ્ત્રમાળા પુષ્પ–૧૭૫

ૐ

परमात्मने नमः।

# પંચસ્તોત્ર–સંગ્રહ

-: અનુવાદક :-

બ્ર. વ્રજલાલ ગીરધરલાલ શાહ, વઢવાણ

-: પ્રકાશક :-

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ–૩૬૪ ૨૫૦.

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત ૨૦૦૦ | વીર સં. ૨૦૪૫ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત ૧૦૦૦ | વીર સં. ૨૦૬૪ |

પંચસ્તોત્ર-સંગ્રહ (ગુજરાતી)ના

**❀ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❀**

ડૉ. શ્રી પ્રવિણાબેન ડૉ. ઉપેન્દ્રભાઈ કોઠારી
હ. વિશ્રુત ઉપેન્દ્રભાઈ કોઠારી, જામનગર


આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૨૧=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૨૦-=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ હસ્તે સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ પરિવાર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૧૦=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૧૦=૦૦**

મુદ્રક

**કહાન મુદ્રણાલય**
જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ
સોનગઢ ૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
✆ (02846) 244081

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# પ્રકાશકીય

ધર્મનું મૂળ સમ્યગ્દર્શન છે; અને તે વિપરીતાભિનિવેષ રહિત ભૂતાર્થસ્વભાવના ગ્રહણપૂર્વક તત્ત્વાર્થશ્રદ્ધાન થતાં થાય છે. સમ્યક્ત્વ થતાં 'હું સિદ્ધ સમાન શુદ્ધ છું' એવું દૃઢ શ્રદ્ધાન થાય છે; તે સાથે, પોતાની વર્તમાન દશા તો અપૂર્ણ–અશુદ્ધતામય છે, એવું જ્ઞાન હોવાથી, સમ્યગ્દૃષ્ટિને સહેજે સાચા દેવ–ગુરુ–ધર્મ પ્રત્યે ભક્તિની સહૃદય ભાવના હોય છે. અવિરતિ ધર્માત્મા તો શું, મુનિરાજને પણ આવો ભાવ આવે છે. આમ 'સમ્યગ્દર્શન' અને સમકિતીના સહજ પરિણમન વિષે આ યુગમાં જે કાંઈ સ્પષ્ટતા થયેલ દેખાય છે, તે સર્વ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પુનિત પ્રતાપે જ છે. વળી આજે પૂજ્ય ગુરુદેવ દ્વારા પ્રદર્શિત જે સ્વાનુભવપ્રધાન અધ્યાત્મમાર્ગ વૃદ્ધિંગત સ્થિતિમાં છે તે તેમના પરમભક્ત સ્વાનુભવપરિણત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના મંગલપ્રતાપે છે.

વળી આવા જ્ઞાની ધર્માત્માઓનું આવું જીવન પ્રાચીન આચાર્યોની રચનાઓ ઉપરથી પણ સ્પષ્ટ થાય છે. તે પૈકીના દિગ્ગજ–જૈનાચાર્ય શ્રી માનતુંગાચાર્ય, શ્રી કુમુદચન્દ્રસ્વામી, શ્રી વાદિરાજસૂરિ આદિ જેવા મહાન આચાર્ય મુનિભગવંત પણ આત્મિક રત્નત્રયરૂપ પ્રગાઢ શુદ્ધતામાં મહાલતા હતા; તે સાથે ભક્તિનો ઉમળકો પણ તેમને એવો જ હતો, જાણે ભગવાનની સ્તુતિ કરવાનું તેમને વ્યસન ન હોય! તેમાંથી જુદા જુદા આચાર્ય, મુનિ અને કવિઓનાં પાંચ સ્તોત્રો **૧. શ્રી ભક્તામરસ્તોત્ર, ૨. શ્રી કલ્યાણમંદિરસ્તોત્ર, ૩. શ્રી કલ્યાણ કલ્પદ્રુમ અપરનામ એકીભાવ સ્તોત્ર, ૪. વિષાપહારસ્તોત્ર, ૫. જિનચતુર્વિંશતિકાસ્તોત્ર**નો ગુજરાતી અર્થ સહિત પ્રથમવાર જ 'પંચસ્તોત્ર–સંગ્રહ'ના નામે 'પૂજ્ય કહાનગુરુ–જન્મશતાબ્દી' વર્ષમાં (વિ.સં. ૨૦૪૫–૪૬) પ્રકાશિત કરતા અતિ હર્ષ થાય છે.

આ પુસ્તકના અનુવાદમાં શ્રી ભક્તામરસ્તોત્ર માટે શ્રી દિગમ્બર જૈન પુસ્તકાલય, સુરત છપાયેલ ભક્તામરસ્તોત્રનો; કલ્યાણમંદિરસ્તોત્ર,

વિષાપહારસ્તોત્ર અને જિનચતુર્વિંશતિકા માટે પાટની દિ. જૈન ગ્રંથમાલા, મારોઠથી છપાયેલ 'સ્તોત્રત્રયી'સાથનો અને એકીભાવસ્તોત્ર માટે ભારતીય જ્ઞાનપીઠ પ્રકાશનથી પ્રકાશિત કલ્યાણકલ્પદ્રુમનો આધાર લેવામાં આવેલ છે અને તે માટે સંસ્થા ઉક્ત ત્રણેય પ્રકાશકોની આભારી છે. વળી આ પુસ્તકમાં ચાર સ્તોત્રના સંસ્કૃતનો પદ્યાનુવાદ પણ છાપવામાં આવેલ છે, તે આ ટ્રસ્ટથી છપાયેલ જિનેન્દ્રસ્તવનમંજરી અને જિનેન્દ્રસ્તવનમાળામાં છપાયેલ સ્તવનોના આધારે છે. તેમાં કલ્યાણમંદિરસ્તોત્રમાંની ૨૮મી કડીનો ગુજરાતી પદ્યાનુવાદ ઉપલબ્ધ નહીં હોવાથી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે તે કડીનો પદ્યાનુવાદ આચાર્યશ્રીના હૃદયના ભાવોને સ્પર્શીને કરી આપ્યો છે, તે બદલ ટ્રસ્ટ તેમનું ઘણું જ આભારી છે.

આ અનુવાદ બ્ર. વૃજલાલ ગીરધરલાલ શાહે તદ્દન નિસ્પૃહભાવે માત્ર દેવ–ગુરુ–ધર્મની ભક્તિથી પ્રેરાઈને, કરી આપેલ છે, તે બદલ ટ્રસ્ટ તેમનું આભારી છે.

શ્રી કહાન મુદ્રણાલયે આ પુસ્તકનું સુંદર મુદ્રણ કરી આપ્યું છે. તે બદલ ટ્રસ્ટ તેમનું આભારી છે.

અંતમાં આ 'પંચસ્તોત્ર'ના સ્વાધ્યાયથી સર્વ જીવો દેવ–ગુરુ–ધર્મના મહિમામય આ સ્તોત્રોમાં દર્શાવેલ તત્ત્વસ્વરૂપને સમજી યથાર્થ શ્રદ્ધાને પામો એવી ભાવના.

બહેનશ્રી ચંપાબેનની<br>૭૬મી જન્મજયંતી<br>શ્રા. વ. ૨, વિ.સં. ૨૦૪૫<br>તા. ૧૮-૮-૮૯

સાહિત્યપ્રકાશનસમિતિ<br>શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ<br>સોનગઢ-૩૬૪૨૫૦

ભક્તિ એટલે ભજવું. કોને ભજવું? પોતાના સ્વરૂપને ભજવું. મારું સ્વરૂપ નિર્મળ અને નિર્વિકારી—સિદ્ધ જેવું—છે તેનું યથાર્થ ભાન કરીને તેને ભજવું તે જ નિશ્ચય ભક્તિ છે, ને તે જ પરમાર્થ સ્તુતિ છે. નીચલી ભૂમિકામાં દેવ-શાસ્ત્ર-ગુરુની ભક્તિનો ભાવ આવે તે વ્યવહાર છે, શુભ રાગ છે. કોઈ કહેશે કે આ વાત અઘરી પડે છે. પણ ભાઈ! અનંતા ધર્માત્મા ક્ષણમાં ભિન્ન તત્ત્વોનું ભાન કરી, સ્વરૂપમાં ઠરી—સ્વરૂપની નિશ્ચય ભક્તિ કરી—મોક્ષ ગયા છે, વર્તમાનમાં કેટલાક જાય છે અને ભવિષ્યમાં અનંતા જીવો તેવી જ રીતે જશે.

*ગુરુદેવશ્રીનાં વચનામૃત બોલ નં. ૧૨*

*

અંતરમાં તું તારા આત્મા સાથે પ્રયોજન રાખ અને બહારમાં દેવ-શાસ્ત્ર-ગુરુ સાથે; બસ, અન્ય સાથે તારે શું પ્રયોજન છે?

જે વ્યવહારે સાધનરૂપ કહેવાય છે, જેમનું આલંબન સાધકને આવ્યા વિના રહેતું નથી—એવાં દેવ-શાસ્ત્ર-ગુરુના આલંબનરૂપ શુભ ભાવ તે પણ પરમાર્થે હેય છે, તો પછી અન્ય પદાર્થો કે અશુભ ભાવોની તો વાત જ શી? તેમનાથી તારે શું પ્રયોજન છે?

આત્માની મુખ્યતાપૂર્વક દેવ-શાસ્ત્ર-ગુરુનું આલંબન સાધકને આવે છે. મુનિરાજ શ્રી પદ્મપ્રભમલધારિદેવે પણ કહ્યું છે કે 'હે જિનેંદ્ર! હું ગમે તે સ્થળે હોઉં પણ ફરીફરીને આપનાં પાદપંકજની ભક્તિ હો'!—આવા ભાવ સાધકદશામાં આવે છે, અને સાથે સાથે આત્માની મુખ્યતા તો સતત રહ્યા જ કરે છે.

*બહેનશ્રીનાં વચનામૃત બોલ નં. ૩૪૨*

*

# અ....નુ.....ક.....મ.....ણિ......કા

| | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | શ્રી ભક્તામરસ્તોત્ર–શ્રી માનતુંગાચાર્ય વિરચિત | ૧ |
| ૨. | શ્રી કલ્યાણમંદિર અપરનામ શ્રી પાર્શ્વનાથસ્તોત્ર–શ્રી કુમુદચન્દ્રાચાર્ય અપરનામ શ્રી સિદ્ધસેન દિવાકર વિરચિત | ૨૯ |
| ૩. | શ્રી કલ્યાણ–કલ્પદ્રુમ અપરનામ એકીભાવસ્તોત્ર–શ્રીમદ્ વાદિરાજઆચાર્ય વિરચિત | ૫૫ |
| ૪. | શ્રી વિષાપહારસ્તોત્ર–શ્રી મહાકવિ ધનંજયરચિત | ૭૧ |
| ૫. | શ્રી જિનચતુર્વિંશતિકા–શ્રી ભૂપાલકવિ રચિત | ૮૯ |

ૐ

શ્રી ઋષભદેવાય નમઃ

# શ્રી પંચસ્તોત્ર-સંગ્રહ

શ્રી માનતુંગાચાર્ય વિરચિત

## ભક્તામર સ્તોત્ર

(શ્રી ઋષભદેવસ્તુતિ)

(વસંતતિલકા છંદ)

भक्तामरप्रणतमौलिमणिप्रभाणा-
मुद्योतकं दलितपापतमोवितानम् ।
सम्यक् प्रणम्य जिनपादयुगं युगादा-
बालम्बनं भवजले पततां जनानाम् ॥१॥

ભક્તામરો લચિત તાજમણિપ્રભાના,
ઉદ્યોતકાર, હર પાપતમો જથાના;
આધારરૂપ ભવસાગરના જનોને,
એવા યુગાદિ પ્રભુ પાદયુગે-નમીને. ૧.

यः संस्तुतः सकलवाङ्मयतत्त्वबोधा-
दुद्भूतबुद्धिपटुभिः सुरलोकनाथैः ।
स्तोत्रैर्जगत्त्रितयचित्तहरैरुदारैः
स्तोष्ये किलाहमपि तं प्रथमं जिनेन्द्रम् ॥२॥ (युग्मं)

કીધી સ્તુતિ સકલશાસ્ત્રજતત્ત્વબોધે,
પામેલ બુદ્ધિપટુથી સુરલોકનાથે;
ત્રૈલોક ચિત્તહર ચારુ ઉદાર સ્તોત્રે,
હુંયે ખરે સ્તવીશ આદિ જિનેન્દ્રને તે. ૨.

**ભાવાર્થ** :—ભક્તિ કરનારા દેવો પગે લાગે છે તે વખતે તેમના નમેલા મુગટની અંદર રહેલા મણિઓની કાંતિને પણ પ્રકાશ આપનાર, પાપરૂપી અંધકારના સમૂહોનો નાશ કરનાર અને યુગાદિથી સંસારરૂપી સમુદ્રમાં પડેલા માણસોના આશ્રયરૂપ એવા શ્રી આદિનાથ જિનેન્દ્રસ્વામીના બન્ને ચરણને રૂડે પ્રકારે નમસ્કાર કરી હું પ્રથમ જિનેન્દ્ર શ્રી આદિનાથ ભગવાનની સ્તુતિ કરું છું. ઈન્દ્રદેવે પણ તમામ શાસ્ત્રોનું તત્ત્વજ્ઞાન જાણવાથી ઉત્પન્ન થયેલી નિપુણ બુદ્ધિ વડે ત્રણલોકનું ચિત્ત હરણ કરે એવા ઉદાર સ્તોત્રથી પણ તેમની સ્તુતિ કરી છે, એવા જિનેન્દ્ર આદિનાથસ્વામીની હું પણ સ્તુતિ કરીશ. ૧–૨.

बुद्ध्या विनाऽपि विबुधार्चितपादपीठ!
स्तोतुं समुद्यतमतिर्विगतत्रपोऽहम्।
बालं विहाय जलसंस्थितमिन्दुबिम्ब–
मन्यः क इच्छति जनः सहसा गृहीतुम्॥३॥

બુદ્ધિ વિના જ સુરપૂજીતપાદપીઠ!
મેં પ્રેરી બુદ્ધિ સ્તુતિમાં તજી લાજ શુદ્ધ!
લેવા શિશુ વિણ જળે સ્થિત ચંદ્રબિંબ,
ઈચ્છા કરે જ સહસા જન કોણ અન્ય. ૩.

**ભાવાર્થ** :—હે દેવો દ્વારા પૂજ્યનીય! મને ચરણબુદ્ધિ નથી તોપણ મેં જે આપની સ્તુતિ કરવા માંડી છે એ મારી નિર્લજતા છે. હે નાથ! બાળક સિવાય બીજું કોણ પાણીમાં પડેલા ચંદ્રમાંના પડછાયાને હાથોથી પકડવાની ઈચ્છા કરી શકે છે? અર્થાત્ મારો આ પ્રયત્ન બાળકના જેવો છે. ૩.

वक्तुं गुणान् गुणसमुद्र! शशाङ्ककांतान्
कस्ते क्षमः सुरगुरुप्रतिमोऽपि बुद्ध्या।
कल्पान्तकालपवनोद्धतनक्रचक्र
को वा तरीतुमलमंबुनिधिं भुजाभ्याम्॥४॥

કે’વા ગુણો ગુણનિધિ! તુજ ચંદ્રકાંત,
છે બુદ્ધિથી સુરગુરુસમ કો સમર્થ?
જ્યાં ઉછળે મગરમચ્છ મહાન વાતે,
રે કોણ તે તરી શકે જ સમુદ્ર હાથે? ૪.

**ભાવાર્થ** :—હે ગુણસમુદ્ર! બ્રહસ્પતિ સમાન બુદ્ધિ ધારણ કરવાવાળા પણ ચંદ્રમા જેવા આપના મનોહર ગુણોનું વર્ણન કરવા સમર્થ નથી તો મારા જેવા અલ્પજ્ઞાનીની તો વાત જ શી કરવી? હે નાથ! જે સમુદ્રમાં પ્રલયકાળના વાયુના કારણથી મગરમચ્છ આદિ ભયંકર જીવો પ્રચંડતા ધારણ કરી રહ્યા છે, તેવા સમુદ્રને પોતાના બેઉ હાથો દ્વારા કોણ તરી શકે? ૪.

**सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश!**
**कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः॥**
**प्रीत्यात्मवीर्यमविचार्य मृगी मृगेंद्रम्**
**नाभ्येति किं निजशिशोः परिपालनार्थम्॥५॥**

તેવો તથાપિ તુજ ભક્તિ વડે મુનીશ!
શક્તિરહિત પણ હું સ્તુતિને કરીશ;
પ્રીતે વિચાર બળનો તજી સિંહ સામે,
ના થાય શું મૃગી શિશુ નિજ રક્ષવાને? ૫.

**ભાવાર્થ** :—હે મુનીશ! મારામા આપની સ્તુતિ કરવાની શક્તિ નથી તોપણ હું આપની જે સ્તુતિ કરું છું એ કેવળ આપની ભક્તિને વશ થઈને કરું છું. પોતાની શક્તિનો વિચાર કર્યા વગર હરણી શું પોતાના બચ્ચાને સિંહથી બચાવવા તેની સામે થતી નથી? અર્થાત્ સામે થાય છે. ૫.

**अल्पश्रुतं श्रुतवतां परिहासधाम**
**त्त्वद्‌भक्तिरेव मुखरीकुरूते बलान्माम्॥**

यत्कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चाम्रचारूकलिकानिकरैकहेतुः ॥६॥

શાસ્ત્રજ્ઞ અજ્ઞ ગણીને હસતાં છતાંયે,
ભક્તિ તમારી જ મને બળથી વદાવે!
જે કોકિલા મધુર ચૈત્ર વિષે ઉચારે,
તે માત્ર આમ્રતરુમહોર તણા પ્રભાવે! ૬.

**ભાવાર્થ** :—પ્રભો! મારું શાસ્ત્રજ્ઞાન ઘણું થોડું છે તેથી વિદ્વાનો સમક્ષ હું હાંસીને પાત્ર છું તોપણ આપની ભક્તિ જ મને આપની સ્તુતિ કરવા બળાત્કારથી પ્રવર્તાવે છે. જેમ ચૈત્ર માસને વિષે આંબાના મહોરના પ્રભાવથી કોયલ મધુર શબ્દો ઉચ્ચારે છે તે પ્રમાણે આપની ભક્તિ જ મને આપની સ્તુતિ કરવાને પ્રેરે છે. ૬.

त्वत्संस्तवेन भवसन्ततिसन्निबद्धं
पापं क्षणात्क्षयमुपैति शरीरभाजाम् ॥
आक्रान्तलोकमलिनीलमशेषमाशु
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥७॥

બાંધેલ પાપ જનનાં ભવ સર્વ જેહ;
તારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ;
આ લોકવ્યાપ્ત નિશિનું ભમરા સમાન,
અંધારૂં સૂર્યકિરણોથી હણાય જેમ. ૭.

**ભાવાર્થ** :—નાથ! જેમ સૂર્યનાં કિરણોથી ત્રણ જગતમાં ફેલાયેલા ભમરા સમાન કાળો અંધકાર નષ્ટ થઈ જાય છે, તેમ આપની સ્તુતિ કરવાથી જન્મોજન્મમાં એકઠાં થયેલાં જીવોના પાપો ક્ષણભરમાં નષ્ટ થઈ જાય છે. ૭.

मत्वेति नाथ! तव संस्तवनं मयेद–
मारभ्यते तनुधियाऽपि तव प्रभावात्
चेतो हरिष्यति सतां नलिनीदलेषु
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥८॥

માનીજ તેમ સ્તુતિ નાથ! તમારી આ મેં,
આરંભી અલ્પમતિથી પ્રભુના પ્રભાવે;
તે ચિત્ત સજ્જન હરે જ્યમ બિંદુ પામે–
મોતી તણી કમળપત્ર વિષે પ્રભાને. ૮.

**ભાવાર્થ :—**હે નાથ! એવું સમજીને પણ ઓછી બુદ્ધિવાળો હોવા છતાં પણ હું જે આપની સ્તુતિ કરું છું એ પણ આપના પ્રભાવથી સજ્જનોના ચિત્ત તો હરણ કરશે જ; જેમકે કમળના પાંદડાં પર પડેલું પાણીનું ટીપું મોતી જેવું સુંદર દેખાઈને લોકોના ચિત્તને હરણ કરે છે. ૮.

आस्तां तव स्तवनमस्तसमस्तदोषं
त्वत्संकथापि जगतां दुरितानि हन्ति।
दूरे सहस्रकिरणः कुरूते प्रभैव
पद्माकरेषु जलजानि विकाश भाञ्जि॥९॥

દૂરે રહો રહિત દોષ સ્તુતિ તમારી,
ત્હારી કથા પણ અહો! જન–પાપહારી;
દૂર રહે રવિ તથાપિ તસ પ્રભાએ,
ખીલે સરોવર વિષે કમળો ઘણાંએ! ૯.

**ભાવાર્થ :—**પ્રભો! આપની નિર્દોષ સ્તુતિ તો ક્યાં રહી! આપની પવિત્ર કથાથી પણ જીવોને સંસારનાં બધાં પાપો નષ્ટ થઈ જાય છે. એ સાચી વાત છે કે સૂર્ય ઘણો દૂર હોવા છતાં તેનાં કિરણો સરોવરમાંનાં કમળોને પ્રફુલ્લિત કરે છે. ૯.

नात्यद्भूतं भुवनभूषण! भूतनाथ!
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः।
तुल्या भवन्ति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह नात्मसमं करोति॥१०॥

આશ્ચર્ય ના ભુવનભૂષણ! ભૂતનાથ!
રૂપે ગુણે તુજ સ્તુતિ કરનાર સાથ,
તે તુલ્ય થાય તુજની, ધનિકો શું પોતે,
પૈસે સમાન કરતા નથી આશ્રિતોને? ૧૦.

**ભાવાર્થ** :—હે સંસારના ભૂષણ! હે જીવોના સ્વામી! એ કાંઈ આશ્ચર્યની વાત નથી કે આપના સત્યાર્થ ગુણોની સ્તુતિ કરવાવાળા પુરુષો સંસારમાં આપના સમાન થાય; અથવા તે સ્વામીથી શું પ્રયોજન છે? કે જે આ લોકમાં પોતાના આશ્રિતોને સમ્પત્તિ વડે પોતાના બરાબર કરતા નથી. ૧૦.

दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः।
पीत्वा पयः शशिकरद्युतिदुग्धसिन्धोः
क्षारं जलं जलनिधेरसितुं क इच्छेत्॥११॥

જો દર્શનીય પ્રભુ એક ટસેથી દેખે,
સંતોષથી નહિ બીજે જન-નેત્ર પેખે;
પી ચન્દ્રકાન્ત પય ક્ષીરસમુદ્ર કેરૂં,
પીશે પછી જળનિધિ જળ કોણ ખારૂં? ૧૧.

**ભાવાર્થ** :—હે નાથ! એક્કી નજરે જોઈ રહેવા યોગ્ય આપનું સ્વરૂપ એકવાર જોયા પછી, માણસનાં નેત્ર બીજે કોઈ ઠેકાણે સંતોષ પામતા નથી કેમકે ચંદ્રના કિરણ જેવું ઉજ્જવળ ક્ષીરસાગરનું દૂધ જેવું જળ પીધા પછી સમુદ્રના ખારા પાણીને પીવાને કોણ ઇચ્છે? કોઈ જ નહીં. ૧૧.

यैः शान्तरागरूचिभिः परमाणुभिस्त्वं
निर्मापितस्त्रिभुवनैकललामभूत!
तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां
यत्ते समानमपरं नहि रुपमस्ति॥१२॥

જે શાંતરાગ રુચિનાં પરમાણુ માત્ર,
તે તેટલાં જ ભુવિ આપ થયેલ ગાત્ર;
એ હેતુથી ત્રિભુવને શણગાર રૂપ,
ત્હારા સમાન નહિ અન્યતણું સ્વરૂપ. ૧૨.

**ભાવાર્થ** :—હે, ત્રિભુવનના એક ભૂષણ! જે રાગ રહિત પરમાણુઓથી આપનું શરીર બન્યું છે, તે પરમાણુઓ સંસારમાં એટલા જ છે. તેથી જ સંસારમાં આપના સમાન સુંદર બીજું કોઈનું રૂપ હોતું જ નથી. ૧૨.

वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि
निःशेषनिर्जितजगत्त्रितयोपमानम्।
बिंबं कलङ्कमलिनं क्व निशाकरस्य
यद्वासरे भवति पाण्डुपलाशकल्पम्॥१३॥

ત્રૈલોક સર્વ ઉપમાને જે જીતનારું,
ને નેત્ર, દેવ–નર–ઉરગ હારી તારું,
ક્યાં મુખ ક્યાં વળી કલંકિત ચંદ્રબિંબ,
જે દિવસે પીળચટું પડી જાય ખૂબ. ૧૩.

**ભાવાર્થ** :—હે ગુણસમુદ્ર! દુનિયાની સર્વે ઉપમાને જીતવાવાળા, એવા સુંદર કે જેની ઉપમા દુનિયાના કોઈ પણ પદાર્થથી આપી શકાય નહીં; વળી જેને દેવ, મનુષ્ય, ધરણેંદ્ર વગેરેની આંખોને પોતાની તરફ આકર્ષિત કરવાવાળા પણ ઘણી ઉત્કંઠાથી જુએ છે એવું આપનું ત્રણ ભુવનમાં અતિ સુંદર મુખ ક્યાં અને કલંકિત ચંદ્રમા ક્યાં? કે જે દિવસમાં ફિક્કો પડી

જાય છે, શોભા રહિત થઈ જાય છે. (ઘણા લોકો આપના મુખને ચંદ્રમાની ઉપમા આપે છે, પણ એ બરાબર નથી, કારણ કે આપની શોભા સ્થાયી છે અને ચંદ્રમાની શોભા અસ્થાયી છે. એ સિવાય એ કલંકી છે ને આપ નિષ્કલંકી છો.) ૧૩.

**संपूर्णमंडलशशाङ्ककलाकलाप**
**शुभ्रा गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति।**
**ये संश्रितास्त्रिजगदीश्वरनाथमेकं**
**कस्तान्निवारयति संचरतो यथेष्टम् ॥१४॥**

સંપૂર્ણ ચંદ્રતણી કાન્તિ સમાન તારા,
રૂડા ગુણો ભુવન ત્રૈણ ઉલંઘનારા;
ત્રૈલોકનાથ તુજ આશ્રિત એક તેને,
સ્વેચ્છા થકી વિચરતાં કદિ કોણ રોકે? ૧૪.

**ભાવાર્થ :**—હે પ્રભો! પૂર્ણ ચંદ્રમાની કળાની માફક નિર્મળ એવા આપના ગુણો ફેલાઈ ગયા છે; કેમકે ત્રણે જગત્‌ના આપ એકલા જ સ્વામી છો તેથી આપના આશ્રયે રહેલા તે ગુણોને ઈચ્છા પ્રમાણે વર્તતાં કોણ અટકાવી શકે એમ છે? ૧૪.

**चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि—**
**र्नीतं मनागपि मनो न विकारमार्गम्।**
**कल्पान्तकालमरुता चलिताचलेन**
**किं मंदराद्रिशिखरं चलितं कदाचित् ॥१५॥**

આશ્ચર્ય શું પ્રભુતણા મનમાં વિકાર—
દેવાંગના ન કદિ લવી શકી લગાર;
સંહારકાળ પવને ગિરિ સર્વ ડોલે,
મેરુ ગિરિ શિખર શું કદિ તોય ડોલે? ૧૫.

**ભાવાર્થ** :—હે નાથ! દેવાંગના આપના મનમાં રંચમાત્ર વિકાર પેદા કરી શકી નહીં એ કંઈ આશ્ચર્યની વાત નથી જેમકે પ્રલય કાળના પવનથી અન્ય પર્વતો હલી શકે છે, પરંતુ સુમેરૂ પર્વતને ચલાયમન કરી શકાતો નથી. ૧૫.

**निर्धूमवर्तिरपवर्जिततैलपूरः**
**कृत्स्नं जगत्‌त्रयमिदं प्रकटीकरोषि।**
**गम्यो न जातु मरूतां चलिताचलानां**
**दीपोऽपरस्त्वमसि नाथ जगत्प्रकाशः॥१६॥**

ધૂમ્રે રહિત, નહિ વાટ, ન તેલવાળો,
ને આ સમગ્ર ત્રણ લોક પ્રકાશનારો;
ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે,
તું નાથ છો અપર દીપ જગત્પ્રકાશે. ૧૬.

**ભાવાર્થ** :—હે નાથ! આપ સમગ્ર સંસારને પ્રકાશિત કરવાવાળા અપૂર્વ દીપક છો, તે એ પ્રમાણે કે બીજા દીવાઓની બત્તીમાંથી ધૂમાડા નીકળે છે અને આપનો પ્રકાશ નિર્ધૂમ છે, ધૂમાડા વગરનો છે, પાપરહિત છે. બીજા દીવાઓમાં તેલની જરૂર રહે છે પરંતુ આપમાં તેની તેની જરૂર રહેતી નથી. બીજા દીવાઓ બહુ જ થોડી જગ્યા પ્રકાશિત કરે છે; જ્યારે આપ સમગ્ર ત્રણ લોકને પ્રકાશિત કરો છો; એ સિવાય બીજા દીવાઓ એક સાધારણ હવાની ઝપટથી બુઝાઈ જાય છે, પરંતુ આપના પ્રકાશને તો મોટા મોટા પર્વતો હલાવી નાંખે એવી હવા પણ કંઈ બગાડ કરી શકતી નથી. ૧૬.

**नास्तं कदाचिदुपयासि न राहुगम्यः।**
**स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति।**
**नांभोधरोदरनिरूद्धमहाप्रभावः**
**सूर्यातिशायिमहिमासि मुनींद्र! लोके॥१७॥**

ઘેરી શકે કદી ન રાહુ, ન અસ્ત થાય,
સાથે પ્રકાશ ત્રણ લોક વિષે કરાય;
તું હે મુનીંદ્ર, નહીં મેઘવડે છવાય,
લોકે પ્રભાવ રવિથી અદકો ગણાય. ૧૭.

**ભાવાર્થ :**—હે જિનેન્દ્ર! આપનો મહિમા સૂર્યથી પણ અતિ ઘણો છે. જુઓ, સૂરજને રાહુ ગ્રહણ કરી ઘેરી શકે છે, પરંતુ આપને તે ગ્રહણ કરી શકતો નથી. સૂર્ય તો દિવસમાં ક્રમક્રમથી તથા મધ્ય લોકમાં જ પ્રકાશ કરે છે. પરંતુ આપ તો સદા, એકસાથે ત્રણ જગતને પ્રકાશિત કરો છો. સૂર્યનાં તેજને વાદળ ઢાંકી દે છે, પરંતુ આપના પ્રભાવને તો કોઈ ઢાંકી શકતું નથી. ૧૭.

**नित्योदयं दलितमोहमहांधकारम्**
**गम्यं न राहुवदनस्य न वारिदानाम्।**
**विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति,**
**विद्योतयज्ञगदपूर्वशशांकबिम्बम्** ।।१८।।

મોહાંધકાર દળનાર સદા પ્રકાશી,
રાહુ મુખે ગ્રસિત ના, નહિ મેઘરાશી;
શોભે તમારું મુખપદ્મ અપાર રૂપે,
જેવો અપૂર્વ શશિ લોક વિષે પ્રકાશે. ૧૮.

**ભાવાર્થ :**—હે નાથ! આપનું અત્યંત કાંતિવાન મુખકમળ આખા સંસારને પ્રકાશિત કરવાવાળા અપૂર્વ ચંદ્રમા સમાન છે, ચંદ્રમાથી પણ તે અધિકતર છે કારણ કે ચંદ્રમાનો ઉદય નિરંતર રહેતો નથી પરંતુ આપનું મુખચંદ્ર સદા ઉદીત–ઉજ્જ્વળ જ રહે છે. ચંદ્રમા અંધકાર નષ્ટ કરી શકે છે પરંતુ–મોહાંધકાર નષ્ટ કરી શકતો નથી ને આપનું મુખચંદ્ર તો બન્નેને નષ્ટ કરવાવાળું છે. ચંદ્રમાને રાહુ અને મેઘ દબાવી શકે છે પરંતુ આપના મુખ-ચંદ્રને કોઈ કંઈ કરી શકતું નથી. ૧૮.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**किं शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा**
**युष्मन्मुखेंदुदलितेषु तमःसु नाथ।**
**निष्पन्नशालिवनशालिनि जीवलोके,**
**कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः॥१९॥**

શું રાત્રિમાં શશિ થકી દિવસે રવિથી,
અંધારું તુજ મુખચંદ્ર હરે પછીથી;
શાલી સુશોભિત રહી નીપજી ધરામાં,
શી મેઘની ગરજ હોય જ આભલામાં. ૧૯.

**ભાવાર્થ** :—પ્રભો! જો આપનું મુખ-ચંદ્ર જ અંધકારને નષ્ટ કરે છે તો રાત્રે ચંદ્રમા અને દિવસે સૂર્યનું કામ શું છે? જેમ કે સંસારમાં, ધાન્ય પાકી ગયા પછી-ખેતરમાં પાક પાકી ગયા પછી પાણીના ભરેલા વાદળોથી કંઈ લાભ નથી. ૧૯.

**ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं**
**नैवं तथा हरिहरादिषु नायकेषु**
**तेजः स्फुरन्मणिषु याति यथा महत्वं**
**नैवं तु काचशकले किरणाकुलेऽपि॥२०॥**

શોભે પ્રકાશ કરી જ્ઞાન તમો વિષે જે,
તેવું નહીં હરિહરાદિકના વિષે તે;
રત્નો વિષે સ્ફુરિત તેજ મહત્વ ભાસે,
તેવું ન કાચ કટકે ઉજળે જણાશે. ૨૦.

**ભાવાર્થ** :—હે નાથ! લોક અને પરલોકનો પ્રકાશક જે જ્ઞાન પરિપૂર્ણ રીતે આપને પ્રાપ્ત થયું છે તેવું હરિહર, બ્રહ્મા ઈત્યાદિક દેવોને વિષે પ્રાપ્ત થયું નથી કેમ કે પ્રકાશમાન મહામણિના સમૂહને વિષે જેવું તેજનું પ્રાબલ્ય છે તેવું તેજ કાચના કકડાને વિષે જણાતું જ નથી. ૨૦.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

मन्ये वरं हरिहरादय एव दृष्टा
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति।
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन्मनो हरति नाथ भवांतरेऽपि॥२१॥

માનું રૂડું હરિહરાદિકને દીઠા તે,
દીઠે છતે હૃદય આપ વિષે ઠરે છે;
જોવા થકી જગતમાં પ્રભુનો પ્રકાશ,
જન્માન્તરે ન હરશે મન કોઈ નાથ. ૨૧.

**ભાવાર્થ :**—હે પ્રભો! હરીહર, બ્રહ્મા આદિ દેવો મારી દૃષ્ટિએ પડ્યા એ સારું જ થયું છે, કેમ કે આપને જોવાથી મારું હૃદય સંતોષ પામ્યું છે એનું કારણ એ છે કે એ દેવો રાગ–દ્વેષ સહિત છે, અને આપ રાગદ્વેષ રહિત વીતરાગ છો. માટે હે નાથ! આ લોકમાં આપને જોવાથી મને લાભ થયો છે તે એટલો જ કે ભવાન્તરને વિષે પણ અન્ય કોઈ દેવ મારું મન હરણ કરી શકનાર નથી.

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रा-
न्नान्या सुतं त्वदुपमं जननी प्रसूता।
सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं
प्राच्येव दिग्जनयति स्फुरदंशुजालम्॥२२॥

સ્ત્રી સેંકડો પ્રસવતી કદિ પુત્ર ઝાઝા,
ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા;
તારા અનેક ધરતી જ દિશા બધીય,
તેજે સ્ફુરિત રવિને પ્રસવે જ પૂર્વ. ૨૨.

**ભાવાર્થ :**—જેમ તારાઓના સમૂહોને સર્વે દિશાઓ ધારણ કરે છે પણ તેજસ્વી સૂર્યને તો માત્ર પૂર્વ દિશા જ જન્મ આપે છે; તેમજ સેંકડો

સ્ત્રીઓ ઘણાએ પુત્રોને જન્મ આપે છે; છતાં આપના સમાન પુત્રને તો બીજી કોઈ જનેતા ઉત્પન્ન કરતી જ નથી. ૨૨.

**त्वामामनंति मुनयः परमं पुमांस–**
**मादित्यवर्णममलं तमसः पुरस्तात्।**
**त्वामेव सम्यपुगलभ्य जयन्ति मृत्युं**
**नान्यः शिवः शिवपदस्य मुनींद्रपंथाः ॥२३॥**

માને પરંપુરુષ સર્વ મુનિ તમોને,
ને અંધકાર સમીપે રવિ શુદ્ધ જાણે;
પામી તને સુરીત મૃત્યુ જીતે મુનીંદ્ર,
છે ના બીજો કુશળ મોક્ષ તણો જ પંથ. ૨૩.

**ભાવાર્થ :**—હે મુનીંદ્ર! આપને મુનિઓ પરમ પુરુષ માને છે. આપ અંધકાર વિનાના હોઈ અથવા અંધકાર અર્થાત્ જ્ઞાનાવરણી આદિ કર્મો આપે નષ્ટ કરી દીધેલા હોવાથી તથા કેવળજ્ઞાન અવસ્થામાં ભામંડળ સમાન તેજસ્વી હોવાથી સૂર્ય સમાન તેજસ્વી કહેવાઓ છો. આપ જ અમલ–રાગદ્વેષ રહિત હોવાથી નિર્મળ કહેવાઓ છો. અને મન, વચન, કાયાની શુદ્ધિથી આપનું આરાધન કરીને લોકો મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરે છે. હે નાથ! સાચું તો એ છે કે આપને સમ્યક્ પ્રકારે પામ્યા વિના બીજો કોઈ મોક્ષનો શ્રેષ્ઠ માર્ગ છે જ નહીં. ૨૩.

**त्वामव्ययं विभुमचिंत्यमसंख्यमाद्यं**
**ब्रह्माणमीश्वरमनंतमनंगकेतुम्।**
**योगीश्वरं विदितयोगमनेकमेकं**
**ज्ञानस्वरूपममलं प्रवदंति संतः ॥२४॥**

તું આદ્ય, અવ્યય, અચિંત્ય, અસંખ્ય, વિભુ
છે બ્રહ્મા, ઈશ્વર, અનંત, અનંગકેતુ;

યોગીશ્વરં, વિદિત યોગ, અનેક એક,
કે'છે, તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત. ૨૪.

**ભાવાર્થ :**—પ્રભો! આપના અનંતજ્ઞાનાદિસ્વરૂપ આત્માનો કદિ નાશ હોતો નથી તેથી યોગીજન આપને 'અવ્યય' કહે છે. આપનું જ્ઞાન ત્રણે લોકમાં વ્યાપ્ત છે તેથી આપને 'વિભુ વ્યાપક અથવા સમર્થ કહે છે. આપનું સ્વરૂપ કોઈ ચિંતવન કરી શકતા નથી તેથી આપને 'અચિંત્ય' કહે છે. આપના ગુણોની સંખ્યા નહીં હોવાથી આપને 'અસંખ્ય' કહે છે. એવી રીતે સત્પુરુષો અનેક વિશેષણોથી જ્ઞાનના સાક્ષાત્ સ્વરૂપે વર્ણવી આપને નિર્મળ કહે છે. હે પ્રભો! આપ કર્મોનો નાશ કરી સિદ્ધ થયા છો. અને આપ અનાદિ મુક્ત નથી તેથી આપને 'આદ્ય' કહે છે અથવા યુગની આદિમાં આપે કર્મભૂમિની રચના કરી, અને ચોવીશ તીર્થંકરોમાં આદ્ય તીર્થંકર છો તેથી આપને 'આદ્ય' કહે છે. સઘળા કર્મોથી આપ રહિત છો અથવા આનંદમય છો તેથી આપને 'બ્રહ્મા' કહે છે. આપ કૃતકૃત્ય છો તેથી આપને 'ઈશ્વર' કહે છે. અનંતજ્ઞાન, અનંતદર્શનાદિથી આપ યુક્ત છો અથવા અનીશ્વર છો તેથી આપને 'અનંત' કહે છે. સંસારનું કારણ જે કામ તેને આપ નાશ કરનાર છો તેથી આપને 'અનંગકેતુ' કહે છે. યોગી અર્થાત્ સામાન્ય કેવળી યા મન, વચન, કાયાના વ્યાપારને જીતવાવાળા જે મુનિજન છે તેના આપ સ્વામી છો તેથી આપને 'યોગીશ્વર' કહે છે. આપથી ચઢિયાતું બીજું કોઈ નથી તેથી આપને 'એક' કહે છે. આપ કેવળજ્ઞાનસ્વરૂપ છો. અર્થાત્ સમગ્ર કર્મોનો ક્ષય કરીને આપ ચિત્તસ્વરૂપ થયા છો, તેથી આપને 'જ્ઞાનસ્વરૂપ' કહે છે. આપ કર્મ મલ રહિત છો તેથી આપને 'અમલ' કહે છે. ૨૪.

बुद्धस्त्वमेवविबुधार्चितबुद्धिबोधा—
त्त्वं शंकरोऽसि भुवनत्रयशंकरत्वात्।
धातासि धीर! शिवमार्गविधेर्विधानाद्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि॥२५॥

છો બુદ્ધિ બોધથકી હે સુરપૂજ્ય બુદ્ધ,
છો લોકને સુખદ શંકર તેથી શુદ્ધ;
છો મોક્ષમાર્ગ વિધિ ધારણાથી જ ધાતા,
છો સ્પષ્ટ આપ પુરુષોત્તમ સ્વામી ત્રાતા. ૨૫.

**ભાવાર્થ** :—પ્રભો! આપના કેવળજ્ઞાનની ગણધરો તથા સ્વર્ગના દેવોએ પૂજા કરી છે તેથી આપ જ સાચા 'બુદ્ધ' છો પરંતુ જેઓ ક્ષણિકવાદી છે, સંસારના પદાર્થોને ક્ષણિક બતાવે છે, વળી તેમનામાં કેવળજ્ઞાન ન હોવાથી વસ્તુસ્વરૂપને ઠીકઠીક જાણતા નથી તેથી તેઓ સાચા બુદ્ધ નથી. આપ ત્રણ લોકનું કલ્યાણ કરવાવાળા, સુખ આપવાવાળા છો તેથી આપ જ સાચા 'શંકર' છો. વળી આપ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ સત્યાર્થ મોક્ષમાર્ગનો ઉપદેશ આપો છો તેથી આપ જ સાચા 'બ્રહ્મા' છો. નાથ! આપ જ સાક્ષાત્ 'પુરુષોત્તમ' અર્થાત્ પુરુષ–શ્રેષ્ઠ શ્રી નારાયણ છો. ૨૫.

**तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ!**
**तुभ्यं नमः क्षितितलामलभूषणाय।**
**तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय**
**तुभ्यं नमो जिन! भवोदधिशोषणाय।।२६।।**

ત્રૈલોક દુઃખહર નાથ! તને નમોસ્તુ,
તું ભૂતળે અમલભૂષણને નમોસ્તુ;
ત્રલોકના જ પરમેશ્વરને નમોસ્તુ,
હે જિન શોષક ભવાબ્ધિ! તને નમોસ્તુ. ૨૬.

**ભાવાર્થ** :—હે નાથ! આપ જ ત્રણે ભુવનોના જીવોના દુઃખ નાશ કરવાવાળા છો, પૃથ્વીના એક અત્યંત સુંદર ભૂષણ છો અને સંસારરૂપ સમુદ્રને સુકાવવાવાળા છો અર્થાત્ ભવ્ય જીવોને મોક્ષ પ્રાપ્ત કરાવવાવાળા છો તેથી આપને મારા નમસ્કાર હો. ૨૬.

को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै–
स्त्वं संश्रितो निरवकाशतया मुनीश।
दोषैरुपात्तविविधाश्रयजातगर्वैः,
स्वप्नांतरेऽपि न कदाचिदपीक्षितोऽसि।।२७।।

આશ્ચર્ય શું ગુણ જ સર્વ કદિ મુનીશ,
તારો જ આશ્રય કરી વસતા હંમેશ;
દોષો ધરી વિવિધ આશ્રય ઉપજેલા,
ગર્વાદિકે ન તમને સ્વપને દીઠેલા. ૨૭.

**ભાવાર્થ** :—હે મુનીંદ્ર! તમામ ગુણો જ તમારામાં પરિપૂર્ણ રીતે આશ્રય કરીને રહેલા છે એમાં શું આશ્ચર્ય છે? કેમકે અનેક સ્થળે આશ્રય મળવાથી જેમને ગર્વ ઉત્પન્ન થયેલો છે, એવા ગર્વાદિદોષો તો આપને વિષે સ્વપ્નાંતરે પણ જોયેલા જ નથી. ૨૭.

उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख–
माभातिरुपममलं भवतो नितांतम्।
स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं
बिंबं रवेरिव पयोधरपार्श्ववर्ति।।२८।।

ઊંચા અશોકતરુ આશ્રિત કીર્ણ ઊંચ,
અત્યંત નિર્મળ દીસે પ્રભુ આપ રૂપ;
તે જેમ મેઘ સમીપે રહી સૂર્યબિંબ;
શોભે પ્રસારી કિરણો હણીને તિમિર. ૨૮.

**ભાવાર્થ** :—હે જિનેશ્વર! જેનાં કિરણો ઉપરની તરફ ફેલાઈ રહ્યાં છે, એવું આપનું ઉજ્જ્વલ શરીર, ઊંચા અશોક વૃક્ષની નીચે બહુ સુંદર દેખાય છે માનો, જેનાં કિરણો સર્વે દિશાઓને પ્રકાશિત કરી રહ્યા છે અને અંધકારનો સર્વથા નાશ કરે છે એવો સૂર્ય પણ મેઘોની આસપાસ શોભે તેમ આપ શોભી રહ્યા છો. ૨૮.

सिंहासने मणिमयूखशिखाविचित्रे,
विभ्राजते तव वपुः कनकावदातम्।
बिंम्बं वियद्विलसदंशुलतावितानं,
तुंगोदयाद्रिशिरसीव सहस्त्ररश्मेः॥२९॥

સિંહાસને મણિ તણા કિરણે વિચિત્ર,
શોભે સુવર્ણ સમ આપ શરીર ગૌર;
તે સૂર્ય–બિંબ ઉદયાચળ શિર ટોચે,
આકાશમાં કિરણ જેમ પ્રસરી શોભે. ૨૯.

**ભાવાર્થ** :—હે ભગવન્! જેવી રીતે ઉદયાચળ પર્વતની ઉપર આકાશને વિષે પ્રકાશમાન કિરણો રૂપી લતાઓના સમૂહ વડે સૂર્યનું બિંબ શોભે છે તેવી જ રીતે હે જિનેન્દ્ર! મણીઓના કિરણોની પંક્તિઓ વડે કરીને વિચિત્ર દેખાતા સિંહાસન પર સુવર્ણ જેવું મનોહર આપનું શરીર અત્યંત શોભે છે. ૨૯.

कुंदावदातचलचामरचारुशोभं,
विभ्राजते तव वपुः कलधौतकान्तम्।
उद्यच्छशांकशुचिनिर्झरवारिधार–
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौंभम्॥३०॥

ધોળાં ઢળે અમરકુંદ સમાન એવું,
શોભે સુવર્ણમય રમ્ય શરીર તારું;
તે ઉગતા શશિસમા જળ ઝર્ણ ધારે,
મેરુ તણા કનકના શિર પેઠ શોભે. ૩૦.

**ભાવાર્થ** :—જેમ ઉદય પામેલા ચંદ્રમાના જેવી નિર્મળ પાણીના ઝરણની ધારાઓ વડે, મેરૂ પર્વતનું સુવર્ણમય ઊંચું શિખર શોભી રહે છે, તેમ મોગરાના પુષ્પ જેવા ધોળા (ફરતા) વીંજાતા ચામરો વડે, સોનાના જેવું મનોહર, આપનું શરીર શોભી રહેલ છે. ૩૦.

छत्रत्रयं तव विभाति शशांककांत–
मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्धशोभं
प्रख्यापयन्त्रिजगतः परमेश्वरत्वम् ॥३१॥

ઢાંકે પ્રકાશ રવિનો, શશિતુલ્ય રમ્ય,
મોતી સમૂહ રચનાથી દીપાયમાન;
એવાં પ્રભુજી તમને ત્રણ છત્ર શોભે,
ત્રૈલોકનું અધિપતિપણું તે જણાવે. ૩૧.

**ભાવાર્થ** :—હે ભગવાન્! તારા સહિત ચંદ્રમા જેવા મનોહર, સૂર્યનાં કિરણના તાપનું નિવારણ કરનાર અને મોતીઓના સમૂહની રચનાથી શોભાયમાન, એવા આપના ઉપર રહેલાં ત્રણ છત્રો શોભી રહ્યાં છે તે જાણે જગતમાં આપનું અધિપતિપણું જાહેર કરતાં હોય એમ શોભે છે. ૩૧.

गंभीरताररवपूरितदिग्विभाग–
स्त्रैलोक्यलोकशुभसंगमभूतिदक्षः ।
सद्धर्मराजजयघोषणघोषकः सन्,
खे दुंदुभिर्ध्वनति ते यशसः प्रवादी ॥३२॥

ગંભીર ઊંચ સ્વરથી પુરી છે દિશાઓ,
ત્રૈલોકને સરસ સંપદ આપનારો;
સદ્ધર્મરાજ જયને કથનાર ખુલ્લો,
વાગે છે દુંદભી નભે યશવાદી તારો. ૩૨.

**ભાવાર્થ** :—હે નાથ! જેણે પોતાના ગંભીર અને મનોહર શબ્દો વડે દિશાઓને શબ્દમય કરી દીધી છે, ત્રિભુવનના પ્રાણીઓને ઉત્તર વસ્તુઓ પ્રાપ્ત કરાવવામાં સમર્થ છે, જે સદ્ધર્મરાજ અર્થાત્ પરમ ભટ્ટારક, તીર્થંકર ભગવાનની સંસારમાં જયઘોષણા કરી રહ્યા છે, અર્થાત્ એ બતાવી

રહ્યા છે કે પવિત્ર ધર્મના અધિશ્વર અને પ્રવર્તક આપ જ છો એવી રીતે આપનો જે સુયશ પ્રગટ કરી રહ્યા છે તેના દુંદુભિ આકાશને વિષે જયઘોષણા કરી તેની ગર્જના કરી રહ્યા છે. ૩૨.

**मंदारसुंदरनमेरुसुपारिजात–**
**सन्तानकादिकुसुमोत्करवृष्टिरुद्धा।**
**गंधोदबिंदुशुभमंदमरुत्प्रपाता**
**दिव्या दिवः पतति ते वचसां ततिर्वा॥३३॥**

મંદાર સુંદર નમેરુજ પારિજાતે,
સંતાનકાદિ ફુલની બહુ વૃષ્ટિ ભારે;
પાણીકણે સુરભિ મંદ સમીર પ્રેરે,
શું દિવ્ય વાણી તુજ સ્વર્ગ થકી પડે તે. ૩૩.

**ભાવાર્થ** :—મંદાર, સુંદર નમેરૂ, પારિજાત અને સંતાનક ઈત્યાદિ કલ્પવૃક્ષોના ફૂલોની જે દિવ્ય વૃષ્ટિ, સુગંધદાર પાણીના બિંદુઓ વડે શીતળ અને મંદ વાયુએ પ્રેરાયેલી, સ્વર્ગમાંથી ઘણી જ પડે છે. તે જાણે આપના દિવ્યધ્વનિની માળા જ પડતી હોય એમ શું નથી? ૩૩.

**शुंभत्प्रभावलयभूरिविभा विभोस्ते**
**लोकत्रये द्युतिमतां द्यतिमाक्षिपन्ती।**
**प्रोद्यद्दिवाकरनिरंतरभूरिसंख्या**
**दीप्त्या जयत्यपि निशामपि सोमसौम्याम्॥३४॥**

શોભે વિભો પ્રસરતી તુજ કાન્તિ હારે,
ત્રૈલોકના દ્યુતિ સમૂહની કાન્તિ ભારે;
તે ઉગતા રવિસમી બહુ છે છતાંયે,
રાત્રિ જીતે શીતલ ચંદ્ર સમાન તેજે. ૩૪.

**ભાવાર્થ** :—હે પ્રભુ! ત્રિભુવનના બધા કાન્તિવાન પદાર્થોની

કાન્તિને જીતવાવાળી, આપની તેજસ્વી પ્રભામંડળની અનંત પ્રભા ત્રણે જગતના તેજસ્વી પદાર્થોના તેજને ઝાંખું પાડે છે તે આપની કાન્તિ એકસાથ ઉગેલા અનેક સૂર્યોની માફક તેજસ્વી છે, અને ચંદ્રના જેવી શીતળ ચાંદની રાતને પણ પરાજિત કરે તેવી છે અર્થાત્ આપની પ્રભા સૂર્યથી પણ અધિક તેજસ્વી હોવાથી લોકોને સંતાપ કરતી નથી અર્થાત્ તે બહુ જ શીતળ છે. ૩૪.

**स्वर्गापवर्गगममार्गविमार्गणेष्टः**
**सद्‌ धर्मतत्त्वकथनैकपटुस्त्रिलोक्याः।**
**दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व–**
**भाषास्वभावपरिणामगुणैः प्रयोज्यः॥३५॥**

જે સ્વર્ગ-મોક્ષસમ માર્ગ જ શોધી આપે,
સદ્ધર્મ તત્ત્વકથવે પટુ ત્રૈણ લોકે;
દિવ્યધ્વનિ તુજ થતો વિશદાર્થ સર્વ,
ભાષા-સ્વભાવ-પરિણામ ગુણોથી યુક્ત. ૩૫.

**ભાવાર્થ :**—હે નાથ! સ્વર્ગ અને મોક્ષના માર્ગને બતાવનારા તથા ત્રિભુવનના લોકોને શ્રેષ્ઠ ધર્મ તત્ત્વનો ઉપદેશ કરવામાં સમર્થ આપની દિવ્યધ્વનિ સ્વભાવથી જ બધી ભાષાઓમાં પરિણમી જાય છે તેથી સંસારના બધા પ્રાણીઓ પોતપોતાની ભાષાઓમાં તેને વિસ્તારપૂર્વક સમજી જાય છે એ આપનો અચિંત્ય પ્રભાવ છે. ૩૫.

**उन्निद्रहेमनवपंकजपुंजकांती—**
**पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ।**
**पादौ पदानी तव यत्र जिनेंद्र धत्तः**
**पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति॥३६॥**

ખીલેલ હેમ કમળો સમ કાન્તિવાળા,
ફેલી રહેલ નખ–તેજ થકી રૂપાળા;

એવા જિનેન્દ્ર તુમ પાદ ડગો ભરે છે,
ત્યાં કલ્પના કમળની વિબુધો કરે છે. ૩૬

**ભાવાર્થ :**—હે જિનેન્દ્ર! સુવર્ણના નવા ખીલેલાં કમળોના સમૂહની કાન્તિ જેવી પ્રસરી રહેલા નખોના કિરણોની પંક્તિ વડે જે સુંદર દેખાય છે એવા આપના ચરણો પૃથ્વી ઉપર જ્યાં જ્યાં આપ ધરો છો, તે તે ઠેકાણે દેવો સુવર્ણકમળની રચના કરે છે. ૩૬.

**इत्थं यथा तव विभूतिरभूज्जिनेंद्र!**
**धर्मोपदेशनविधौ न तथा परस्य।**
**याद्दक्प्रभा दिनकृतः प्रहतांधकारा**
**ताद्दक्कुतो ग्रहगणस्य विकाशिनोऽपि।।३७।।**

એવી જિનેન્દ્ર થઈ જે વિભૂતિ તમોને,
ધર્મોપદેશ સમયે નહિ તે બીજાને;
જેવી પ્રભા તિમિરહારી રવિતણી છે,
તેવી પ્રકાશિત ગ્રહોની કદિ બની છે? ૩૭.

**ભાવાર્થ :**—હે જિનેન્દ્ર! સમવસરણ વખતે જે પ્રકારની સંપત્તિઓ ધર્મનો ઉપદેશ કરતી વખતે આપને પ્રગટ થઈ તેવી અન્ય દેવો પૈકી કોઈને કદી પણ થઈ નહીં. એ સાચું છે કે ગાઢ અંધકારનો નાશ કરવાવાળા સૂર્યની પ્રભા જેવી પ્રભા નક્ષત્રોની થતી નથી. ૩૭.

**श्च्योतन्मदाविलविलोलकपोलमूल—**
**मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम्।**
**ऐरावताभमिमुद्धतमापतंतं,**
**दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम्।।३८।।**

વ્હેતા મદે મલિન ચંચળ શિર તેવો,
ગુંજારવે ભ્રમરના બહુ ક્રોધી એવો;

ઐરાવતે તુલિત ઉદ્ધત હાથી સામે,
આવેલ જોઈ તુમ આશ્રિત ભો ન પામે. ૩૮.

**ભાવાર્થ** :—જેનું ગંડસ્થળ ઝરતા મદ વડે કરીને ખરડાયેલું છે, વળી જે માથું ધુણાવ્યા કરે છે અને તેની આજુબાજુ ભમતા ઉન્મત્ત ભમરાઓના ગુંજારવ વડે જેનો કોપ વૃદ્ધિને પામેલો છે, એવો જે ઉદ્ધત ઐરાવત હાથી પણ જો કદાચ સામો આવે તોપણ તેને દેખીને આપનો જે આશ્રિત હોય છે તેને ભય ઉપજતો નથી. ૩૮.

**भिन्नेभकुंभमगलदुज्वलशोणिताक्त—**
**मुक्ताफलप्रकरभूषितभूमिभागः।**
**बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि,**
**नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते॥३९॥**

ભેદી ગજેન્દ્ર શિર શ્વેત રુધિરવાળા,
મોતી સમૂહ થકી ભૂમિ દીપાવી એવા;
દોડેલ સિંહ તણી દોટ વિષે પડે જે,
ના તુજ પાદ–ગિરિ આશ્રયથી મરે તે. ૩૯.

**ભાવાર્થ** :—જેણે હાથીઓના કુંભસ્થળ છેદીને (તેમાં છેદ પાડીને) તેમાંથી ગળતાં ઉજ્જ્વળ અને લોહીથી ખરડાયલા મોતી વડે પૃથ્વી શોભાવી છે; એવા બળવાન દોડતા સિંહના અડફટમાં જો માણસ આવી પડ્યો હોય તો તે પણ જો આપના ચરણરૂપી પર્વતનો આશ્રય લે તો તેને સિંહ પણ મારી શકતો નથી–આક્રમણ કરી શકતો નથી–પંજામાં લઈ શકતો નથી. ૩૯.

**कल्पांतकालपवनोद्धतवह्निकल्पं,**
**दावानलं ज्वलितमुज्ज्वलमुत्स्फुलिंगम्।**
**विश्वं जिघत्सुमिव संमुखमापतंतं**
**त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम्॥४०॥**

જે જોરમાં પ્રલયના પવને થયેલો,
ઓઢા ઉડે બહુ જ અગ્નિ દવે ધીકેલો;
સંહારશે જગત સન્મુખ તેમ આવે,
તે તુજ કીર્તનરૂપી જળ શાંત પાડે. ૪૦.

**ભાવાર્થ** :—જો પ્રલયકાળના પવનથી ઉદ્ધત થયેલો અગ્નિ જેની અંદરથી ઘણા તણખા ઉડે છે અને ઘણા જ પ્રકાશવાળો છે એવો દાવાનળ વનનો અગ્નિ જાણે જગતને બાળી નાંખવાની ઈચ્છા કરતો હોય નહીં, તેવો જોરમાં સળગતો સળગતો અગ્નિ સન્મુખ આવે તો તેને પણ આપના નામનું કીર્તન–સ્તવન રૂપી જળ સમગ્ર રીતે બુઝાવી નાંખે છે. ૪૦.

**रक्तेक्षणं समदकोकिलकंठनीलं,**
**क्रोधोद्धतं फणिनमुत्फणमापतंतम् ।**
**आक्रामति क्रमयुगेन निरस्तशंक–**
**स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ।।४१।।**

જે રક્ત–નેત્ર, પીકકંઠ સમાન કાળો,
ઊંચી ફણે સરપ સન્મુખ આવનારો;
તેને નિ:શંક જન તેહ ઉલંઘી ચાલે,
ત્વં નામ નાગદમની દિલ જેહ ધારે. ૪૧.

**ભાવાર્થ** :—લાલચોળ આંખોવાળા મદોન્મત્ત અને કોયલના કંઠ જેવો કાળો અને ક્રોધે કરીને છંછેડાયેલો એવો સર્પ ઊંચી ફેણ કરીને સામો ધસી આવતો હોય તેને પણ, જે માણસની પાસે આપના નામરૂપી નાગદમની ઔષધિ હોય તો તે માણસ નિશંકપણે તેને ઓળંગી જાય છે—એવો સાપ પણ આપના ભક્તને કરડી શકતો નથી. ૪૧.

**वल्गत्तुरंगगजगर्जितभीमनाद–**
**माजौ बलं बलवतामपि भूपतीनाम् ।**

**उद्यद्दिवाकरमयुखशिखापविद्धं,**
**त्वत्कीर्तनात्तम ईवाशु भिदामुपैति॥४२॥**

નાચે તુરંગ ગજ શબ્દ કરે મહાન,
એવું રણે નૃપતિનું બળવાન સૈન્ય;
ભેદાય છે તિમિર જેમ રવિ કરેથી,
છેદાય શીઘ્ર ત્યમ તે તુજ કીર્તનેથી. ૪૨.

**ભાવાર્થ** :—જેની અંદર ઘોડાઓ કૂદી રહ્યા છે અને હાથીઓની ગર્જનાના ભયાનક શબ્દો ગૂંજી રહ્યા છે. એવા રણને વિષે રહેલા બળવાન રાજાના સૈન્યને પણ, જેમ ઉદય પામેલા સૂર્યનાં કિરણોની શિખાઓ વડે, અંધકારનો નાશ કરી શકાય છે તેવી રીતે આપના કીર્તનથી અને ભક્તિથી જીતી શકાય છે. ૪૨.

**कुंताग्रभिन्नगजशोणितवारिवाह–**
**वेगावतारतरणातुरयोधभीमे,**
**युद्धे जयं विजितदुर्जयजेयपक्षा–**
**स्त्वत्पादपंकजवनाश्रयिणो लभंते॥४३॥**

બર્છી થકી હણિત હસ્તિ રૂધિર વ્હે છે,
યોદ્ધા પ્રવાહ થકી આતુર જ્યાં તરે છે;
એવા યુદ્ધે અજીત શત્રુ જીતેજનો તે–
ત્વત્પાદપંકજરૂપી વન શર્ણ લે જે. ૪૩.

**ભાવાર્થ** :—ભાલાઓની અણીઓ વડે છેદાઈ ગયેલા હાથીઓના રૂધિરનો પ્રવાહ જ્યાં આગળ વહે છે અને જ્યાં તે પ્રવાહની અંદર યોદ્ધાઓ તરવામાં આતુર થઈ ગયા છે એવા ભયાનક યુદ્ધને વિષે, જેને આપના ચરણકમળરૂપી વનનો આશ્રય હોય છે તેઓ અજિત શત્રુઓને પણ જીતી શકે છે. ૪૩.

**अंभोनिधौ क्षुभितभीषणनक्रचक्र–**
**पाठीनपीठभयदोल्वणवाडवाग्नौ।**
**रंगतरंगशिखरस्थितयानपात्रा–**
**स्त्रासं विहाय भवतः स्मरणाद् वृजन्ति।।४४।।**

જ્યાં ઉછળે મગરમચ્છ તરંગ ઝાઝા,
ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા;
એવા જ સાગર વિષે સ્થિત નાવ જે છે,
તે નિર્ભયે તુજ તણા સ્મરણે તરે છે. ૪૪.

**ભાવાર્થ** :—ભયંકર મગમચ્છ આદિ જળચર પ્રાણીઓ જેની અંદર ઉછળી રહ્યા છે અને ભયાનક વડવાગ્નિ જેની અંદર વસે છે એવા ભયંકર સાગર મધ્યે વહાણમાંનાં માણસો આવી પડેલા હોય છે તે પણ આપના સ્મરણથી નિર્ભયપણે જોખમાયા વગર તરીપાર જઈ શકે છે. ૪૪.

**उद्भूतभीषणजलोदरभारभुग्नाः**
**शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः।**
**त्वत्पादपंकजरजोऽमृतदिग्धदेहा**
**मर्त्या भवंति मकरध्वजतुल्यरुषाः।।४५।।**

જે છે નમ્યા ભયદ રોગ જલોદરેથી
પામ્યા દશા દુઃખદ આશ ન દેહે તેથી;
ત્વત્પાદ–પદ્મ રજ અમૃત નિજ દેહે
ચોળે બને મનુજ કામ સમાન રૂપે. ૪૫.

**ભાવાર્થ** :—પ્રભો! જે માણસો ભયંકર જળોદર વગેરે દર્દના ભારથી દુઃખી થઈ ગયા છે, અને જેમની સ્થિતિ અત્યંત શોચનીય થઈ ગઈ છે અથવા જેઓ પોતાના જીવનથી સર્વથા નિરાશ થઈ ગયા છે એવા મનુષ્યો પણ આપના ચરણકમળોની રજ–ધૂળ પણ પોતાના શરીર પર લગાડવાથી કામદેવ જેવા સુંદર થઈ જાય છે. ૪૫.

आपादकंठमुरुशृंखलवेष्टितांगा
गाढं बृहन्निगडकोटिनिघृष्टजंघाः।
त्वन्नाममंत्रमनिशं मनुजाः स्मरंतः
सद्यः स्वयं विगतबंधभया भवंति।।४६।।

બેડી જડી પગથી છેક ગળા સુધીની,
તેની ઝીણી અણિથી જાંગ ઘસાય જેની;
એવા અહોનિશ જપે તુજ નામમંત્ર,
તો તે જનો તુરત થાય રહિત બંધ. ૪૬.

**ભાવાર્થ** :—હે નાથ! જેના પગથી માથા સુધી આખું શરીર મોટી મોટી લોઢાની સાંકળોથી ખૂબ મજબૂત જકડાઈ ગયું છે તથા કઠોર, તીક્ષ્ણ બેડીઓથી જેઓની જાંઘો ખૂબ ઘસાઈ રહી છે એવા લોક પણ આપના નામરૂપી પવિત્ર મંત્રનું નિરંતર સ્મરણ કરવાથી બહુ જલદીથી એ બંધનના ભયથી મુક્ત થઈ જાય છે. ૪૬.

मत्तद्विपेंद्रमृगराजदवानलाहि–
संग्रामवारिधिमहोदरबंधनोत्थम्।
तस्याशु नाशमुपयाति भयं भियेव
यस्तावकं स्तवमिमं मतिमानधीते।।४७।।

જે મત્ત હસ્તિ, અહિ, સિંહ, દવાનલાગ્નિ,
સંગ્રામ, સાગર, જલોદર, બંધનોથી;
પેદા થયેલ ભય તે ઝટ નાશ પામે,
ત્હારૂં કરે સ્તવન આ મતિમાન પાઠે. ૪૭.

**ભાવાર્થ** :—હે નાથ! જે બુદ્ધિમાન મનુષ્ય આ સ્તોત્રનો નિરંતર (હરહંમેશ) પાઠ કરે છે તે ઉન્મત્ત હાથી, સિંહ, દાવાનળ, સર્પ, યુદ્ધ, સમુદ્ર, જલોદર અને બંધન વિગેરેથી થતા ભયથી તુરત જ મુક્ત થઈ જાય છે. મતલબ કે એવા લોકો આગળથી ભય ડરી ગયો હોય તેમ નષ્ટ થઈ જાય છે. ૪૭.

स्तोत्रस्त्रजं तव जिनेंद्र गुणैर्निबद्धां,
भक्त्या मया विविधवर्णविचित्रपुष्पाम्।
धत्ते जनो य इह कण्ठगतामजस्त्रं,
तं मानतुंगमवशा समुपैति लक्ष्मीः॥४८॥

આ સ્તોત્ર–માળ તુજના ગુણથી ગુંથી મૈં
ભક્તિથકી વિવિધ વર્ણરૂપી જ પુષ્પે;
તેને જિનેન્દ્ર! જન જે નિત્ય કંઠ નામે,
તે માનતુંગ અવશા શિવ લક્ષ્મી પામે. ૪૮.

ઈતિ આદિનાથ સ્તોત્રં

**ભાવાર્થ** :—હે જિનેન્દ્ર! આપના પવિત્ર ગુણોથી અથવા પ્રસાદ આદિ માધૂર્ય આદિ ગુણોથી ગુંથાએલી આ સ્તોત્રરૂપી માળાને જે મનુષ્ય પોતાના કંઠમાં ધારણ કરે છે–સુંદર સુંદર અક્ષરરૂપી વિચિત્ર ફૂલથી ગુંથાએલી પુષ્પમાળા ધારણ કરે છે તેવા ઉન્નત હૃદયવાળા લોકોને તથા આ સ્તોત્ર રચવાવાળા શ્રી માનતુંગ આચાર્યને રાજવૈભવ તથા સ્વર્ગ મોક્ષરૂપી લક્ષ્મી અવશ્ય પ્રાપ્ત થાય છે. અર્થાત્ આ પવિત્ર સ્તોત્રનો હરહંમેશ શ્રદ્ધા ભક્તિ સાથે, પાઠ કરનાર લોકોને ધન સંપત્તિ, રાજ વૈભવ, સ્વર્ગ વિગેરે વિભૂતિ કોઈપણ જાતના કષ્ટ ભોગવ્યા સિવાય પ્રાપ્ત થાય છે. આ મંત્રના પ્રભાવથી રાજ્ય, ધન, વૈભવ, ઐશ્વર્ય, પુત્ર, નિરોગતા આદિ પ્રાપ્ત થાય છે એ તો સ્તોત્રના અનુષાંગિક–કોઈપણ જાતના કષ્ઠ વિના મળી જાય એવું ફળ છે. પરંતુ આ સ્તોત્રનું મુખ્ય ફળ તો સર્વત્ર મોક્ષ પદની પ્રાપ્તિ હોઈને મોક્ષલક્ષ્મી પ્રાપ્ત કરે છે. રાજવૈભવ–ધનસંપત્તિ આદિ મળવું એ એનું અનુષાંગિક ફળ છે. ૪૮.

સ્તોત્ર કર્તાની ઈચ્છા છે કે ભવ્યજનો આ સ્તોત્રનો નિરંતર પાઠ કરી ધર્મલાભ ઉઠાવી પોતાના આત્માનું કલ્યાણ કરે.

ઈતિ શ્રી માનતુંગઆચાર્યવિરચિત શ્રી આદિનાથસ્તોત્ર......

ૐ

શ્રી પાર્શ્વનાથાય નમઃ ।

# કલ્યાણમંદિર અપરનામ શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર

અર્થસહિત

તાર્કિકચક્રચૂડામણિ શ્રી કુમુદચન્દ્રાચાર્ય
અપરનામ શ્રી સિદ્ધસેન દિવાકર વિરચિત

(वसंततिलिका)

**कल्याणमन्दिर मुदारमवद्यभेदि**
**भीताभयप्रदमनिन्दितमङ्घ्रिपद्मम् ।**
**संसारसागरनिमज्जदशेषजंतु–**
**पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥१॥**

**यस्य स्वयं सुरगुरुर्गरिमाम्बुराशेः**
**स्तोत्रं सुविस्तृतमतिर्न विभुर्विधातुम् ।**
**तीर्थेश्वरस्य कमठस्मयधूमकेतो—**
**स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ॥२॥ युग्मम् ॥**

(મંદાક્રાંતા)

કલ્યાણોના મહાન વળી જે પાપભેદી ઉદાર;
તે ભીતોને અભયપ્રદ જે જે અનિન્દિત સાર;
જન્માબ્ધિમાં ડુબત સઘળા જંતુને નાવ છે જે,
જિનેંદાના ચરણકમળો એહવા વંદીને તે. ૧.

જેના મોટા મહિમ–જલધિ કેરૂં સુસ્તોત્ર અત્ર,
સુમેધાવી સુરગુરુ સ્વયં ગુંથવા નાંહિ શક્ત,
જે તીર્થેશા કમઠ–મદને ધૂમકેતુ જગીશ,
એવા તેનું સ્તવન વર આ નિશ્ચયે હું કરીશ. ૨ (યુગ્મ)

**અર્થ** :—કલ્યાણોના મંદિર, ઉદાર, પાપોનો નાશ કરનાર, સંસારના દુઃખોથી ડરનારાઓને નિર્ભય પદ આપનાર, અનિંદ્ય (અતિશય સુંદર) અને સંસાર-સમુદ્રમાં ડૂબતા સર્વ જીવોનો ઉદ્ધાર કરવામાં જહાજ સમાન જિનેન્દ્ર ભગવાનના ચરણકમળોને નમસ્કાર કરીને, જે સાક્ષાત્ મહિમાના સમુદ્ર છે, જેમની સ્તુતિ કરવાને સ્વયં વિશાળબુદ્ધિ (બાર અંગના જ્ઞાતા) બૃહસ્પતિ પણ સમર્થ નથી, જેમણે કર્મઠનો ગર્વ ભસ્મીભૂત કર્યો હતો તે પાર્શ્વનાથ તીર્થંકરની આશ્ચર્યની વાત છે કે હું સ્તુતિ કરું છું. ૧–૨.

**सामान्यतोऽपि तव वर्णयितु स्वरूप-**
**मस्मादृशाः कथमधीश! भवन्त्यधीशाः।**
**धृष्टोऽपि कौशिकशिशुर्यदि वा दिवान्धो,**
**रूपं प्ररूपयति किं किल घर्मरश्मेः।।३।।**

(મંદાક્રાંતા)

સામાન્યેથી પણ સ્વરૂપ તો વર્ણવા તારું અત્ર,
કેવી રીતે અમ સરિખડા નાથ હે! થાય શકત?
ધીઠો તોયે ઘુવડ શિશુ રે! દિવસે આંધળો જે,
શું ભાનુનું સ્વરૂપ પ્રરૂપે નિશ્ચયે એહવો તે? ૩.

**અર્થ** :—હે સ્વામી! મારા જેવો અલ્પબુદ્ધિ સામાન્યપણે પણ આપના ગુણોનું વર્ણન કરવા કેવી રીતે સમર્થ થઈ શકે? અર્થાત્ થઈ શકે નહિ, જેમ દિવસે જે દેખી શકતું નથી એવું ઘુવડનું બચ્ચું ધીઠ થઈને પણ શું સૂર્યના બિંબનું વર્ણન કરી શકે છે? ૩.

**मोहक्षयादनुभवन्नपि नाथ! मर्त्यो,**
**नूनं गुणानूगणयितुं न तव क्षमेत।**
**कल्पान्तवान्तपयसः प्रकटोऽपि यस्मा-**
**न्मीयेत केन जवधेर्ननु रत्नराशिः।।४।।**

હે જિનેંદા! અનુભવ કરે મોહવિનાશ દ્વારા,
તોયે મર્ત્યો સમરથ નથી ગુણવા ગુણ ત્હારા;
કલ્પાંતે જ્યાં નીરનિધિતણું નીર નિશ્ચે વમાય,
કોનાથી ત્યાં પ્રકટ પણ રે! રત્નરાશિ મપાય? ૪.

**અર્થ :**—હે નાથ! મનુષ્ય, મોહનો ક્ષય થવાથી અનુભવ કરવા છતાં પણ આપના ગુણો ગણવાને સમર્થ થઈ શકતો નથી જેમ પ્રલય સમયે સમુદ્ર પોતાનું બધું જળ બહાર ફેંકીને બિલ્કુલ ખાલી થઈ જાય છે અને તે વખતે તેમાં રહેલ રત્નો સ્પષ્ટપણે પ્રગટ થવા છતાં તેને કોઈ ગણી શકતું નથી. ૪.

**अभ्युद्यतोऽस्मि तव नाथ जड़ाशयोऽपि,**
**कर्तुं स्तवं लसदसंख्यगुणाकरस्य।**
**बालोऽपि किं न निज बाहुयुगं वितत्य,**
**विस्तीर्णतां कथयति स्वधियाम्बुराशेः॥५॥**

સંખ્યાતીતા મહદ્ ગુણની ખાણ એવા તમારું,
સ્તોત્ર સ્વામી! જડમતિ છતાં ગુંથવા બુદ્ધિ ધારૂં!
ભાખે ના શું શિશુય જલધિ કેરી વિસ્તિર્ણતાને,
હ્યાં વિસ્તારી સ્વભુજયુગને નિજ બુદ્ધિ પ્રમાણે! ૫.

**અર્થ :**—હે ભગવાન્! જો કે હું જડબુદ્ધિ છું તો પણ અસંખ્ય ગુણોથી સુશોભિત એવા આપનો મહિમા ગાવાને તૈયાર થયો છું જેમ બાળક પણ પોતાની બુદ્ધિ પ્રમાણે પોતાના બન્ને હાથ ફેલાવીને સમુદ્રની વિશાળતા બતાવે છે કે સમુદ્ર આવડો મોટો છે. ૫.

**ये योगिनामपि न यान्ति गुणास्तवेश!**
**वक्तुं कथं भवति तेषु ममावकाशः।**
**जाता तदेवमसमीक्षितकारितेयं,**
**जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोऽपि॥६॥**

યોગીઓને પણ તુજ ગુણો ગમ્ય જે હોય નાંહિ,
તે કહેવામાં ક્યમ પ્રસર રે! માહરો થાય આંહી!
તેથી આ તો થઈ વગર વિચારી પ્રવૃત્તિ આહા!
વા જલ્પે જે ખગગણ ખરે! નિજ કેરી ગિરામાં. ૬.

**અર્થ :**—હે સ્વામી! જ્યાં યોગીઓ પણ આપના ગુણોનું વ્યાખ્યાન કરી શકતા નથી ત્યાં હું તેમનું વર્ણન કેવી રીતે કરી શકું? તેથી આ પ્રકારની સ્તુતિ વિચાર કર્યા વિના થઈ છે કેમ કે જ્યાં કથન કરવાની શક્તિ જ નથી ત્યાં કરવામાં આવેલી કોઈ પણ સ્તુતિ વિચાર રહિત જ ગણાય. છતાં પણ જેમ પક્ષીઓ મનુષ્યની ભાષામાં બોલવા અસમર્થ હોવા છતાં પોતાની ભાષામાં બોલ્યા કરતા હોય છે તેમ હું પણ સ્તુતિ કરવાને પ્રવૃત્ત થયો છું. ૬.

**आस्तामचिन्त्यमहिमा जिन-संस्तवस्ते,**
**नामापि पाति भवतो भवतो जगन्ति।**
**तीव्रातपोपहतपान्थजनान्निदाधे,**
**प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि॥७॥**

દૂરે તારૂં સ્તવ જિન! અચિંત્ય પ્રભાવી રહોને!
રક્ષે નામે પણ તમપણું જન્મથી ભુવનોને;
વાયુ રૂડો કમલસરનો સુરસીલો વહે જે,
તીવ્રોત્તાપે હત પથિકને ગ્રીષ્મમાં રીઝવે તે. ૭.

**અર્થ :**—હે જિનેન્દ્ર! અચિન્ત્ય મહિમા ધારણ કરનાર આપની સ્તુતિ તો દૂર જ રહો, આપનું નામ માત્ર પણ સંસારના પ્રાણીઓને દુઃખોથી બચાવી લે છે. જેમ ગરમીની ઋતુમાં અસહ્ય તાપથી વ્યાકુળ બનેલા મુસાફરોને કેવળ કમળવાળા સરોવર જ સુખ આપતાં નથી પરંતુ તેમના સૂક્ષ્મ જળકણોથી મળેલો પવન પણ સુખ આપે છે. ૭.

हृद्वर्तिनि त्वयि विभो! शिथिलीभवन्ति,
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः।
सद्यो भुजङ्गममया इव मध्यभाग—
मभ्यागते वनशिखण्डिनि चन्दनस्य॥८॥

પ્રાણીઓના નિબિડ પણ તે કર્મબંધો અહા! હ્યાં,
વિભુ થાયે શિથિલ ક્ષણમાં વર્તતા તું હૃદામાં;
રે! શિખંડી સુખડવનની મધ્યમાં આવી જાતાં,
જેવી રીતે ભુજગમય તે શીઘ્ર શિથિલ થાતાં. ૮.

**અર્થ** :—જેમ મોરના આગમનમાત્રથી જ ચંદનના વૃક્ષોને વિંટળાયેલા સર્પોની પકડ તત્કાલ ઢીલી થઈ જાય છે તેવી જ રીતે હે પ્રભો! આપ જ્યારે ભવ્ય જીવોના મનમંદિરમાં નિવાસ કરો છો ત્યારે તેમના દૃઢ કર્મોના બંધન પણ તત્ક્ષણ ઢીલાં પડી જાય છે. ૮.

मुच्यन्त एव मनुजाः सहसां जिनेन्द्र,!
रौद्रेरूपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि।
गोस्वामिनि स्फुरिततेजसि दृष्टमात्रेः
चौरैरिवाशु पशवः प्रपलायमानैः॥९॥

મૂકાયે છે મનુજ સહસા રૌદ્ર ઉપદ્રવોથી,
અત્રે સ્વામી! જિનપતિ! તને માત્ર નિરીક્ષવાથી;
ગોસ્વામીને સ્ફુરિત પ્રભને માત્ર અત્રે દીઠાથી,
જેવી રીતે ઝટ પશુગણો ભાગતા ચોરટાથી. ૯.

**અર્થ** :—જેમ ગોસ્વામીને (તેજસ્વી સૂર્ય, પ્રતાપી રાજા અથવા બળવાન ગોવાળિયાઓને) દેખતાં જ ભયભીત થઈને શીઘ્ર ભાગી જતા ચોરોના પંજામાંથી ગાય, ભેંસ આદિ પશુઓ મુક્ત થઈ જાય છે તેવી જ રીતે હે જિનેન્દ્ર! આપના સમ્યક્ પ્રકારે દર્શન કરતાં જ મનુષ્યો મહા ભયાનક સેંકડો ઉપદ્રવોથી તત્કાલ મુક્તિ પામે છે. ૯.

त्वं तारको जिन कथं भविनां त एव,
त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः।
यद्वा दृतिस्तरति यज्जलमेष नून–
मन्तर्गतस्य मरुतः स किलानुभावः॥१०॥

કેવી રીતે ભવિજન તણો જિન! તું તારનાર?
ધારે તેઓ હૃદમહિં તને ઊતરે જેથી પાર;
વા એહી જે મશક તીરની નીરને નક્કી સાવ,
છે તે અંતર્ગત મરુતનો નિશ્ચયે જ પ્રભાવ. ૧૦.

**અર્થ** :—જેમ પોતાની અંદર ભરેલા પવનના બળથી મશક પાણીમાં તરે છે તેવી જ રીતે હે જિનવર! ભવ્ય જીવ આપને પોતાના હૃદયમાં ધારણ કરીને સંસાર સમુદ્ર તરી જાય છે. ૧૦.

यस्मिन्हरप्रभृतयोऽपि हतप्रभावाः,
सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन।
विध्यापिता हुतभुजः पयसाथ येन,
पीतं न किं तदपि दुर्द्धरवाडवेन॥११॥

જેની પાસે શિવપ્રમુખ સૌ છે પ્રભાવે વિહીન,
તુંથી તેહ રતિપતિ ક્ષણે સર્વથા કીધ ક્ષીણ;
અગ્નિઓ જે જલ થકી અહો! નિશ્ચયે બૂઝવાય,
રે! શું તેહ દુઃસહ વડવાવહ્નિથી ના પીવાય! ૧૧.

**અર્થ** :—જે કામદેવે હરિ, હરાદિ પ્રમુખ દેવોને પણ શક્તિ હીન કરી નાખ્યા હતા તે કામદેવનો પણ આપે ક્ષણવારમાં નાશ કર્યો. તે યોગ્ય જ છે કેમ કે જે પાણી અનેક અગ્નિઓને ઓલવી નાખે છે તે જ પાણી સમુદ્રમાં પહોંચતાં સમુદ્રની મધ્યમાં રહેલા પ્રચંડ વડવાનળથી શોષાઈ જાય છે. ૧૧.

स्वामिन्ननल्पगरिमाणमपि प्रपन्नाः
त्वां जन्तवः कथमहो हृदये दधानाः।
जन्मोदधिं लघु तरन्त्यतिलाघवेन,
चिन्त्यो न हन्त महतां यदि वा प्रभावः॥१२॥

સ્વામી! તુંને બહુજ ગુરુતાવંતને આશ્રનારા,
સત્ત્વો સર્વે હૃદમહિં તને ધારીને કયા પ્રકારા;
જન્માબ્ધિને અતિ લઘુપણે રે! તેરે શીઘ્ર સાવ,
વા અત્રે તો મહદ્જનનો છે અચિન્ત્ય પ્રભાવ. ૧૨.

**અર્થ** :—હે જગત્પતિ! અતિ ગૌરવવાન (અનંત ગુણરૂપ મહાભાર સહિત) એવા આપને હૃદયમાં ધારણ કરનારા જીવો શીઘ્રપણે સંસાર સમુદ્રનો પાર ઘણી સહેલાઈથી કેવી રીતે પામે છે? એ આશ્ચર્ય છે. એનું સમાધાન એ છે કે મહાપુરુષોનો મહિમા અચિન્ત્ય હોય છે. ૧૨.

क्रोधस्त्वया यदि विभो! प्रथमं निरस्तो,
ध्वस्तास्तदा वद कथं किल कर्मचौराः।
प्लोषत्यमुत्र यदि वा शिशिरापि लोके,
नीलद्रुमाणि विपिनानि न किं हिमानी॥१३॥

જો વિભુ હે! પ્રથમથી જ તેં ક્રોધ કીધો નિરસ્ત,
તો કીધા તેં કઈ જ રીતથી કર્મચોરો વિનષ્ટ?
લીલા વૃક્ષો યુત વનગણોને અહો! લોકમાંહી,
ના બાળે શું શિશિર પણ રે! હિમરાશિય આંહી? ૧૩.

**અર્થ** :—હે સ્વામી! જો આપે ક્રોધનો પહેલાં જ નાશ કર્યો તો પછી બતાવો કે આપે કર્મરૂપી ચોરોનો નાશ કેવી રીતે કર્યો? તેનું સમાધાન કરે છે કે જેમ હિમ ઠંડો હોવા છતાં પણ શું લીલાંછમ વૃક્ષોવાળાં વનોને બાળી નથી નાખતો? અર્થાત્ હિમ પડવાથી લીલાંછમ બધાં વૃક્ષ કરમાઈ

જાય છે તેવી જ રીતે સ્વભાવની મહાશાંતિમાં મગ્ન રહીને પણ આપે કર્મોનો નાશ કરી નાખ્યો છે. ૧૩.

**त्वां योगिनो जिन सदा परमात्मरूप–**
**मन्वेषयन्ति हृदयाम्बुजकोशदेशे।**
**पूतस्य निर्मलरुचेर्यदि वा किमन्य–**
**दक्षस्य संभवपदं ननु कर्णिकायाः॥१४॥**

યોગીઓ તો જિનપતિ! સદા તું પરાત્મારૂપીને,
રે! શોધે છે હૃદયકજના કોશદેશે ફરીને;
શું કર્ણિકા વિણ અપર રે! સંભવે છે અનેરું,
સ્થાન હ્યાં તો પુનિત અમલા અબ્જના બીજ કેરું? ૧૪.

**અર્થ** :—હે જિનેશ! મહર્ષિઓ સદા પરમાત્મસ્વરૂપ આપને પોતાના હૃદયકમળના મધ્યભાગમાં (જ્ઞાનનેત્રદ્વારા) શોધે છે. તે યોગ્ય જ છે કેમ કે જેમ પવિત્ર અને નિર્મળ કાંતિવાળા કમળના બીજનું ઉત્પત્તિસ્થાન કમળની કર્ણિકા જ છે તેમ શુદ્ધાત્માને શોધવાનું સ્થાન હૃદયકમળનો મધ્યભાગ જ છે. ૧૪.

**ध्यानाज्जिनेश भवतो भविनः क्षणेन,**
**देहं विहाय परमात्मदशां व्रजन्ति।**
**तीव्रानलादुपलभावमपास्य लोके,**
**चामीकरत्वमचिरादिव धातुभेदाः॥१५॥**

પામે ભવ્યો ક્ષણમહિં પ્રભુ હે! પરાત્માદશાને,
જિનેશા હે! શરીર તજીને આપશ્રીના જ ધ્યાને;
તીવ્રાગ્નિથી તજી દઈ અહો! ભાવ પાષાણ કેરો,
પામે લોકે ઝટ કનકતા જે રીતે ધાતુભેદો. ૧૫.

**અર્થ** :—હે સ્વામી! જેમ લોકમાં તીવ્ર અગ્નિના સંબંધથી જુદા

જુદા પ્રકારની ધાતુઓ (જેમાં સોનું બનવાની યોગ્યતા છે તે પોતાનું પત્થરરૂપ છોડીને શીઘ્ર જ સ્વયં સ્વર્ણ બની જાય છે તેવી જ રીતે હે પ્રભો! આપના (નિજ શુદ્ધાત્માના) ધ્યાનથી સંસારી જીવ તત્ક્ષણ શરીર છોડીને પરમાત્મ અવસ્થાને પ્રાપ્ત કરે છે. ૧૫.

**अन्तः सदैव जिन यस्य विभाव्यसे त्वं,**
**भव्यै कथं तदपि नाशयसे शरीरम्।**
**एतत्स्वरूपमथ मध्यविवर्तिनो हि,**
**यद्विग्रहं प्रशमयन्ति महानुभावाः॥१६॥**

જેની અંતઃ ભવિ થકી સદા તું વિભાવાય ભાવે,
જિનેશા હે! શરીર પણ તે નાશ કાં તું કરાવે?
વા વર્ત્તે આ નકી અહીં અરે! મધ્યવર્ત્તિ સ્વરૂપ,
મ્હાનુભાવો વિગ્રહ શમવે સર્વથા જિનભૂપ! ૧૬.

**અર્થ :**—હે દેવાધિદેવ! ભવ્ય પ્રાણીઓ જે શરીરની મધ્યમાં સદૈવ આપનું ધ્યાન કરે છે તે શરીરનો જ આપ કેમ નાશ કરાવો છો? અથવા એ બરાબર જ છે કે મધ્યસ્થ મહાનુભાવોનો એ સ્વભાવ જ હોય છે કે તેઓ વિગ્રહને શાંત જ કરી નાખે છે અર્થાત્ આ શરીરમાં રહીને આત્મા આપનું (નિજ શુદ્ધાત્માનું) ધ્યાન કરે છે અને પરિણામે જન્મ-મરણ જે શરીરના ધર્મ છે તેમનાથી આત્માને સદાને માટે મુક્તિ મળી જાય છે, એ જ આપની મધ્યસ્થતા છે. ૧૬.

**आत्मा मनीषिभिरयं त्वदभेदबुद्धया,**
**ध्यातो जिनेन्द्र! भवतीह भवत्प्रभावः।**
**पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं,**
**किं नाम नो विषविकारमपाकरोति॥१७॥**

આ આત્મા તો મનીષિ જનથી તુંથી નિર્ભેદ ભાવે,
ધ્યાયાથી હે જિનવર! બને તુજ જેવો પ્રભાવે.

અત્રે પાણી પણ અમૃત આ એમ રે! ચિંતવાતું,
નિશ્ચેથી શું વિષવિકૃતિને ટાળનારું ન થાતું? ૧૭.

**અર્થ** :—જેમ પાણી પણ 'આ અમૃત છે' એવી અતૂટ શ્રદ્ધા રાખવાથી વિષના વિકારથી ઉત્પન્ન થતી પીડાનો નાશ કરી નાખે છે તેવી જ રીતે હે ભગવાન્! આ સંસારમાં જ્યારે યોગીજનો અભેદ બુદ્ધિથી આપનું ધ્યાન કરે છે ત્યારે પોતાના આત્માને આપની સમાન ચિંતવીને આપના જેવા થઈ જાય છે. ૧૭.

**त्वामेव वीततमसं परवादिनोऽपि,**
**नूनं विभो हरिहरादिधिया प्रपन्नाः।**
**किं काचकामलिभिरीश सितोऽपि शंखो,**
**नो गृह्यते विविधवर्णविपर्ययेण॥१८॥**

વિભુ તુંહી તમરહિતને વાદીઓએ અનેરા,
નિશ્ચે શંભુ હરિ પ્રમુખની ધીથી માની રહેલા;
ધોળો શંખે તદપિ કમળાયુક્તથી જિનરાય!
નાના વર્ણે વિપરીત મતિએ ન શું તે ગ્રહાય? ૧૮.

**અર્થ** :—જેમ કમળાનો રોગ જેને થયો હોય તે વ્યક્તિ સફેદ વર્ણવાળા શંખને પણ લીલા, પીળા વગેરે વિપરીત વર્ણોવાળો કલ્પનાબુદ્ધિથી દેખે છે તેવી જ રીતે હે સ્વામી! રાગદ્વેષાદિ અંધકારરહિત (પરમ વીતરાગ એવા) આપને અન્યમતિ (મિથ્યાત્વાદિ રોગથી તેમનું ચિત્ત ગ્રસાયું હોવાથી) બ્રહ્મા, વિષ્ણુ, મહેશ આદિની બુદ્ધિથી પૂજે છે. ૧૮.

**धर्मोपदेशसमये सविधानुभावा–**
**दास्तां जनो भवति ते तरुरप्यशोकः।**
**अभ्युद्‌गते दिनपतौ समहीरुहोऽपि,**
**किं वा विबोधमुपयाति न जीवलोकः॥१९॥**

સાન્નિધ્યેથી તુજ ધરમના બોધવેળા વિલોક!
દૂરે લોકો! તરૂ પણ અહો! થાય અત્રે 'અશોક';
ભાનુકેરો સમુદય થયે નાથ! આ જીવલોક,
શું વિબોધ ત્યમ નહિ લહે સાથમાં વૃક્ષથોક? ૧૯.

**અર્થ** :—હે જિનેશ્વર! ધર્મોપદેશ સમયે આપની સમીપતાના પ્રભાવથી મનુષ્યની તો વાત જ શી, વૃક્ષ પણ અશોક (શોક રહિત) થઈ જાય છે. અથવા સાચું જ છે કે સૂર્યનો ઉદય થતાં કેવળ મનુષ્યો જ જાગૃત નથી થતા પરંતુ કમળાદિ વનસ્પતિ પણ પાંખડીઓની સંકોચરૂપ નિદ્રા છોડીને વિકસિત થઈ જાય છે. (આ પ્રથમ પ્રાતિહાર્યનું વર્ણન છે.) ૧૯.

**चित्रं विभो! कथमवाङ्मुखवृन्तमेव,**
**विष्वक्पतत्यविरला सुरपुष्पवृष्टिः।**
**त्वद्गोचरे सुमनसां यदि वा मुनीश,**
**गच्छन्ति नूनमध एव हि बन्धनानि॥२०॥**

રે! ચોપાસે વિમુખ ડિંટડે માત્ર શાને પડે છે
વૃષ્ટિ ભારી સુરકુસુમની? હે વિભુ! ચિત્ર એ છે!
વા ત્હારા રે! દરશન પથે પ્રાપ્ત થાતાં જ નિશ્ચે,
મુનીશા હે! સુમન ગણના બંધનો જાય નીચે. ૨૦.

**અર્થ** :—હે મુનિનાથ! દેવો દ્વારા ચારે તરફ જે સઘન પુષ્પવૃષ્ટિ થાય છે તેના ડીંટિયા નીચે અને પાંખડીઓ ઉપર કેમ રહે છે? એ આશ્ચર્યની વાત છે. અથવા તે યોગ્ય જ છે, હે મુનીશ! આપનો આત્મામાં સાક્ષાત્કાર થતાં સુમનસો (સ્વચ્છ મનવાળા જીવો)ના (રાગદ્વેષ મોહાદિરૂપ) બંધન નિશ્ચયથી નીચે જ જાય છે અર્થાત્ નષ્ટ થઈ જાય છે. (આ બીજા પ્રાતિહાર્યનું વર્ણન છે.) ૨૦.

**स्थाने गंभीरहृदयोदधिसम्भवायाः,**
**पीयूषतां तव गिरः समुदीरयन्ति।**

पीत्वा यतः परमसंमदसङ्गभाजा,
भव्या व्रजन्ति तरसाप्यजरामरत्वम् ॥२१॥

સ્થાને છે આ ગંભીર હૃદયાબ્ધિ થકી ઉદ્‌ભવેલી,
ત્હારી વાણી તણી પીયૂષતા છે જનોએ કથેલી;
તેને પીને પર પ્રમદના સંગભાગી વિરામે,
નિશ્ચે ભવ્યો અજર અમરાભાવને શીઘ્ર પામે. ૨૧.

**અર્થ** :—હે ત્રિભુવનપતે! આપની વાણી (દિવ્યધ્વનિ) જે અતિ અગાધ હૃદયરૂપી સમુદ્રમાંથી નીકળી છે તેમાં લોકો અમૃતત્ત્વ બતાવે છે તે સાચું જ છે કેમ કે ભવ્ય જીવ તેનું પાન કરીને પરમાનંદ પામતા થકા બહુ જ જલ્દી અજરામરપણું પ્રાપ્ત કરી લે છે. (આ ત્રીજા પ્રાતિહાર્યનું વર્ણન છે.) ૨૧.

स्वामिन् ! सुदूरमवनम्य समुत्पतन्तो,
मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।
येऽस्मै नतिं विदधते मुनिपुङ्गवाय,
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥२२॥

હે, સ્વામિશ્રી! અતિ દૂર નમી ને ઉંચે ઊછળંતા,
માનું શુચિ સુરચમરના વૃંદ આવું વંદતા—
“જેઓ એહી યતિપતિ પ્રભુ રે! પ્રણામો કરે છે,
નિશ્ચે તેઓ ઉરધ ગતિને શુદ્ધભાવે લહે છે.” ૨૨.

**અર્થ** :—હે ભગવાન્! હું એમ માનું છું કે પવિત્ર દેવતાઓના ચામર સમૂહ આપની ઉપર ઢોળતી વખતે અતિશય નીચે નમીને ઉપર તરફ જતાં લોકોને એમ કહી રહ્યાં છે કે જે વિશુદ્ધ પરિણામના ધારક જીવ આ મુનિનાથ પ્રત્યે નમ્રીભૂત થઈને નમસ્કાર કરે છે તે જીવ નિશ્ચયથી અમારા સમાન ઊર્ધ્વગતિ જે મોક્ષ તેને પામે છે. (આ ચોથા પ્રાતિહાર્યનું વર્ણન છે.) ૨૨.

श्यामं गंभीरगिरमुज्जवणहेमरत्न–
सिंहासनस्थमिह भव्यशिखण्डिनस्त्वाम्।
आलोकयन्ति रभसेन नदन्तमुच्चै–
श्चामीकराद्रिशीरसीव नवाम्बुवाहम्॥२३॥

બિરાજેલા કનક–મણિના શુભ્ર સિંહાસને ને,
'હ્યાં ગર્જંતા ગંભીર ગિરથી, નીલવર્ણા તમોને;
ઉત્કંઠાથી ભવિજન રૂપી મોરલાઓ નિહાળે,
સુવર્ણાદિ શિખરપર જાણે નવો મેઘ ભાળે! ૨૩.

**અર્થ** :—હે જિનેન્દ્ર! ઉજ્જ્વળ સુવર્ણના બનેલા અને અનેક રત્નો જડેલા સિંહાસન ઉપર બિરાજેલું આપનું શ્યામવર્ણ શરીર–કે જેમાંથી ગંભીર દિવ્યધ્વનિ થઈ રહી છે–એવું લાગે છે કે જાણે સુવર્ણમય સુમેરુ પર્વત ઉપર નવીન વર્ષા–કાળના કાળાં વાદળાં ગર્જના કરી રહ્યાં છે અને તે વાદળાઓને જાણે મોર ઘણી ઉત્સુકતાથી નીરખી રહ્યા છે. એવી જ રીતે ભવ્ય જીવો ઘણી ઉત્સુકતાથી આપને દેખે છે. આપની દિવ્યધ્વનિ અને દર્શન પામીને ભવ્યજીવ કૃતકૃત્ય થઈ જાય છે. (આ પાંચમા પ્રાતિહાર્યનું વર્ણન છે.) ૨૩.

उद्गच्छता तव शितिद्युतिमण्डलेन,
लुप्तच्छदच्छविरशोकतरुबभूव।
सांन्निध्यतोऽपि यदि वा तव वीतराग,
नीरागतां व्रजति को न सचेतनोऽपि॥२४॥

ઉંચે જાતા તુજ નીલ પ્રભામંડલેથી વિલોક!
પત્રો કેરી દ્યુતિથકી થયો હીન અત્રે અશોક;
વા નીરાગી! ભગવાન! વળી આપના સન્નિધાને,
નીરાગિતા નહિં અહીં કિયો ચેતનાવંત પામે? ૨૪.

**અર્થ** :—હે નાથ! જો આપના દેદીપ્યમાન ભામંડળના તેજ દ્વારા

અશોક વૃક્ષના પાંદડાઓની લાલાશ દૂર થઈ જાય છે અર્થાત્ આપની સમીપતાથી જો વૃક્ષોનો રાગ (લાલાશ) પણ જતો રહે છે તો એવો કયો સચેતન પુરુષ હોય કે જે આપના ધ્યાન દ્વારા આપની સમીપતાથી વીતરાગતા ન પામે? અર્થાત્ અવશ્ય પામે. (આ છઠ્ઠા પ્રાતિહાર્યનું વર્ણન છે.) ૨૪.

**भो भोः प्रमादमवधूय भजध्वमेन**
**मागत्य निर्वृतिपुरीं प्रति सार्थवाहम् ।**
**एतन्निवेदयति देव जगत्त्रयाय,**
**मन्ये नदन्नभिनभः सुरदुन्दुभिस्ते ॥२५॥**

"ભો ભો ભવ્યો! અવધૂણી તમારા પ્રમાદો સહુને,
આવી સેવા શિવપુરીતણા સાર્થવાહ પ્રભુને."
માનું આવું ત્રણ જગતને દેવ! નિવેદનારો,
વ્યાપી વ્યોમે ગરજત અતિ દેવદુંદુભિ ત્હારો. ૨૫.

**અર્થ** :—હે વિભો! હું એમ માનું છું કે આકાશમાં દેવો દ્વારા ગરજતો દુંદુભિનાદ ત્રણે લોકને એમ સૂચિત કરે છે કે હે જગતના જનો! પ્રમાદ છોડીને મોક્ષનગરી તરફ લઈ જતા આપના (શ્રી પાર્શ્વનાથના) શરણે આવીને આમની ભક્તિ કરો. (આ સાતમા પ્રાતિહાર્યનું વર્ણન છે.) ૨૫.

**उद्योतितेषु भवता भुवनेषु नाथ,**
**तारान्तिवतो विधुरयं विहताधिकारः ।**
**मुक्ताकलापकलितोल्लसितातपत्र—**
**व्याजात्त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ॥२६॥**

ત્હારા દ્વારા સકલ ભુવનો આ પ્રકાશિત થાતાં,
તારાવૃંદો સહિત શશિ આ સ્વાધિકારે હણાતાં;
મૌક્તિકોના ગણયુત ઉઘાડેલ ત્રિ છત્ર બ્હાને,
આવ્યો પાસે ત્રિવિધ તનુને ધારી નિશ્ચે જ જાણે. ૨૬.

**અર્થ :**—હે પ્રભુવર! આપે ત્રણે લોકોને પ્રકાશિત કરી નાખ્યા છે હવે ચન્દ્ર કોને પ્રકાશિત કરશે? એટલે જ જાણે કે મોતીઓની ઝાલરથી સુશોભિત ત્રણ છત્રોના બ્હાને પોતાના જગતને પ્રકાશવાના અધિકારથી ભ્રષ્ટ થઈને તારાગણોથી વિંટળાયેલ આ ચન્દ્રમા પોતાના ત્રણ શરીર ધારણ કરીએ નિશ્ચયથી આપની સેવા કરી રહ્યો છે. (આ આઠમા પ્રાતિહાર્યનું વર્ણન છે.) ૨૬.

**स्वेन प्रपूरितजगत्त्रयपिण्डितेन,**
**कान्ति प्रतापयशसामिवसञ्चायेन।**
**माणिक्यहेमरजतप्रविनिर्मितेन,**
**सालत्रयेण भगवन्नभितो विभासि॥२७॥**

ત્રિલોકોને બહુ બહુ ભરી પિંડરૂપી થયેલા,
જાણે કાંતિ–પ્રતપ–યશના સંચથી નિજ કેરા?
માણિ કયો ને કનક રજતે એ રચેલા ગઢોથી,
વિભાસે છે ભગવન અહો! તું હી સર્વે દિશોથી. ૨૭.

**અર્થ :**—હે ભગવાન! આપ (સમવસરણ ભૂમિમાં) માણેક, સુવર્ણ અને ચાંદીના બનેલા ત્રણ કોટોથી શોભી રહ્યા છો. હે પ્રભો! આ ત્રણ કોટ નથી પણ એ આપની કાંતિ, પ્રતાપ અને યશના જાણે કે ત્રણ પૂંજ છે કે જે ચારે તરફ સંપત્તિથી પરિપૂર્ણ ભરેલ ત્રણે જગતના એક પિંડ છે અર્થાત્ રત્નનિર્મિત પ્રથમ કોટ જાણે કે શ્રી પાર્શ્વનાથ ભગવાનના શરીરની કાંતિનો જ સમૂહ છે, સુવર્ણ નિર્મિત બીજો કોટ જાણે કે તેમના પ્રતાપનો જ પૂંજ છે અને ચાંદી નિર્મિત બીજો કોટ જાણે ભગવાનની કીર્તિનો જ સમૂહ છે. ૨૭.

**दिव्यस्रजो जिन नमत्त्रिदशाधिपाना–**
**मुत्सृज्य रत्नरचितानपि मौलिबन्धान्।**
**पादौ श्रयन्ति भवतो यदि वापरत्र,**
**त्वत्सङ्गमे सुमनसो न रमन्त एव॥२८॥**

★તારા પ્રાદે નમન કરતા ઈન્દ્રના શેખરોને,
છોડી, રત્ને વિરચિત છતાં, ઈન્દ્રની પુષ્પમાળા;
સેવે તારા પદયુગલને, તો પછી ભવ્ય સુમના,
તારા સંગે, જરૂર જિનજી! અન્ય સ્થાને રમે ના. ૨૮.

**અર્થ** :—હે દેવાધિદેવ! દિવ્યપુષ્પોની માળાઓ આપના ચરણોમાં પ્રણામ કરતા દેવેન્દ્રોના રત્નોથી જડેલા મુકુટોનાં બંધનો પણ છોડીને આપના ચરણોનો આશ્રય લે છે અથવા યોગ્ય જ છે કે આપનો સમાગમ થતાં સુમનસ્ અર્થાત્ પુષ્પમાળાઓ અથવા સ્વચ્છ મનવાળા ભવ્ય પ્રાણી બીજી જગ્યાએ સંતોષ પામતા નથી. ૨૮.

त्वं नाथ जन्मजलधेर्विपराङ्मुखोऽपि,
यत्तारयस्यसुमतो निजपृष्ठलग्नान् ।
युक्तं हि पार्थिवनिपस्य सतस्तवैव,
चित्रं विभो यदसि कर्मविपाकशून्यः ।।२९।।

જન્માબ્ધિથી વિમુખ વરતે તોય તું જિનરાજ?
તારે છે જે સ્વપીઠ પર લાગેલ પ્રાણી સમાજ;
તે તું પાર્થિવ નીરૂપને યુક્ત નિશ્ચે જ અત્રે,
તું આશ્ચર્ય! પ્રભુ! કરમવિપાક વિહીન વર્તે! ૨૯.

**અર્થ** :—હે નાથ! જેમ જળમાં ઉલટો મૂકેલો પાકો ઘડો પોતાની પીઠ ઉપર બેસનારાઓને કિનારે લઈ જાય છે તેવી જ રીતે હે સ્વામી! સંસારસમુદ્રથી વિમુખ થઈ જવા છતાં આપ આપના અનુયાયી ભવ્યજીવોને (સંસાર સમુદ્રના) કિનારે લઈ જાવ છો. પૃથ્વીના સ્વામી અને સંરક્ષક એવા આપને માટે એ યોગ્ય જ છે જેમ પરિપક્વ ઘટને (માટે જળમાંથી તારવાનું ઉચિત છે તેમ.) પરંતુ હે પ્રભુ! મોટું આશ્ચર્ય તો એ છે કે આપ કર્મોના વિપાકથી શૂન્ય છો. ૨૯.

★ ઉપલબ્ધ ગુજરાતી પદ્યાનુવાદમાં આ શ્લોકનો અનુવાદ નહીં મળવાથી નવું બનાવેલ છે.

**ભાવાર્થ :**—હે પ્રભો! આપના સમસ્ત કર્મ નષ્ટ થઈ ગયા છે તો પછી તેમનો વિપાક ક્યાંથી હોય? છતાં પણ આપ ભવ્ય જીવોને સંસાર સમુદ્રથી પાર ઉતારી દ્યો છો એ જ મોટું આશ્ચર્ય છે કેમ કે જે ઘડો વિપાક સહિત (પકાવેલો) હોય તે જ તેના ઉપર બેઠેલાને પાણીમાં તારી શકે છે પરંતુ આપ તો વિપાકરહિત હોવા છતાં તારો છો એ જ આપનો અચિંત્ય મહિમા છે. ૨૯.

**विश्वेश्वरोऽपि जनपालक दुर्गतस्त्वं,**
**किं वाक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश।**
**अज्ञानवत्यपि सदैव कथंचिदेव,**
**ज्ञानं त्वयि स्फुरति विश्वविकासहेतु॥३०॥**

તું વિશ્વેશો દુરગત છતાં લોકરક્ષી! કહાવે!
વા સ્વામી! તું અલિપિ તદપિ અક્ષર સ્વસ્વભાવે!
અજ્ઞાનીમાં તમ મહિં નકી સર્વદા કો પ્રકાર,
જ્ઞાન સ્ફુરે ત્રણ જગતને હેતુ ઉદ્યોતનાર!!! ૩૦.

**અર્થ :**—હે જગપાલક! આપ ત્રિભુવનપતિ હોવા છતાં પણ દરિદ્ર છો, અક્ષર સ્વભાવી હોવા છતાં પણ લિપિથી લખી શકાતા નથી, અજ્ઞાની હોવા છતાં પણ ત્રણ લોકના પદાર્થોનો પ્રકાશ કરનાર જ્ઞાન આપનામાં સદૈવ સ્ફુરાયમાન રહે છે. ૩૦.

**ભાવાર્થ :**—અહીં વિરોધાભાસ અલંકાર છે. જેમાં શબ્દનો વિરોધ લાગવા છતાં પણ વાસ્તવમાં તત્ત્વદૃષ્ટિએ વિરોધ ન હોય તેને વિરોધાભાસ અલંકાર કહે છે. ઉપરના શ્લોકમાં દેખાડેલ વિરોધનો પરિહાર આ પ્રમાણે છે. હે ભગવન્ ! આપ ત્રિભુવનનાથ છો અને કઠિનતાથી જાણી શકાવ છો. એનો બીજો અર્થ આ રીતે પણ છે (હે જનપ! विश्वेश्वरोऽपि अलकदुर्गतः) હે જગત્પતિ ! આપ વિશ્વપતિ છો અને કેશરહિત છો. તીર્થંકર ભગવાનને દીક્ષા પછી કેશ વધતા નથી, એવો નિયમ છે. આપ મોક્ષસ્વરૂપ છો અને નિરાકાર હોવાના કારણે જોઈ શકાતા નથી અથવા

કર્મલેપ રહિત છો. આપ અજ્ઞાની છદ્મસ્થ જીવોને સંબોધન કરો છો અને આપમાં સદૈવ કેવળજ્ઞાન સ્ફુરાયમાન રહે છે. ૩૦. [दुर्गतः—દરિદ્ર, કઠિનતાથી જણાય તેવા. अक्षरप्रकृति :—અક્ષર સ્વભાવવાળા, મોક્ષસ્વરૂપ. अलिपि :–લિપિથી લખી શકાતા નથી. કર્મલેપ રહિત. अज्ञानवति :– અજ્ઞાની હોવા છતાં પણ, છદ્મસ્થ અજ્ઞાની જીવોને સંબોધન કરનાર.]

**प्राग्भारसम्भृतनभांसि रजांसि रोषा–**
**दुत्थापितानि कमठेन शठेन यानि।**
**छायापि तैस्तव न नाथ हता हताशो,**
**ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ।।३१।।**

વ્યાપ્યા જેણે અતિ અતિ મહા ભારદ્વારા નભોને,
ઉડાડી'તી શઠ કમઠડે રોષથી જે રજોને;
તેથી છાયા પણ તમતણી ના હણાણી જિનેશ!
દુરાત્મા એહજ રજ થકી તે ગ્રસાયો હતાશ. ૩૧.

**અર્થ** :—હે પ્રભુવર! દુષ્ટ કમઠે ક્રોધથી સમસ્ત આકાશમાં વ્યાપનારી જે ધૂળ ઉડાડી હતી તે રજથી આપના શરીરની છાયા પણ હણાણી નહોતી, આપનો પરાજય થવાની વાત તો દૂર જ રહી. ઊલ્ટું હતાશ બનેલ દુષ્ટ તે કમઠ જ તે રજોથી (પાપકર્મોથી) ઘેરાઈ ગયો. ૩૧.

**यद्‌गर्जदूर्जितघनौघमदभ्रभीमं,**
**भ्रश्यत्तडिन्मुसलमांसलघोरधारम् ।**
**दैत्येन मुक्तमथ दुस्तरवारि दध्रे,**
**तेनैव तस्य जिन दुस्तर वारिकृत्यम् ।।३२।।**

જ્યાં ગર્જંતા પ્રબળ ઘનના ઓઘથી ભ્રમ ભીમ;
વિદ્યુત્ ત્રુટ મુસલ સમ જ્યાં ઘોર ધારા અસીમ;
દૈત્યે એવું જ દુસ્તર–વારિ અરે! મુક્ત કીધું,
તેનું તેથી જ દુસ્તર–વારિ થયું કાર્ય સીધું. ૩૨.

**અર્થ** :—હે જિનેશ્વર! જ્યાં ભયંકર વાદળાઓ ખૂબ ગર્જે છે, મહા ભયાનક ચમકારા કરતી વીજળીઓ આમ તેમ પડી રહી છે, અને સાંબેલાની ધારે જ્યાં ભયંકર જળ વરસી રહ્યું છે એવી ભયંકર વર્ષા દૂષ્ટ કમઠે આપના ઉપર કરી, તેમાં હે ભગવાન્! આપનું તો કાંઈ બગડ્યું નહિ પરંતુ તે કમઠે પોતાને માટે તે ભયંકર જળવૃષ્ટિ દ્વારા તીક્ષ્ણ તરવારનું કામ કર્યું અર્થાત્ આવું દુષ્કૃત્ય કરવાને કારણે તેણે ઘોર પાપકર્મોનો બંધ કર્યો. ૩૨.

**ध्वस्तोर्ध्वकेश विकृताकृति मर्त्यमुण्ड–**
**प्रालम्बभृद्भयदवक्त्रविनिर्यदग्निः।**
**प्रेतव्रजः प्रति भवन्तमपीरितो यः,**
**सोऽस्याभवत्प्रतिभवं भवदुःखहेतुः॥३३॥**

છૂટા કેશોથી વિકૃતિરૂપી જે ધરે મુંડમાલા,
ને જેના રે! ભયદ મુખથી નીકળે અગ્નિજ્વાળા;
વિકૂર્વ્યો જે પ્રભુ! તમ પ્રતિ એહવો પ્રેતવૃંદ,
તે તો તેને ભવભવ થયો સંસૃતિ દુઃખકંદ. ૩૩.

**અર્થ** :—હે ત્રિભુવનપતિ! વિખરાયેલા વાળવાળા, ભયંકર આકૃતિવાળા, એવા મનુષ્યોની ખોપરીઓની લાંબી લાંબી માળાઓ ધારણ કરનાર અને જેમના મોઢામાંથી આગની જ્વાળા નીકળી રહી છે એવા પિશાચોને જેણે આપના તરફ દોડાવ્યા તે પિશાચો પણ તે દુષ્ટ કમઠને માટે જન્મોજન્મ સાંસારિક દુઃખોનું કારણ થયા. ૩૩.

**धन्यास्त एव भुवनाधिप ये त्रिसंध्य–**
**माराधयंति विधिवद्विधुतान्यकृत्जाः।**
**भक्त्योल्लसत्पुलकपक्ष्मददेहदेशाः,**
**पादद्वयं तव विभो भुवि जन्मभाजः॥३४॥**

છે ધન્ય તે જ અવનીમહિં જેહ પ્રાણી,
ત્રિસંધ્ય તેજ પદ ભુવનનાથ નાણી!

આરાધતા વિધિથી કાર્ય બીજા ફગાવી,
રોમાંચ ભક્તિ થકી અંગ મહિં ધરાવી. ૩૪.

**અર્થ :**—હે જિનનાથ! ભક્તિભાવજન્ય રોમાંચ જેમના શરીરમાં વ્યાપી ગયા છે એવા જે ભવ્યપ્રાણી સંસારના અન્ય સમસ્ત કાર્યો છોડીને વિધિપૂર્વક આપના બન્ને ચરણોની સવાર, બપોર અને સાંજે આરાધના કરે છે, તે જ જીવો સંસારમાં ધન્ય છે. ૩૪.

**अस्मिन्नपारभववारिनिधौ मुनीश!**
**मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि।**
**आकर्णिते तु तव गोत्रपवित्रमंत्रे,**
**किं वा विपद्विषधरी सविधं समेति॥३५॥**

માનું અપાર ભવસાગરમાં જિનેશ!
તું કર્ણગોચર મને ન થયો જ લેશ;
સુણ્યા પછી તુજ સુનામ પુનિત મંત્ર,
આવે કને વિપદ–નાગણ શું? ભદંત! ૩૫.

**અર્થ :**—હે મુનિનાથ! મને એમ લાગે છે કે આ અપાર સંસાર–સમુદ્રમાં મેં આપનો યશ કાને સાંભળ્યો નથી કેમકે જો આપના નામરૂપી પવિત્ર મંત્ર મેં કાનથી સાંભળ્યો હોત તો શું આપત્તિરૂપી સાપણ મારી સમીપ આવત? અર્થાત્ ન જ આવત. ૩૫.

**जन्मान्तरेऽपि तव पादयुगं न देव!**
**मन्ये मया महित मीहितदानदक्षम्।**
**तेनेह जन्मनि मुनीश! पराभवानां,**
**जातो निकेतनमहं मथिताशयानाम्॥३६॥**

જન્માંતરેય જિન! વાંચ્છિત દાનદક્ષ,
પૂજ્યા ન મેં તુજ પદોરૂપ કલ્પવૃક્ષ;

આ જન્મમાં હૃદયમંથિ પરાભવોનો,
નિવાસ હું થઈ પડ્યો ઈશ મુનિઓના! ૩૬.

**અર્થ :**—હે મુનીશ! મને વિશ્વાસ છે કે પૂર્વભવોમાં મેં મનોવાંછિત ફળ દેવાને સમર્થ એવા આપના બન્ને ચરણોની પૂજા કરી નહિ તે જ કારણે હે મુનિનાથ! આ જન્મમાં હું હૃદયને વ્યથિત કરનાર તિરસ્કારોનું પાત્ર બન્યો છું. ૩૬.

**नूनं न मोहतिमिरावृतलोचनेन,**
**पूर्वं विभो सकृदपि प्रविलोकितोऽसि।**
**मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः,**
**प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते॥३७॥**

મેં મોહતિમિરથી આવૃત નેત્રવાળે,
પૂર્વે તને ન નિરખ્યો નકી એક વારે;
ના તો મને દુ:ખી કરે ક્યમ મર્મભેદી,
એહી અનર્થ ઉદયાગત વિશ્વવેદી! ૩૭.

**અર્થ :**—હે પ્રભો! મોહરૂપી અંધકારથી નેત્રો અતિ આચ્છાદિત હોવાના કારણે મેં પૂર્વે એકવાર પણ આપના દર્શન કર્યાં નહિ એવો મને પૂર્ણ વિશ્વાસ છે. જો મેં આપના દર્શન કર્યાં હોત તો ઉત્કટરૂપે ઉત્પન્ન થતા, સંતાનની પરંપરા વધારનારા અને મર્મસ્થાનને ભેદનારા આ અનર્થ (દુ:ખદાયક મોહભાવ) મને શા માટે સતાવેત? ૩૭.

**ભાવાર્થ :**—જડ–ઈન્દ્રિયરૂપ નેત્રોથી તો મેં આપના અનેક વાર દર્શન કર્યાં પણ મોહાન્ધકાર રહિત જ્ઞાનરૂપી નેત્રોથી એકવાર પણ દર્શન કર્યાં નહિ અર્થાત્ કદી પણ આપના જ જેવા મારા શુદ્ધાત્માને જોયો નહિ અને એ જ કારણે મને દુ:ખદાયક મોહભાવો સતાવી રહ્યા છે. ૩૭.

**आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि,**
**नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या।**

जातोऽस्मि तेन जनबान्धव दुःखपात्रं,
यस्मात्क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।।३८।।

પૂજ્યો છતાં શ્રુત છતાં નિરખ્યો છતાંય,
ધાર્યો ન ભક્તિથી તને મુજ ચિત્તમાંય;
તેથી થયો હું દુઃખભાજન જિનરાય!
ના ભાવવિહીન ક્રિયા ફલવંત થાય. ૩૮.

**અર્થ** :—હે જગબંધુ! જન્મ-જન્માન્તરોમાં જો મેં આપનું નામ સાંભળ્યું પણ હોય, આપની પૂજા કરી પણ હોય તથા આપના દર્શન પણ કર્યા હોય પરંતુ એ તો નિશ્ચય છે કે મેં આપને ભક્તિપૂર્વક કદી પણ મારા હૃદયમાં ધારણ કર્યા નથી. એનું પરિણામ એ આવ્યું કે હજી સુધી હું આ સંસારમાં દુઃખનું ભાજન જ બની રહ્યો છું કારણ કે ભાવરહિત ક્રિયા ફળદાયક થતી નથી. ૩૮.

त्वं नाथ दुःखिजनवत्सल हे शरण्य,
कारुण्यपुण्यवसते वशिनां वरेण्य।
भक्त्या नते मयि महेश दयां विधाय,
दुःखांकुरोद्दलनतत्परतां विधेहि ।।३९।।

હે નાથ! દુઃખીજનવત્સલ! હે શરણ્ય!
કારૂણ્યપુણ્યગૃહ! સંયમીમાં અનન્ય!
ભક્તિથી હું નત પ્રતિ ધરી તું દયાને,
થા દેવ! તત્પર દુઃખાંકુર છેદવાને! ૩૯.

**અર્થ** :—હે નાથ, હે દીનદયાળ, હે શરણાગતપાળ, હે કરુણા-નિધાન, હે ઇન્દ્રિયવિજેતા યોગીન્દ્ર, હે મહેશ્વર, સાચી ભક્તિપૂર્વક નમેલા એવા મારા ઉપર દયા લાવીને, મારા દુઃખાંકુરોનો (મોહભાવોનો) સમૂળ નાશ કરવામાં તત્પર થાવ. ૩૯.

निःसंख्यसारशरणं शरणं शरण्य–
मासाद्य सादितरिपुप्रथितावदातम् ।
त्वत्पादपङ्कजमपि प्रणिधानवन्ध्यो,
वन्ध्योऽस्मि तद्भुवनपावन हा हतोऽस्मि ॥४०॥

નિ:સંખ્ય સત્ત્વગૃહ ખ્યાત પ્રભાવવાળા,
ને શત્રુનાશક શરણ્ય અહો! તમારા;
પાદાબ્જ શર્ણ લઈ જો છઉં ધ્યાન વંધ્ય,
તો નષ્ટ હું ભુવનપાવન! હું જ વંધ્ય. ૪૦.

**અર્થ** :—અરે! દુ:ખની વાત છે કે હું મોહભાવના કારણે નિર્બળ થઈ રહ્યો છું. હે ત્રણલોકને પાવન કરનાર, અશરણ શરણ, શરણાગતપ્રતિપાલક, કર્મવિજેતા, પ્રભાવધારક! આપના ચરણકમળ પ્રાપ્ત કરવા છતાં પણ જો મેં તેમનું ધ્યાન ન કર્યું તો હે પ્રભો! મારા જેવો અભાગી કોઈ નથી. ૪૦.

देवेन्द्रवन्द्य विदिताखिल वस्तुसार,
संसारतारक विभो भुवनाधिनाथ ।
त्रायस्व देव करुणाहृद मां पुनीहि,
सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ॥४१॥

દેવેન્દ્રવંદ્ય! વિભુ! વસ્તુરહસ્ય જાણ!
સંસારતારક! જગત્પતિ! જિનભાણ?
રક્ષો મને ભયદ દુ:ખ સમુદ્રમાંથી!
આજે કરૂણહૃદ! પુણ્ય કરો દયાથી! ૪૧.

**અર્થ** :—હે દેવેન્દ્રો વડે વંદનીય, હે સર્વજ્ઞદેવ, હે જગત તારણહાર, હે વિભો, હે ત્રિલોકીનાથ, હે દયા સમુદ્ર, હે જિનેન્દ્રદેવ! આજે મમ દુ:ખિયારાની રક્ષા કરો અને અતિ ભયાનક દુ:ખ સમુદ્રથી મને બચાવો. ૪૧.

यद्यस्ति नाथ भवदंध्रिसरोरूहाषां,
भक्तेः फलं किमपि सन्ततसञ्चितायाः।
तन्मे त्वदेकशरणस्य शरण्य भूयाः
स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि।।४२।।

ત્હારા પદાબ્જતણી–સંતતિથી ભરેલી,
ભક્તિતણું કંઈય જો ફલ વિશ્વબેલી!
તો તું જ એક શરણું જસ એહ મુજ,
હો શર્ણ આ ભવ ભવાંતરમાંય તું જ! ૪૨.

**અર્થ** :—હે પ્રભુવર! કેવળ આપનું જ શરણ લેનાર એવા મને, ચિરકાળથી સંચિત કરેલી આપના ચરણકમળોની ભક્તિનું જો કાંઈ પણ ફળ મળે તો હે અશરણોને શરણ આપનાર! તે એટલું જ હો કે આ લોક અને પરલોકમાં પણ આપ જ મારા સ્વામી હો અર્થાત્ મારો આત્મા આપના સમાન શુદ્ધ અને પૂર્ણ થઈ જાય. ૪૨.

इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र,
सान्द्रोल्लसत्पुलक कञ्चुकिताङ्गभागाः।
त्वद्बिम्बनिर्मलमुखाम्बुजबद्धलक्ष्या,
ये संस्तवं तव विभो स्वयन्ति भव्याः।।४३।।

जननयनकुमुदचन्द्र,
प्रभास्वराः स्वर्गसमादो भुक्त्वा।
ते विगलितमलनिचया,
अचिरान्मोक्षं प्रपद्यन्ते।।४४।।

રે! આમ વિધિથી સમાધિમને ઉમંગે,
રોમાંચ કંચુક ધરી નિજ અંગઅંગે;
સદ્બિમ્બ નિર્મળ મુખાંબુજ દૃષ્ટિ બાંધી,
ભવ્યો રચે સ્તવન જે તુજ ભક્તિ સાંધી. ૪૩.

તે હે જિનેન્દ્ર! જનનેત્ર 'કુમુદચન્દ્ર'
ત્યાં ભોગવી સ્વરગ સંપદવૃંદ ચંગ;
નિ:શેષ કર્મમલ સંચય સાવ વામે,
તે શીઘ્ર તેહ 'ભગવાન્'! શિવધામ પામે. (યુગ્મ) ૪૪.

**અર્થ** :—હે જિનપતિ, હે વિભુવર, હે જનનયન કુમુદચન્દ્ર અર્થાત્ પ્રાણીઓના નેત્ર–કુમુદોને પ્રકાશિત કરનાર ચન્દ્ર! (આ પદ દ્વારા શ્રી સિદ્ધસેન દિવાકરાચાર્યે 'કુમુદચન્દ્ર' એ પોતાના ગુરુએ આપેલું દીક્ષાનામ પણ બતાવ્યું છે.) જે ભવ્ય જીવ આપના પ્રતિમાના મુખકમલ તરફ એકીટશે જોઈને, સઘન અને રોમાંચરૂપ વસ્ત્રોથી પોતાના શરીરના અંગ ઢાંકીને, એકાગ્ર ધ્યાનયુક્ત બુદ્ધિ દ્વારા આપની સ્તુતિ કરે છે, તેઓ સ્વર્ગલોકના અનેક પ્રકારના મનોહર સુખો ભોગવીને તથા આત્મામાંથી ભાવકર્મરૂપી મળ દૂર કરીને અતિ શીઘ્રપણે મોક્ષસુખની પ્રાપ્તિ કરે છે. ૪૩–૪૪.

એ પ્રમાણે શ્રીકલ્યાણમંદિર સ્તોત્રની પં. શ્રેયાંસકુમારજી શાસ્ત્રીએ કરેલ ભાષા ટીકાનો ગુજરાતી અનુવાદ સંપૂર્ણ થયો.

ॐ

શ્રીમદ્ વાદિરાજ–આચાર્ય–વિનિર્મિત

# કલ્યાણ–કલ્પદ્રુમ–એકીભાવ સ્તોત્ર

(मन्दाकन्ता)

**एकीभावं गत इव मया यः स्वयं कर्मबन्धो**
**घोरं दुःखं भव–भव–गतो दुर्निवारः करोति।**
**तस्याप्यस्य त्वयि जिनरवे भक्तिरुन्मुक्तये चेज**
**जेतुं शक्यो भवति न तया कोऽपरस्तापहेतुः॥१॥**

જો અતિ એકીભાવ ભયો માનો અનિવારી,
સો મુજ કર્મ પ્રબધ કરત ભવભવ દુઃખ ભારી;
તાહિ તિહારી ભક્તિ જગતરવિ જો નિરવારૈ,
તો અબ ઔર કલેશ કૌન સો નાહિં વિદારૈ. ૧.

**અર્થ :—**હે જિનસૂર્ય! આ જે કર્મબંધ મારી સાથે સ્વયં એકપણાને પ્રાપ્ત થયો હોય તેવો થઈ રહ્યો છે, ને દુર્નિવાર છે અને જે પ્રત્યેક ભવમાં સાથે જઈને ઘોર દુઃખો આપે છે તેને પણ જો આપની ભક્તિ દૂર કરી શકે છે તો બીજું એવું કષ્ટનું કર્યું કારણ છે કે જેને તે ભક્તિ જીતી ન શકે? અર્થાત્ કોઈ પણ નથી–જિનભક્તિના પ્રસાદથી બધા કષ્ટો અને સંતાપોનું સહજ જ નિવારણ થઈ જાય છે. ૧.

**ज्योतीरूपं दुरित–निवह–ध्वान्त–विध्वंस–हेतुं**
**त्वामेवाहुर्जिनवर चिरं तत्त्वविद्याभियुक्ताः।**
**चेतोवासे भवसि च मम स्फारमुद्भासमानम्-**
**तस्मिन्नंहः कथमिव तमो वस्तुतो वस्तुमीष्टे॥२॥**

તુમ જિન જોતિસ્વરૂપ દુરિતઅંધિયારિનિવારી,
સો ગણેશ ગુરૂ કહેં તત્ત્વવિદ્યાધનધારી;
મેરે ચિતઘરમાહિં બસૌ તેજોમય યાવત્,
પાપતિમિર અવકાશ તહાં સો ક્યોંકરિ પાવત. ૨.

**અર્થ** :—હે જિનવર! દીર્ઘ તત્ત્વજ્ઞાનીઓ આપને એવા જ્યોતિરૂપ બનાવે છે કે જે પાપ–સમૂહરૂપ અંધકારના વિનાશના હેતુ છે. જો આપ મારા હૃદય–મંદિરમાં ખૂબ પ્રકાશિત થઈ રહ્યા છે તો પછી તેમાં પાપરૂપી અંધકાર વાસ્તવમાં કેવી રીતે ટકી શકે? જો પાપ ટકી શકતું ન હોય તો પાપનું ફળ એવું દુઃખ પણ રહી શકે નહિ. ૨.

आनन्दाश्रु–स्नपितवदनं गद् गदं चाभिजल्पन्
यश्चायेत त्वयि दृढमनाः स्तोत्रमन्त्रैः भवन्तम् ।
तस्याभ्यस्तादपि च सुचिरं देह–वल्मीकमध्यान् –
निष्कास्यन्ते विविध–विषम–व्याधयो काद्रवेयाः ।।३।।

આનંદ આંસૂવદન ધોય તુમસોં ચિત સાનૈ,
ગદગદ સુરસૌ સુયશમંત્ર પઢિ પૂજા ઠાનૈં;
તાકે બહુવિધ વ્યાધિ વ્યાલ ચિરકાલ નિવાસી,
ભાજૈં થાનક છોડ દેહબાંબઈ કે વાસી. ૩.

**અર્થ** :—હે જિનેન્દ્રદેવ! આપમાં ચિત્તની સ્થિરતા કરીને જે ભક્તજન આનંદના અશ્રુઓથી જેનું મુખ ધોવાયું છે તે ગદગદ સ્વરે સ્તોત્ર–મંત્રો દ્વારા આપની પૂજા કરે છે તેના શરીરરૂપી રાફડામાંથી જુદી જુદી જાતના વિષમ રોગરૂપ સર્પો બહાર નીકળી જાય છે કે જે તેમાં ચિરકાળથી રહેવાના અભ્યાસી હતા. ૩.

प्रागेवेह त्रिदिव–भवनादेष्यता भव्य–पुण्यात्
पृथ्वी–चक्रं कनकमयतां देव निन्ये त्वयेदम् ।

**ध्यान–द्वारं मम रुचिकरं स्वान्तगेहं प्रविष्टस्**
**तत् किं चित्रं जिन वपुरिदं यत्सुवर्णीकरोषि।।४।।**

દિવિતૈં આવનહાર ભયે ભવિભાગ ઉદયબલ,
પહલેહી સુર આય કનકમય કીય મહીતલ;
મનગૃહધ્યાનદુવાર આય નિવસો જગનામી,
જો સુવરન તન કરો કૌન યહ અચરજ સ્વામી. ૪.

**અર્થ** :—હે જિનદેવ! ભવ્યજીવોના પુણ્યપ્રભાવથી દેવલોકમાંથી અહીં આપના પધારવાના (છ મહિના) અગાઉથી જ દેવો દ્વારા કરવામાં આવતી રત્નો આદિની વૃષ્ટિથી આ ભૂમંડળ સુવર્ણમય બન્યું હતું. હવે જ્યારે આપ ધ્યાનરૂપી દ્વારવાળા મારા રુચિકર અંતઃકરણમાં પ્રવેશ પામ્યા છો તો હે દેવ! આપ મારા આ (કોઢના રોગથી ઘેરાયેલા) શરીરને સુવર્ણમય બનાવી દો એમાં કઈ આશ્ચર્યની વાત છે? કોઈ પણ આશ્ચર્યની વાત નથી. ૪.

**लोकस्यैकस्त्वमसि भगवन् निर्निमित्तेन वन्धुसू**
**त्वय्येवासौ सकल–विषया शक्तिरप्रत्यनीका।**
**भक्ति–स्फीतां चिरमधिवसन्मामिकां चित्त–शय्यां**
**मय्युत्पन्नं कथमिव ततः क्लेश–यूथं सहेथाः।।५।।**

પ્રભુ સબ જગકે વિના હેતુ બાંધવ ઉપકારી,
નિરાવરન સર્વજ્ઞ શક્તિ જિનરાજ તિહારી;
ભક્તિરચિત મમચિત્ત સેજ નિત વાસ કરોગે,
મેરે દુઃખસંતાપ દેખ કિમ ધીર ધરોગે. ૫.

**અર્થ** :—હે ભગવાન્! આપ લોકના અદ્વિતીય કારણ વિશેષ વિનાનાં બંધુ છો અને આપમાં જ સર્વ પદાર્થોને જાણનારી જેને કોઈ પ્રતિપક્ષી નથી એવી શક્તિ છે, આપ મારી ભક્તિથી સમૃદ્ધ એવી ચિત્તરૂપી શય્યામાં ચિરકાળથી નિવાસ કરો છો તેથી મારામાં ઉત્પન્ન થતા

કે થનારા દુઃખસમૂહને આપ કેવી રીતે સહન કરી શકો? સહન કરી શકતા નથી. ૫.

जन्माटव्यां कथमपि मया देव दीर्घं भ्रमित्वा
प्राप्तैयेयं तव नयकथा–स्फार–पियूष–वापी।
तस्यां मध्ये हिमकर–हिमव्यूह–शीते नितान्तं
निर्मग्नं मां न जहति कथं दुःख–दावोपतापः।।६।।

ભવવનમેં ચિરકાલ ભ્રમ્યો કછુ કહિય ન જોઈ,
તુમ ધુતિકથાપિયૂષવાપિકા ભાગન પાઈ;
શશિ તુષાર ઘનસાર હાર શીતલ નહિં જા સમ,
કરત ન્હૌન તામાહિં કયોં ન ભવતાપ બુઝૈ મમ. ૬.

**અર્થ :**—હે જિનદેવ! ભવવનમાં દીર્ઘકાળપર્યંત ભ્રમણ કર્યા પછી આપની આ નયકથા–વાર્તારૂપ ઉદાર અમૃતરસથી પૂર્ણ વિસ્તીર્ણ વાવ કોઈ પણ રીતે–મહા કષ્ટથી–મને પ્રાપ્ત થઈ છે. તે ચન્દ્રમા અને હિમપૂંજ સમાન શીતળ વાયમાં હું પૂર્ણપણે નિમગ્ન થઈ ગયો છું, એવી સ્થિતિમાં દુઃખરૂપી દાવાનળનો આતાપ મને કેમ નહિ છોડે? છોડશે જ, મારા ઉપર દુઃખનો કોઈ પ્રભાવ રહી શકશે નહિ. ૬.

पाद–न्यासादपि च पुनतो यात्रया ते त्रिलोकीं
हेमाभासो भवति सुरभिः श्रीनिवासश्च पद्मः।
सर्वाङ्गेण स्पृशति भगवंस्त्वय्यशेषं मनो मे
श्रेयः किं तत् स्वयमहरहर्यन्न मामभ्युपैति।।७।।

શ્રી વિહાર પરિવાહ હોત શુચિરૂપ સકલ જગ,
કમલકનક આભાવ સુરભિ શ્રીવાસ ધરત પગ;
મેરો મન સર્વંગ, પરસ પ્રભુકો સુખ પાવૈ,
અબ સો કૌન કલ્યાન જો ન દિન દિન ઢિગ આવૈ. ૭.

**અર્થ** :—હે ભગવાન્! આપના વિહાર દ્વારા ત્રણ લોકને પવિત્ર કરતાં આપના ચરણોના નિક્ષેપ (મૂકવા) માત્રથી કમળો સુવર્ણની આભાસહિત, સુગંધિત અને શ્રીલક્ષ્મીનું નિવાસસ્થાન થઈ જાય છે. (આમ વાત છે ત્યાં) મારું સંપૂર્ણ મન જો ધ્યાનદ્વારા આપનો સર્વાંગે સ્પર્શ કરે છે તો પછી એવું કયું કલ્યાણ છે કે જે મને સ્વયં પ્રતિદિન પ્રાપ્ત ન થાય?–હું બધા જ શ્રેયો પ્રાપ્ત કરવાનું પાત્ર છું. ૭.

**पश्यन्तं त्वद्वचनममृतं भक्ति–पात्र्या पिबन्तं**
**कर्मारण्यात्पुरूषमसमानन्दधाम–प्रविष्टम् ।**
**त्वां दुर्वार–स्मर–मदहरं त्वत्प्रसादैकभूमिं**
**क्रूराकाशः कथमिव रुजाः कण्टका निर्लुठन्ति।।८।।**

ભવતજ સુખપદ બસે કામમદસુભટ સંહારે,
જો તુમકો નિરખંત સદા પ્રિયદાસ તિહારે;
તુમ વચનામૃતપાન ભક્તિઅંજુલિસોં પીવૈ,
તિન્હેં ભયાનક ક્રૂરરોગરિપુ કૈસે છીવૈ. ૮.

**અર્થ** :—હે જિનરાજ! આપ દુર્નિવાર કામદેવના મદને દૂર કરનાર છો અને કર્મરૂપ (દુઃખદાયક) વનમાંથી નીકળીને અનુપમ સુખનું સ્થાન જે મુક્તિધામ છે તેમાં પ્રવેશી ચુક્યા છો, આપનું આવું રૂપ જોનારને, આપના વચનામૃત ભક્તિરૂપ કટોરીથી પીનારને અને આપની કૃપા–પ્રસાદની એક ભૂમિ બનેલા પુરુષને ક્રૂર આકૃતિવાળા રોગરૂપી કાંટા કેવી રીતે પીડિત કરી શકે? કોઈ પણ પ્રકારે પીડા આપી શકે નહિ. ૮.

**पाषाणात्मा तदितरसमः केवलं रत्नमूर्तिर्–**
**मानस्तम्भो भवति च परस्तादृशो रत्नवर्गः ।**
**दृष्टि–प्राप्तो हरति स कथं मानरोगं नाराणां**
**प्रत्यासत्तिर्यथी न भवतस्तस्य तच्छक्ति हेतुः ।।९।।**

માનથંભ પાષાન આન પાષાન પટંતર,
એસે ઔર અનેક રતન દીખૈં જગ અંતર;
દેખત દૃષ્ટિપ્રમાન માનમદ તુરત મિટાવૈ,
જો તુમ નિકટ ન હોય શક્તિ યહ કયોં કર પાવૈ. ૯.

**અર્થ** :—હે જિનદેવ! આપના સમવસરણમાં સ્થિત જે માનસ્તંભ છે તે પાષાણનો છે તેથી અન્ય પાષાણો સમાન છે અને કેવળ રત્નપાષાણ-નિર્મિત મૂર્તિ છે, તેવા રત્નો બીજા પણ છે, તો પાછી તે મનુષ્યોના માનરૂપી રોગને દર્શનમાત્રથી જ કેવી રીતે દૂર કરે છે, જો આપની સમીપતાના પ્રભાવથી જ તેમાં તે શક્તિ ઉત્પન્ન ન થતી હોય? અર્થાત્ આપની સમીપતાના પ્રભાવથી જ તેનામાં તેવી શક્તિનો સંચાર થાય છે કે જે બીજા પાષાણ તથા રત્નોમાં હોતી નથી, માટે આપનો જ અપૂર્વ મહિમા છે. ૯.

हृद्यः प्राप्तो मरुदपि भवन्मूर्ति–शैलोपवाही
सद्यः पुंसां निरवधिरुजाधूलिबन्धं धुनोति।
ध्यानाहूतो हृदय–कमलं यस्य तु त्वं प्रविष्टम्–
तस्याशक्यः क इह भुवने देव लोकोपकारः ॥१०॥

પ્રભુતન પર્વતપરસ પવન ઉરમેં નિવહૈ હૈ,
તાસોં તતછિન સકલ રોગરજ બાહિર હ્વૈ હૈ;
જાકે ધ્યાનાહૂત બસો ઉરઅંબુજમાંહીં,
કૌન જગત ઉપકારકરન સમરથ સો નાહીં. ૧૦.

**અર્થ** :—હે જિનદેવ! આપની મૂર્તિરૂપી પર્વતને અડીને વહેતો પવન પણ અનુકૂળપણે પ્રાપ્ત થઈને મનુષ્યોના નિઃસીમ રોગરૂપી ધૂળના સમૂહને શીઘ્ર ખંખેરી નાખે છે તો પછી ધ્યાન દ્વારા બોલાવાયેલ આપ જેના હૃદયકમળમાં પ્રવેશ કરો છો તે મનુષ્ય દ્વારા એવો કયો લોકોપકાર છે કે જે આ લોકમાં અશક્ય હોય? ૧૦.

**जानासि त्वं मम भवभवे यच्च यादृक् च दुःखं**
**जातं यस्य स्मरणमपि मे शसवन्निष्पिनष्टि।**
**त्वं सर्वेशः सकृप इति च त्वामुपेतोऽस्मि भक्त्या**
**यत्कर्तव्यं तदिह विषये देव एव प्रमाणम्॥११॥**

જનમ જનમકે દુઃખ સહે સબ તે તુમ જાનો,
યાદ કિયે મુઝ હિયે લગૈ આયુધસે માનોં;
તુમ દયાલ જગપાલ સ્વામિ મૈ શરન ગહી હૈ,
જો કછુ કરનો હોય કરો પરમાન વહી હૈ. ૧૧.

**અર્થ** :—હે જિનેન્દ્રદેવ! (આ ચતુર્ગતિરૂપ સંસારમાં અનાદિકાળથી ભ્રમણ કરતા) મને ભવભવમાં જે, જેટલું અને જે પ્રકારનું દારૂણ દુઃખ પ્રાપ્ત થયું છે કે જેનું સ્મરણ પણ મને શસ્ત્ર આઘાતની જેમ કષ્ટ આપે છે તે બધું આપ જાણો છો, આપ સર્વ રીતે સમર્થ છો, દયાળુ છો તેથી જ હું ભક્તિભાવપૂર્વક આપના શરણમાં આવ્યો છું. હવે આ વર્તમાન દુઃખ–સંતાપના વિષયમાં જે કાંઈ પણ કર્તવ્ય હોય તે જ મને પ્રમાણ છે– આપ જે કાંઈ પણ કરશો તે મને માન્ય છે, મેં આપના ઉપર બધું છોડી દીધું છે. ૧૧.

**प्रापद्दैव तव नुतिपदैर्जीवकेनोपदिष्टैः**
**पापाचारी मरणसमये सारमेयोऽपि सौख्यम्।**
**कः सन्देहो यदुपलभते वासव–श्री–प्रभुत्वं**
**जल्पन् जाप्यैर्मणिभिरमलैस्त्वन्नमस्कारचक्रम्॥१२॥**

મરન સમય તુમ નામ મંત્ર જીવકતૈં પાયો,
પાપાચારી શ્વાન પ્રાન તજ અમર કહાયો,
જો મણિમાલા લેય જપૈ તુમ નામ નિરંતર,
ઈન્દ્રસંપદા લહૈ કૌન સંશય ઈસ અંતર. ૧૨.

**અર્થ :**—હે જિનેન્દ્રભગવાન! એક પાપાચારી–આખી જિંદગી પાપમાં લીન–કૂતરો પણ મરતી વખતે જીવક દ્વારા કાનમાં જપવામાં આવેલા આપના નમસ્કાર મંત્રના પ્રભાવથી દેવગતિનું સુખ પામ્યો છે તો પછી કોઈ નિર્મળ મણિની માળાથી આપના નમસ્કારચક્રનો ભાવપૂર્વક જાપ કરતો થકો મરીને ઈન્દ્રની વિભૂતિનો સ્વામી બને એમાં શો સંદેહ છે? અર્થાત્ એમાં કોઈ સંદેહનો અવસર નથી. ૧૨.

**शुद्धे ज्ञाने शुचिनि चरिते सत्यपि त्वय्यनीचा**
**भक्तिर्नो चेदनवधिसुखावञ्चिका कुञ्चिकेयम्।**
**शक्योद्‌घाटं भवति हि कथं मुक्तिकामस्य पुंसो**
**मुक्ति–द्वारं परिदृढ–महामोह–मुद्रा–कपाटम्॥१३॥**

**જો નર નિર્મલ જ્ઞાન માન શુચિ ચારિત સાધૈ,**
**અનવધિ સુખકી સાર ભક્તિ કૂચી નહિં લાધૈ;**
**સો શિવવાંછક પુરૂષ મોક્ષપટ કેમ ઉધારૈ,**
**મોહ મુહર દિઢ કરી મોક્ષમંદિરકે દ્વારૈ. ૧૩.**

**અર્થ :**—હે ભગવાન! શુદ્ધ જ્ઞાન અને નિર્મળ ચારિત્ર હોવા છતાં પણ જો મુમુક્ષુ જીવની આપના પ્રત્યે આ ઊંચા પ્રકારની ભક્તિ ન હોય કે જે અમર્યાદિત–અનંત સુખ પ્રાપ્તિની અચુક કૂંચી છે—તો તે મુક્તિનું દ્વાર કેવી રીતે ખોલી શકશે કે જે સુદૃઢ મહામોહની મુદ્રા યુક્ત તાળાવાળા દ્વારથી બંધ છે? અર્થાત્ નહિ ખોલી શકે. ૧૩.

**प्रच्छन्नः खल्वयमघमयैरन्धकारैः समन्तात्**
**पन्था मुक्तेः स्थपुटितपदः क्लेशगर्तैरगाधैः।**
**तत्कस्तेन व्रजति सुखतो देव तत्त्वावभासी**
**यद्यग्रेऽग्रे न भवति भवद्‌भारती–रत्नदीपः॥१४॥**

**શિવપુરકેરો પંથ પાપતમસો અતિછાયો,**
**દુખસરૂપ બહુ કૂપખાડ સોં વિકટ બતાયો;**

સ્વામી સુખસોં તહાં કૌન જન મારગ લાગૈં,
પ્રભુ પ્રવચન મણિદીપ જોન કે આગૈં આગૈં. ૧૪.

**અર્થ** :—હે જિનદેવ! મુક્તિનો આ માર્ગ બધી બાજુથી પાપરૂપ અંધકારથી–મિથ્યાદર્શનાદિરૂપ તિમિરપટલોથી–આચ્છાદિત છે અને બહુ ઊંડા ક્લેશકારી ખાડાઓ દ્વારા–નરક, નિગોદાદિના દુઃખોથી પૂર્ણ સ્થાનોથી ઊબડ–ખાબડ વિષમ સ્થાન બનેલ છે; ત્યાં કયો મનુષ્ય સુખપૂર્વક તે માર્ગ ઉપર ચાલી શકે? જો યથાર્થ વસ્તુતત્ત્વનો પ્રકાશક આપના વચનરૂપ રત્ન–દીપક આગળ આગળ ન ચાલતો હોય. ભાવાર્થ એમ છે કે આપની વાણીનો પ્રકાશ પામ્યા વિના કોઈ પણ મનુષ્ય તે મુક્તિના માર્ગ પર સુખપૂર્વક ચાલવામાં સમર્થ થઈ શકે નહિ. ૧૪.

**आत्मज्योतिर्निधिरनवधिर्द्रष्टुरानन्दहेतुः**
**कर्म–क्षोणी–पटल–पिहितो योऽनवाप्यः परेषाम् ।**
**हस्ते कुर्वन्त्यनतिचिरतस्तं भवद्भक्ति–भाजः**
**स्तोत्रैर्बन्ध–प्रकृति–परुषोद्दाम–धात्री–खनित्रैः ।।१५।।**

કર્મપટલભૂમાહિં દબી આતમનિધિ ભારી,
દેખા અતિસુખ હોય વિમુખજન નાહિં ઉધારી;
તુમ સેવક તતકાલ તાહિ નિહચૈ કર ધારૈ,
થુતિ કુદાલસોં ખોદ બંદ ભૂ કઠિન વિદારે. ૧૫.

**અર્થ** :—આત્મજ્યોતિરૂપ નિધિ અમર્યાદિતરૂપે સ્થિત છે તેનો ક્યાંય અંત નથી–જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પૃથ્વીના પડોથી તે આચ્છાદિત છે, જોનારને આનંદનું કારણ છે–દર્શનમાત્રથી જેના આનંદનો ઉદ્દ્ભવ થાય છે અને જે બીજાઓ દ્વારા–અભક્ત હૃદયો દ્વારા અપ્રાપ્ય છે, તેને આપના ભક્તો તરત જ તે સ્તોત્રો દ્વારા પ્રાપ્ત કરી લે છે કે જે (પ્રકૃતિ, સ્થિતિ, અનુભાગ–પ્રદેશરૂપ) દૃઢ બંધનપ્રાપ્ત કઠોર અને અતિ ઉગ્ર (કર્મરૂપ) ભૂમિને ખોદવામાં સમર્થ તીક્ષ્ણ કોદાળી સમાન છે. ૧૫.

प्रत्युत्पन्ना नय हिमगिरेरायता चामृताब्धे-
यी देव त्वत्पद–कमलयोः संगता भक्ति-गंगा।
चेतस्तस्यां मम रूचिवशादाप्लुतं क्षालितांहः
कल्माषं यद्भवति किमियं देव सन्देह–भूमि॥१६॥

શ્યાદ્વાદગિરિ ઉપજૈ મોક્ષ સાગર લોં ધાઈ,
તુમ ચરણાંબુજ પરસ ભક્તિગંગા સુખદાઈ;
મો ચિત્ત નિર્મલ થયો ન્હોન રુચિપૂરવ તામૈં,
અબ વહ હો ન મલીન કૌન જિન સંશય યામૈં. ૧૬.

**અર્થ** :—હે જિનદેવ! આપના ચરણકમળોને પ્રાપ્ત થયેલી જે ભક્તિ–ગંગા છે તે (સ્યાદ્વાદ) નયરૂપ હિમાલયમાંથી ઉત્પન્ન થઈને પ્રવાહિત થઈ અમૃતસાગરરૂપ મોક્ષમાં જઈને મળી છે. તેમાં મારું મન સ્વરુચિથી ડૂબકી લગાવીને જો પાપરૂપ મેલને ધોઈ નાખે તો એમાં શું કોઈ સંદેહ કરવા જેવી વાત છે? જરા પણ સંદેહ કરવા યોગ્ય વાત નથી. ૧૬.

प्रादुर्भूत–स्थिरपद–सुख त्वामनुध्यायतो मे
त्वय्येवाहं स इति मतिरूपत्पद्यते निर्विकल्पा।
मिथ्यैवेयं तदपि तनुते तृप्तिमभ्रेषरूषां
दोषात्मनोऽप्यनिमतफलास्त्वत्प्रसादाद्भवन्ति॥१७॥

તુમ શિવસુખમય પ્રગટ કરત પ્રભુ ચિંતન તેરો,
મૈં ભગવાન સમાન ભાવ યોં વરતૈ મેરો;
યદપિ જૂઠ હૈ તદપિ તૃપ્તિ નિશ્ચલ ઉપજાવૈ,
તુવ પ્રસાદ સકલંક જીવ વાંછિત ફલ પાવૈ. ૧૭.

**અર્થ** :—સ્થિર પદના સુખની પ્રગટતા પામેલ હે જિનેન્દ્ર ભગવાન! આપનું ધ્યાન કરતાં મને આપના વિષયમાં સોઽહંની નિર્વિકલ્પ બુદ્ધિ–જે આપ છો તેજ હું છું એવી નિઃસંશય બુદ્ધિ ઉત્પન્ન થઈ છે. આ

બુદ્ધિ જો કે મિથ્યા જ છે તો પણ તે મને અચળ તૃપ્તિ આપે છે અને તે યોગ્ય છે કારણ કે આપના પ્રસાદથી દોષી મનુષ્ય પણ અભિમત ફળની પ્રાપ્તિ કરી લે છે. ૧૭.

मिथ्यावादं मलमपनुदन् सप्तभंगी–तरङ्गै–
वागम्भोदिर्भुवनमखिलं देव पर्यति यस्ते।
तस्यावृतिं सपदि विबुधाश्चेतसैवाचलेन
व्यातन्वन्तः सुचिरममृतासे वयातृप्नुवन्मि॥१८॥

વચન જલધિ તુમ દેવ સકલ ત્રિભુવનમેં વ્યાપૈ,
ભંગ તરંગિનિ વિકથવાદમલ મલિન ઉથાપૈ;
મનસુમેરુસો મથૈ તાહિ જે સમ્યગ્જ્ઞાની
પરમામૃત સોં તૃપત હોહિં તે ચિરલોં પ્રાની. ૧૮.

**અર્થ** :—હે અર્હન્ ભગવન્! આપનો જે વચનસમુદ્ર છે–દિવ્ય-ધ્વનિ દ્વારા મુખારિત થયેલો શ્રુતસાગર છે–તે પોતાની સપ્તભંગાત્મક તરંગોદ્વારા મિથ્યાવાદરૂપ મળને–સર્વથા એકાન્તમય વસ્તુતત્ત્વના કથન વિકારને–દૂર કરતો થકો આખાય વિશ્વમાં ફેલાયેલ છે. જે વિબુધજન છે તેઓ શીઘ્ર જ પોતાના એકાગ્ર ચિત્ત દ્વારા તેનું મંથન કરીને જે અમૃત–મોક્ષતત્ત્વને પ્રાપ્ત કરે છે તેની ભરપૂર સેવાથી ચિરકાળ સુધી તૃપ્ત અને સુખી બની રહે છે. ૧૮.

आहार्य्येभ्यः स्पृहयति परं यः स्वभावादहृद्यः
शस्त्र–ग्राही भवति सततं वैरिणा यश्च शक्यः।
सर्वाङ्गेषु त्वमसि सुभगस्त्वं न शक्यः परेषां
तत्किं भूषा–वसनकुसुमैः किं च शस्त्रैरुदस्त्रैः॥१९॥

જો કુદેવ છબિહીન વસન ભૂષણ અભિલાખૈ;
વૈરી સોં ભયભીત હોય સો આયુધ રાખૈ;
તુમ સુંદર સર્વાંગ શત્રુ સમરથ નહિં કોઈ,
ભૂષણ વસન ગદાદિ ગ્રહન કાહેકો હોઈ. ૧૯.

**અર્થ** :—જે સ્વભાવથી અમનોજ્ઞ હોય તે શૃંગારોની ઈચ્છા કરે છે અને જે શત્રુ દ્વારા જીતાઈ જવા યોગ્ય હોય તે ભયથી સદા શસ્ત્રોનું ગ્રહણ કરે છે. ભગવાન્! આપ તો સર્વાંગ સુંદર છો, બીજાઓ દ્વારા આપ અજેય છો; તો પછી (સ્વભાવથી જ સુંદર હોવાને લીધે) વસ્ત્રો આભૂષણો અને પુષ્પોનું આપને શું પ્રયોજન હોય? તથા શત્રુઓથી અજેય હોવાના કારણે શસ્ત્રો–અશસ્ત્રોથી પણ શું પ્રયોજન હોય ૧૯.

इन्द्रः सेवां तव सुकुरुतां किं तया श्लाघनं ते
तस्यैवेयं भवलयकारी श्लाध्यतेमातनोति।
त्वं निस्तारी जनन–जलधेः सिद्धि–कान्ता–पतिस्त्वं
त्वं लोकानां प्रभुरिति तव श्लाध्यते स्तोत्रमित्थम्॥२०॥

સુરપતિ સેવા કરૈ કહા પ્રભુ પ્રભુતા તેરી,
સો સલાધના લહૈ મિટૈ જગસોં જગ કેરી;
તુમ ભવજલધિ જિહાજ તોહિ શિવકંત ઉચરિયે,
તુહીં જગત–જનપાલ નાથથુતિકી થુતિ કરીયે. ૨૦.

**અર્થ** :—હે તીર્થંકર ભગવાન! ઈન્દ્ર આપની જે સારી રીતે–સેવા પૂજા–ભક્તિ કરે છે તેનાથી આપનો શું મહિમા અથવા પ્રશંસા છે? કાંઈ પણ નહિ. આ સેવા તો તે ઈન્દ્રના જ મહિમા પ્રશંસાનું કારણ બને છે; કેમ કે તે તેના ભવભ્રમણનો નાશ કરે છે. વાસ્તવમાં આપ સંસાર-સમુદ્રથી પાર કરનાર છો, સિદ્ધિકાન્તાના સ્વામી છો અને ત્રણે લોકના સ્વામી છો આ જાતનું સ્તોત્ર આપની પ્રશંસાનું દ્યોતક છે. ૨૦.

वृत्तिर्वाचामपरसदृशी न त्वमन्येन तुल्यः
स्तुत्युद्गाराः कथमिव ततः त्वय्यमी नः क्रमन्ते।
भैवं भूवंस्तदपि भगवन् भक्ति–पीयूष पुष्टाम्–
ते भव्यानामभिमतफलाः पारिजाता भवन्ति॥२१॥

વચન જાલ જડરૂપ આપ ચિન્મૂરતિ ઝાંઈ,
તાતૈં યુતિ આલાપ નાહિં પહુંચૈ તુમ તાંઈ;
તો ભી નિર્ફલ નાહિં ભક્તિરસભીને વાયક,
સંતનકો સુરતરુ સમાન વાંછિત વરદાયક. ૨૧.

**અર્થ** :—હે ભગવન્! વચનોની પ્રવૃત્તિ અપરસદૃશ છે–અચેતન પુદ્‌ગલ જેવી છે અને આપ અન્યસમ–પુદ્‌ગલરૂપ નથી તેથી અમારા સ્તુતિરૂપ વચનો આપની પાસે કેવી રીતે પહોંચી શકે? ન પહોંચી શકે; પરંતુ ભલે ન પહોંચે છતાં પણ ભક્તિરૂપ સુધારસથી પુષ્ટ થયેલા આ સ્તુતિરૂપ ઉદ્‌ગાર ભવ્યજીવોને માટે અભિષ્ટ ફળ આપનાર કલ્પવૃક્ષ સમાન બને છે. ૨૧.

**कोपावेशो न तव न तव क्वापि देवप्रसादो**
**व्याप्तं चेतस्तव हि परमोपेक्षयैवानपेक्षम् ।**
**आज्ञावश्यं तदपि भुवनं सन्निधिर्वैर–हारी**
**क्वैवंभूतं भुवनतिलक प्राभवं त्वत्परेषु ॥२२॥**

કોપ કભી નહિં કરો પ્રીતિ કબહૂ નહિં ધારો,
અતિ ઉદાસ બેચાહ ચિત્ત જિનરાજ તિહારો;
તદપિ આન જગ બહૈ બૈર તુમ નિકટ ન લહિયે,
યહ પ્રભુતા જગ તિલક કહાં તુમ વિન સરદહિયે. ૨૨.

**અર્થ** :—હે ત્રિભુવનતિલક દેવ! આપ કોઈના પણ ઉપર ક્રોધ કરતા નથી અને કોઈના પણ ઉપર પ્રસન્નતાનો ભાવ પણ પ્રગટ કરતા નથી. વાસ્તવમાં આપનું ચિત્ત જે કોઈની અપેક્ષા રાખતું નથી તે સદા પરમ ઉપેક્ષાથી–વીતરાગતાથી વ્યાપ્ત રહે છે. આમ હોવા છતાં પણ આ લોક આપની આજ્ઞાને આધીન છે અને આપનું સામીપ્ય વેરને દૂર કરે છે– આપની સમીપ આવતાં જાતિવિરોધી જીવોનું વેર ચાલ્યું જાય છે, કોઈ એક બીજાને દ્વેષભાવથી જોતું નથી. આવી જાતનો પ્રભાવ આપનાથી ભિન્ન કોપાદિયુક્ત સરાગ દેવોમાં ક્યાં હોય? ક્યાંય ન હોય ૨૨.

देव स्तोतुं त्रिदिव–गणिका–मण्डली–गीतकीर्ति
तोतूर्ति त्वां सकल–विषय–ज्ञान–मूर्तिं जनो यः।
तस्य क्षेमं न पदमटतो जातु जोहूर्ति पन्थासू–
तत्त्वग्रन्थ–स्मरण–विषये नैष भोमूर्ति मर्त्यः॥२३॥

સુરતિય ગાવૈં સુયશ સર્વગતિ જ્ઞાનસ્વરૂપી,
જો તુમકો થિર હોહિં નમૈં ભવિઆનંદરૂપી;
તાહિ છેમપુર ચલનવાટ બાકી નહિ હો હૈં,
શ્રુતકે સુમરનમાંહિ સો ન કબહૂ નર મોહૈં. ૨૩.

**અર્થ :**—હે જિનદેવ! આપ એવા જ્ઞાનની મૂર્તિ છો કે જેણે સકળ પદાર્થોને પોતાનો વિષય કર્યો છે અને સ્વર્ગોની અપ્સરાઓએ મળીને આપના ખૂબ યશોગાન કર્યા છે. આપની સ્તુતિ કરવા માટે જે ઉત્સુક અને ઉદ્યત થાય છે તે ક્ષેમરૂપ મોક્ષ તરફ ગમન કરનાર મનુષ્યોનો માર્ગ કદી પણ કુટિલ અને જટિલ બનતો નથી અને તે તત્ત્વગ્રન્થોના સ્મરણમાં કદી મોહ પામતા નથી–તત્ત્વસમૂહના વિષયમાં તેમને કદી કોઈ સંદેહ ઉત્પન્ન થતો નથી. ૨૩.

चित्त कुर्वन्निरवधि–सुख–ज्ञान–दृग्दवीर्यरूपं
देव! त्वां यः समय–नियमादादरेण स्तवीति।
श्रेयोमार्गं स खलु सुकृती तावता पूरयित्वा
कल्याणानां भवति विषयः पञ्चधा पञ्चितानाम्॥२४॥

અતુલ ચતુષ્ટયરૂપ તુમૈં જો ચિત્તમૈં ધારૈ,
આદરસોં તિહુંકાલમાહિં જગથુતિ વિસ્તારે;
સો સુકૃત શિવપંથ ભક્તિરચના કર પૂરૈ!
પંચકલ્યાનક ૠદ્ધિપાય નિહચૈ દુઃખ ચૂરૈ. ૨૪.

**અર્થ :**—હે તીર્થંકર જિનદેવ! જે કોઈ ભવ્યપ્રાણી આપને

અનંતસુખ, અનંતજ્ઞાન, અનંત દર્શન અને અનંતવીર્યરૂપ હૃદયમાં ધારણ કરતો થકો–ધ્યાતો થકો નિશ્ચિત સમયના નિયમપૂર્વક નિત્ય આદર સહિત આપની સ્તુતિ કરે છે તે પુણ્યવાન પુરુષ એટલા માત્રથી જ કલ્યાણમાર્ગને પૂર્ણ કરીને પાંચ પ્રકારના વિસ્તૃત કલ્યાણકોનો પાત્ર બને છે. ૨૪.

**भक्तिप्रह्व–महेन्द्र–पूजितपद त्वत्कीर्तने न क्षमाः**
**सूक्ष्म–ज्ञान–दृशोऽपि संयमभृतः के हन्त मन्दा वयम्।**
**अस्माभिः स्तवनच्छलेन तु परस्त्वय्यादरस्तन्यते**
**स्वात्माधीन–सुखैषिणां स खलु नः कल्याण–कल्पद्रुमः।।२५।।**

અહો જગતપતિ પૂજ્ય અવધિજ્ઞાની મુનિ હારૈ,
તુમ ગુનકીર્તનમાહિં કૌન હમ મંદ વિચારૈ;
થુતિ છલસોં તુમ વિષૈ દેવ આદર વિસ્તારે!
શિવમુખ પૂરનહાર કલ્પતરુ યહી હમારે. ૨૫.

**અર્થ :—**હે જિનેન્દ્ર ભગવાન! ભક્તિથી નમ્રીભૂત થઈને મહાન દેવેન્દ્ર આપના ચરણોને પૂજે છે, સૂક્ષ્મ જ્ઞાન–દર્શનના ધારક અને સંયમથી ભરપૂર (સ્વામી સમન્તભદ્ર જેવા સ્તુતિકાર) મુનિરાજ પણ આપનું કીર્તન કરવામાં સમર્થ નથી; તો અમારા જેવા મન્દબુદ્ધિવાળાઓની તો વાત જ શી કરવી? અમે તો સ્તવનના બહાને આપના પ્રત્યે મારા ઉચ્ચ આદરનો વિસ્તાર કર્યો છે. આ સ્તવનરૂપ ઉચ્ચ આદર અમારા જેવા સ્વાત્માધીન સુખના ઈચ્છકોને માટે 'કલ્યાણ–કલ્પદ્રુમ' છે–કલ્યાણ પ્રદાન કરનાર કલ્પવૃક્ષ છે. ૨૫.

## પ્રશસ્તિ

**वादिराजमनु शाब्दिक–लोको**
**वादिराजमनु तार्किक–सिंहः।**
**वादिराजमनु काव्यकृतस्ते**
**वादिराजमनु भव्य सहायः।।१।।**

વાદિરાજ મુનિતૈં અનુ, વૈયાકરણી સારે,
વાદિરાજ મુનિતૈં અનુ તાર્કિક વિદ્યાવારે;
વાદિરાજ મુનિતૈં અનુ હૈં કાવ્યનકે જ્ઞાતા,
વાદિરાજ મુનિતૈં અનુ હૈં ભવિજનકે ત્રાતા.

**અર્થ :**—(વર્તમાનમાં–વાદિરાજના સમયમાં) જે શાબ્દિક લોક છે–શબ્દશાસ્ત્રના જ્ઞાતાઓ (વૈયાકરણો)નો સમૂહ છે–તે વાદિરાજનો અનુવર્તી છે–પ્રસ્તુત સ્તોત્રના કર્તા વાદિરાજમુનિ તેમના અગ્રણી છે–જે તાર્કિક સિંહોનો સમૂહ છે, તે વાદિરાજનો અનુવર્તી છે; જે કાવ્યકર્તા છે તે બધા વાદિરાજના અનુવર્તી છે અને જે ભવ્યજીવોની સહાય કરનારાઓનો સમુદાય છે, તે પણ વાદિરાજનો અનુવર્તી છે–વાદિરાજ મુનિને જ તેમાં પ્રમુખ સ્થાન પ્રાપ્ત છે.

સહજ ચિદાનંદ.

ॐ

શ્રી મહાકવિ ધનંજય રચિત

# વિષાપહાર સ્તોત્ર

(उपजाति)

स्वात्मस्थितः सर्वगतः समस्त–
व्यापारवेदी विनिवृत्तसंगः।
प्रवृद्धकालोप्यजरो वरेण्यः,
पायादपायात्पुरुषः पुराणः ॥१॥

**અર્થ** :—પોતાના આત્મસ્વરૂપમાં સ્થિત હોવા છતાં પણ સર્વવ્યાપક, સમસ્ત વ્યાપારોના જ્ઞાતા હોવા છતાં પણ પરિગ્રહરહિત, દીર્ઘાયુ હોવા છતાં પણ વૃદ્ધાવસ્થા રહિત, એવા સર્વશ્રેષ્ઠ પુરાણ પુરુષ શ્રી આદિનાથ જિનેન્દ્રદેવ ભવ્ય જીવોને સાંસારિક દુઃખોથી છોડાવીને મોક્ષસુખ પ્રદાન કરો. ૧.

સહજ ચિદાનંદ.

परैरचिन्त्यं युगभारमेकः,
स्तोतुं वहन्योगिभिरप्यशक्यः।
स्तुत्योऽद्य मेऽसौ वृषभो न भानोः,
किमप्रवेशे विशति प्रदीपः ॥२॥

**અર્થ** :—હે પ્રભો! આપ ચક્રવર્તી આદિ દ્વારા અચિંત્ય છો, કર્મભૂમિની શરૂઆતમાં કર્મભૂમિનો ભાર આપે એકલાએ જ વહન કર્યો હતો, આપની સ્તુતિ કરવામાં પરમ ઋદ્ધિસંપન્ન યોગીઓ પણ અસમર્થ છે. આજ તે જ શ્રી ઋષભનાથ ભગવાનની હું સ્તુતિ કરી રહ્યો છું. તે બરાબર છે કેમકે જ્યાં સૂર્યનો પ્રકાશ નથી પહોંચતો ત્યાં શું દીપક પ્રકાશ નથી કરતો? અર્થાત્ કરે જ છે. ૨.

तत्याज शक्रः शकनाभिमानं,
नाहं त्यजामि स्तवनानुबंधम्।
स्वल्पेन बोधेन ततोऽधिकार्थं,
वातायनेनेव निरूपयामि॥३॥

**અર્થ** :—હે ત્રિલોકનાથ! ઈન્દ્રે આપની સ્તુતિ કરવાની શક્તિનું અભિમાન છોડી દીધું હતું પરંતુ હું આપની સ્તુતિ કરવાનો પ્રયત્ન છોડતો નથી. જેમ નાનકડા વાબારામાંથી ડોકાઈને તેના કરતા અનેકગણા મોટા પદાર્થોનું વર્ણન કરવામાં આવે છે તેવી જ રીતે હું (મારા) થોડાક જ્ઞાન દ્વારા ઘણા મહાન પદાર્થનું વર્ણન કરું છું. ૩.

त्व विश्वदृश्व सकलैरदृश्यो,
विद्वानशेषं निखिलैरवेद्यः।
वक्तुं कियान्कीदृशमित्यशक्यः,
स्तुतिस्ततोऽशक्तिकथा तवास्तु॥४॥

**અર્થ** :—હે સર્વજ્ઞદેવ! આપ સકળ વિશ્વને દેખો છો પરંતુ આપ બધાથી અદૃશ્ય રહો છો. આપ પૂર્ણજ્ઞાતા છો પરંતુ આપને કોઈ જાણતું નથી. આપ કેવડા અને કેવા છો એ કહેવાને કોઈ સમર્થ નથી માટે આપની સ્તુતિ ન કરી શકવારૂપ જે કથા છે તે જ આપની સ્તુતિ છે. ૪.

व्यापीडितं बालमिवात्मदोषै–
रुल्लाघतां लोकमवापिपस्त्वं।
हिताहितान्वेषणमांद्यभाजः
सर्वस्य जंतोरसि बालवैद्यः॥५॥

**અર્થ** :—હે જિનેશ્વર! જેમ બાળકો અણસમજણા હોવાને કારણે વાતાદિ દોષોથી પીડાતા હોય છે તે સમયે બાળરોગોના નિષ્ણાત વૈદ્ય તેમને નિરોગ કરે છે તેવી જ રીતે સંસારી જીવો પોતાના આત્માની ભ્રાન્તિરૂપ રોગથી અત્યંત દુઃખી થઈ રહ્યા છે તેમને આપે મોક્ષમાર્ગરૂપી નીરોગતાની

પ્રાપ્તિ કરાવી છે. હિત–મોક્ષ (આત્માની પૂર્ણ અવસ્થા) અને મોક્ષના કારણ (પૂર્ણતાની શ્રદ્ધા) તથા અહિત–સંસાર (આત્માની અપૂર્ણ દશા) અને સંસારના કારણ (અપૂર્ણતાની શ્રદ્ધા) બન્નેનો નિર્ણય કરવામાં અસમર્થ બધા અજ્ઞાની જીવોના આપ ખરેખર બાળવૈદ્ય છો. ૫.

**दाता न हर्ता दिवसं विवस्वा–**
**नद्यश्व इत्यच्युत दर्शिताशः।**
**सव्याजमेवं गमयत्यशक्तः**
**क्षणेन दत्सेऽभिमतं नताय।।६।।**

**અર્થ :—**હે અચ્યુત! આપ નમ્ર મનુષ્યને ક્ષણમાત્રમાં મનોવાંછિત સિદ્ધિ આપો છો. અર્થાત્ આપ સમાન નિજ શુદ્ધાત્માનું ધ્યાન કરનાર જીવોને આપ ક્ષણવારમાં મોક્ષદશાની પ્રાપ્તિ કરાવી દ્યો છો. પરંતુ સૂર્ય જેમ આજ અને કાલ એમ કરતો દિશા દેખાડીને દિવસ વીતાવી દે છે પરંતુ દેતો લેતો કાંઈ નથી તેવી જ રીતે આપના સિવાય બીજું કોઈ પણ આજ આપીશ, કાલ આપીશ, અને ઈચ્છિતપદ આપવાની આશા દેખાડીને સમય વીતાવી દે છે કેમ કે તે સ્વતઃ અસમર્થ છે. ૬.

**उपैति भक्त्या सुमुखः सुखानि,**
**त्वयि स्वभावाद्विमुखश्च दुःखं।**
**सदावदातद्युतिरेकरूप-**
**स्तयोस्त्वमादर्श इवावभासि।।७।।**

**અર્થ :—**હે પ્રભુવર! આપના પ્રત્યે ભક્તિ હોવાથી સમ્યગ્દૃષ્ટિ જીવ સ્વભાવથી જ સુખ પામે છે અને આપથી વિમુખ મિથ્યાદૃષ્ટિ જીવ દુઃખ પામે છે. કેવળજ્ઞાન રૂપી પરમદ્યુતિને ધારણ કરનાર આપ સદૈવ તે બન્ને તરફ દર્પણની જેમ સમતા સ્વભાવ ધારણ કરીને શોભાયમાન થાવ છો અર્થાત્ પુજારી ઉપર આપ પ્રસન્ન થતા નથી અને નિન્દક ઉપર કોપ કરતા નથી છતાં પણ તેઓ પોતપોતાના પરિણામો અનુસાર સુખ–દુઃખ પામે છે. ૭.

**अगाधताब्धेः स यतः पयोधि–**
**र्मेरोश्च तुङ्गा प्रकृति स यत्र।**
**घावापृथिव्यो पृथुता तथैव,**
**व्याप त्वदीया भुवनान्तराणि॥८॥**

**અર્થ** :—હે જિનેશ્વર! સમુદ્રની ઊંડાઈ સમુદ્ર સુધી જ સીમિત છે અને મેરુ પર્વતની ઊંચાઈ મેરુ પર્વત સુધી જ સીમિત છે અને આકાશ તથા પૃથ્વીની વિશાળતા પણ તેમના સુધી જ સીમિત છે પરંતુ આપની ધીરજ, ઉન્નત પ્રકૃતિ અને ઉદારતા સમસ્ત લોકાલોકમાં વ્યાપી રહી છે. ૮.

**तवानवस्था परमार्थतत्त्वं,**
**त्वया न गीतः पुनरागमश्च।**
**दृष्टं विहाय त्वमदृष्टमैषी–**
**र्विरुद्धवृत्तोऽपि समञ्जसस्त्वं॥९॥**

**અર્થ** :—હે જિનેન્દ્રદેવ! આપના શાસનમાં પરમાર્થતત્ત્વ (નિશ્ચયતત્ત્વ) અનવસ્થા (અનિયતસ્થિતિ અથવા પરિવર્તનશીલતા) છે તથા આપે અનવસ્થા (પરિવર્તનશીલતા) બતાવીને પુનરાગમનનો અભાવ કહ્યો છે. આપ પ્રત્યક્ષ ફળ છોડીને અદૃષ્ટ ફળ ચાહો છો; આ પ્રમાણે આપ વિરુદ્ધ આચરણ સહિત હોવા છતાં પણ વિરુદ્ધ આચરણ રહિત છો, એ મહાન્ આશ્ચર્ય છે. ૯.

**ભાવાર્થ** :—પ્રસ્તુત શ્લોકમાં વિરોધાભાસ અલંકાર છે. વસ્તુતત્ત્વ અનેક ધર્માત્મક છે. સર્વથા નિત્યત્વ, એકત્વાદિ સ્વરૂપ નથી. કેમ કે દ્રવ્યદૃષ્ટિથી નિત્ય અને પર્યાયદૃષ્ટિથી અનિત્ય ધર્માત્મક છે. સંસારી જીવોની અપેક્ષાએ પુનરાગમન છે પરંતુ મુક્ત જીવોની અપેક્ષાએ પુનરાગમન નથી કેમ કે સંસારી જીવ રાગ દ્વેષ, મોહભાવોને વશ થવાના કારણે જુદી જુદી યોનિઓમાં પરિભ્રમણ કર્યા કરે છે પરંતુ મુક્ત જીવોમાં કર્મકલંકનો અભાવ થઈ ગયો છે તેથી તેમને પુનરાગમન થતું નથી. દૃષ્ટફળ છોડીને અદૃષ્ટફળ

ચાહવાનો અભિપ્રાય એ છે કે આપે ઈન્દ્રિયજનિત તુચ્છ સુખ છોડીને અતીન્દ્રિયજન્ય પરમસુખ મોક્ષની ચાહ કરી. આ પ્રમાણે અર્થ કરવાથી વાસ્તવમાં કોઈ પણ વિરોધ નથી. ૯.

स्मरः सुदग्धो भवतैव तस्मि–
न्नुद्धलितात्मा यदि नाम शम्भुः।
अशेत वृन्दोपहतोऽपि विष्णुः
किं गृह्यते येन भवानजागः॥१०॥

**અર્થ** :—હે અનંતવીર્યના ધારક! લોકવિજયી કામને વાસ્તવમાં આપે જ ભસ્મ કર્યો છે, બીજા કોઈએ નહિ. જો મહાદેવને કામને ભસ્મ કરવાને કારણે ઈશ્વર કહો તો તે બરાબર નથી કારણ કે તે પણ પાછળથી કામથી પીડિત થઈ ગયા હતા. વિષ્ણુ પણ લક્ષ્મીની સાથે શયન કરવાને કારણે અનેક આકુળતાઓથી પીડિત છે પરંતુ આપ સદૈવ આત્મામાં જાગૃત રહેવાને કારણે કામનિદ્રામાં અચેત થયા નહિ અર્થાત્ હરિહરાદિક બધા દેવ બાહ્ય પરિગ્રહથી લિપ્ત, નિદ્રા આદિ અઢાર દોષ સહિત તથા કામદ્વારા પીડિત છે અને આપ અઢાર દોષરહિત બાહ્ય અંતરંગ બધા પરિગ્રહોથી રહિત, નિરાકુળ અને સાચા કામવિજેતા છો. ૧૦.

स नीरजीस्यादपरोऽधवान्वा,
तदोषकीर्त्यैव न ते गुणित्वम्।
स्वतोऽम्बुराशेर्महिमा न देव!
स्तोकापवादेन जलाशयस्य॥११॥

**અર્થ** :—હે જિનદેવ! આપનાથી ભિન્ન તે હરિહરાદિ દેવ નિર્દોષ હોય કે સદોષ હોય, તેમના દોષોનું વર્ણન કરવા માત્રથી જ આપનું ગુણીપણું નથી. જેમ વાવ, કૂવો, તળાવ આદિની નિંદા કરવાથી સમુદ્રનો મહિમા હોય એમ બાબત નથી પરંતુ સમુદ્રનો મહિમા સ્વભાવથી જ હોય છે તેવી જ રીતે અનંત જ્ઞાનાદિ અપરિમિત ગુણોના સ્વામી હોવાથી આપનો સર્વોપરિ મહિમા સ્વભાવથી જ છે. ૧૧.

कर्मस्थितिं जन्तुरनेकभूमिं,
नयत्यमुं सा च परस्परस्य।
त्वं नेतृभावं हि तयोर्भवाब्धौ,
जिनेन्द्र नौनाविकयोरिवाख्यः।।१२।।

**અર્થ :**—હે ભગવાન! જેમ સમુદ્રમાં હોડી નાવિકને અને નાવિક હોડીને લઈ જાય છે તેવી જ રીતે સંસારી જીવ કર્મોની સ્થિતિને અને કર્મ સંસારીજીવોને પરસ્પર જુદી જુદી અવસ્થાઓમાં લઈ જાય છે પરિણામે હે જિનેન્દ્રદેવ! આપે સંસારરૂપી ઘોર સમુદ્રમાં પરસ્પર એકબીજાનું નેતૃત્વ (વ્યવહારનયથી) કહ્યું છે. ૧૨.

सुखाय दुःखानि गुणाय दोषा-
न्धर्माय पापानि समाचरंति।
तैलाय बालाः सिकतासमूहं
निपीडयंति स्फुटमत्वदीयाः।।१३।।

**અર્થ :**—હે ત્રિભુવનપતિ! આપના શાસનથી બાહ્ય સર્વથા એકાન્તવાદી જનો સુખની પ્રાપ્તિ માટે દુઃખોનું (પર્વત ઉપરથી પડવું, અગ્નિમાં પ્રવેશ કરવો આદિ ઘોર દુઃખોનું), ગુણોની પ્રસિદ્ધિ માટે (હાડકાની ખોપરીઓની માળા પહેરવી, મૃગના ચામડાનું આસન રાખવું ઈત્યાદિ) પ્રત્યક્ષ દોષોનું, ધર્મ માટે (અશ્વમેઘ, નરમેઘ અને નરપશુયજ્ઞરૂપ) પાપોનું આચરણ કરે છે. આ પ્રમાણે હેયોપાદેય (હિતાહિત) જ્ઞાન રહિત જીવ તેલની પ્રાપ્તિ માટે રેતીનો સમૂહ પીલે છે. ૧૩.

विषापहारं मणिमौषधानि
मंत्रं समुद्दिश्य रसायनं च।
भ्राम्यन्त्यहो न त्वमिति स्मरन्ति
पर्यायनामानि तवैव तानि।।१४।।

**અર્થ** :—હે ભગવાન! આશ્ચર્યની વાત છે કે સંસારી જીવો વિષ દૂર કરનાર મણિ, ઔષધ, મંત્ર, રસાયણ અને કલ્પવૃક્ષ આદિની પ્રાપ્તિ માટે અહીં તહીં ભટકે છે પરંતુ આપનું સ્મરણ કરતા નથી. જો કે મણિ આદિ બધા શબ્દો આપના પવિત્ર નામના જ પર્યાયવાચી છે. ૧૪.

**चित्ते न किञ्चित्कृतवानसि त्वं**
**देवःकृतश्चेतसि येन सर्वम्।**
**हस्ते कृतं तेन जगद्विचित्रं**
**सुखेन जीवत्यपि चित्तबाह्यः॥१५॥**

**અર્થ** :—હે ત્રિભુવનારાધ્ય! આપના હૃદયમાં (વીતરાગ હોવાથી રાગદ્વેષાદિ) કાંઈ પણ નથી પરંતુ જે મનુષ્ય આપને પોતાના હૃદયમાં ધારણ કરે છે તેને વશ આખું જગત થઈ જાય છે એ આશ્ચર્યની વાત છે. આપ મનરહિત છો તોપણ સુખેથી (અનંતજ્ઞાનાદિ ગુણોથી સંપન્ન હોવાને કારણે) જીવો છો અથવા જેમના ચિત્તમાંથી આપ બહાર છો તેઓ સુખપૂર્વક રહી શકતા નથી અને આપ અચિંત્ય હોવા છતાં પણ અનંત સુખમાં લીન છો. ૧૫.

**त्रिकालतत्त्वं त्वमवैस्त्रिलोकी–**
**स्वामीति संख्यानियतेरमीषां।**
**बोधाधिपत्यं प्रति नाभविष्यं–**
**स्तेऽन्येऽपि चेद्व्याप्स्यदमूनपीदं॥१६॥**

**અર્થ** :—હે જિનેન્દ્રદેવ! આપ ત્રણે કાળના જીવાદિ પદાર્થોને યથાર્થરૂપે જાણો છો તથા ત્રણે લોકોના સ્વામી છો. આમ કહેવાનો અભિપ્રાય એ નથી કે આપના જ્ઞાન અને પ્રભુત્વની સીમા આટલી જ છે કેમ કે કાળ અને લોકની સંખ્યા નિશ્ચિત છે તેથી આપ ત્રિકાળજ્ઞાની અને ત્રિભુવનપતિ કહેવાઓ છો. જો આ ઉપરાંત બીજા પણ અનંતકાળ અને લોક હોત તો તે પણ આપના જ્ઞાન અને પ્રભુત્વમાં સમાઈ જ જાત. ૧૬.

**नाकस्य पत्युः परिकर्म रम्यं**
**नागम्यरूपस्य तवोपकारि।**
**तस्यैव हेतुः स्वसुखस्य**
**भानोरुद्बिभ्रतच्छत्रमिवादरेण ॥१७॥**

**અર્થ :**—હે ગુણસમુદ્ર! ઈન્દ્રની મનોહારી સેવા નિત્ય નિરંજન જ્ઞાનમૂર્તિસ્વરૂપ આપનો ઉપકાર કરતી નથી. તેની મનોહારી સેવા તે ઈન્દ્રના જ આત્મસુખનું કારણ છે. જેમ કોઈ આદરપૂર્વક છત્ર ધારણ કરે છે તો તેનાથી તેને જ છાયાદિરૂપ સુખની પ્રાપ્તિ થાય છે. તેનાથી સૂર્યનો કાંઈ થોડો જ ઉપકાર થાય છે? તેવી જ રીતે ભગવાનની સેવા દ્વારા ઈન્દ્ર સંસારનાશક અતિશય પુણ્યની પ્રાપ્તિ કરે છે. ૧૭.

**क्वोपेक्षकस्त्वं क्व सुखोपदेशः**
**स चेत्किमिच्छाप्रतिकूलवादः।**
**क्वासौ क्व वा सर्वजगत्प्रियत्वं**
**तन्नायथातथ्यमवेविचं ते॥१८॥**

**અર્થ :**—હે વીતરાગ પ્રભુ! પરમ વીતરાગી આપ ક્યાં? આપનો સુખદાયક ઉપદેશ ક્યાં? જો સુખદાયક ઉપદેશ હોય તો પછી ઈચ્છાથી પ્રતિકૂળ ઉપદેશ કેમ? ક્યાં ઈચ્છાથી પ્રતિકૂળ આપનો આ ઉપદેશ? અને ક્યાં તેમાં સર્વ સંસારી જીવોનું પ્રિયપણું? આ બધું પરસ્પર વિરોધી હોવા છતાં પણ વિરોધ રહિત યથાર્થ છે એમ મને દૃઢ વિશ્વાસ છે. ૧૮.

**ભાવાર્થ :**—જો કે વીતરાગ પ્રભુ આપ પરમ વીતરાગ છો છતાં પણ ભવ્ય જીવોના પુણ્યોદયથી આપની દિવ્યધ્વનિ ખરે છે. આપને ભવ્યજીવો પ્રત્યે કોઈ રાગ નથી તેથી વીતરાગી હોવામાં અને ઉપદેશ દેવામાં કોઈ વિરોધ નથી. હિતકારી હોવા છતાં પણ તે ઈન્દ્રિયવિષયના તુચ્છ ક્ષણિક સુખથી પ્રતિકૂળ છે કેમ કે ઈન્દ્રિયવિષય સુખનો વિપાક અત્યંત કડવો છે છતાં પણ શિવસુખ આપવાનું મુખ્ય કારણ હોવાથી બધાને પ્રિય છે તેથી આપના ઉપદેશમાં કોઈ વિરોધ નથી.

तुङ्गात्फलं यत्तदकिंचनाच्च,
प्राप्यं समृद्धान्न धनेश्वरादेः।
निरम्भसोऽप्युच्चतमादिवाद्रे-
र्नैकापि निर्याति धुनी पयोधेः॥१९॥

**અર્થ :**—હે પરમાત્મા! જેમ પર્વત જળરહિત છે પરંતુ સ્વભાવથી જ ઉન્નત પ્રકૃતિ ધારણ કરે છે તેથી તેમાંથી ગંગાદિ અનેક નદીઓ નીકળે છે અને જળથી સમુદ્ર સમુદ્રમાંથી એક પણ નદી નીકળતી નથી તેવી જ રીતે હે ભગવાન! આપની પાસે પરમાણુમાત્ર પણ પરિગ્રહ નથી તોપણ અનંતજ્ઞાનાદિ ગુણો દ્વારા અત્યંત ઉન્નત સ્વભાવ હોવાથી આપના દ્વારા જે અનંત સુખાદિરૂપ ફળની પ્રાપ્તિ થઈ શકે છે તે ધનપતિ કુબેરથી કદી થઈ શકતી નથી. ૧૯.

त्रैलोक्यसेवानियमाय दण्डं
दध्रे यदिंद्रो विनयेन तस्य।
तत्प्रातिहार्यं भवतः कुतस्त्यं,
तत्कर्मयोगाद्यदि वा तवास्तु॥२०॥

**અર્થ :**—હે ત્રિલોક કે નાથ! ઈન્દ્રે ત્રણ લોકના જીવોની સેવા કરવા માટે જે વિનયપૂર્વક દંડ ધારણ કર્યો હતો તેથી પ્રતીહારપણું ઈન્દ્રને જ હો કેમ કે પ્રતિહારપણાનું કાર્ય તેણે જ કર્યું છે, આપને તે પ્રાતિહાર્ય (પ્રતહારનું કાર્ય) કેવી રીતે હોય? અથવા બરાબર છે કે પૂર્વોપાર્જિત તીર્થંકર પ્રકૃતિરૂપ કર્મના ઉદયથી અશોકવૃક્ષાદિ આઠ પ્રાતિહાર્ય હોય છે એ કારણે તે કર્મયોગથી આપને પણ 'પ્રાતિહાર્ય' હો. ૨૦.

श्रिया परं पश्यति साधु निःस्वः,
श्रीमान्न कश्चित्कृपणं त्वदन्यः।
यथा प्रकाशस्थितमन्धकार-
स्थायीक्षतेऽसौ न तथा तमःस्थम्॥२१॥

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અર્થ** :—હે જિનેશ્વર! દરિદ્ર મનુષ્ય ધનવાનને આદરભાવથી દેખે છે પરંતુ આપના સિવાય બીજી કોઈ પણ ધનવાન વ્યક્તિ પુણ્યોદય રહિત નિર્ધનને સારી રીતે જોતી નથી. તે યોગ્ય જ છે કારણ કે અંધારામાં ઉભેલો મનુષ્ય પ્રકાશમાં ઉભેલા પુરુષને જેમ જોઈ લે છે તેમ પ્રકાશમાં ઉભેલો પુરુષ અંધારામાં ઉભેલા પુરુષને જોઈ શકતો નથી. ૨૧.

**ભાવાર્થ** :—ઐશ્વર્યના મદથી અંધ સંસારના સંપત્તિશાળી મનુષ્યો નિર્ધનો તરફ આંખ ઉઘાડીને જોતા પણ નથી પણ આપ શ્રીમાન્ હોવા છતાં પણ જ્ઞાનાદિ સંપત્તિ રહિત મનુષ્યોને હિતનો ઉપદેશ આપીને સુખી કરો છો. આ રીતે આપ સંસારના શ્રીમાનોથી ભિન્ન પ્રકારના જ શ્રીમાન્ છો.

**स्ववृद्धिनिःश्वासनिमेषभाजि,**
**प्रत्यक्षमात्मानुभवेऽपि मूढः।**
**किं चाखिलज्ञेयविवर्तिबोध–**
**स्वरूपमध्यक्षमवैति लोकः॥२२॥**

**અર્થ** :—હે જગતના નાથ! પોતાના શરીરની વૃદ્ધિ, પ્રાણધારણ અને આંખના પલકારવાળા વાસ્તવમાં પોતાના સ્વરૂપનો અનુભવ કરવામાં પણ અશક્ત જીવો સ્વસંવેદન પ્રત્યક્ષથી આત્માને ક્યાંથી જાણી શકે? અને જ્યાં પ્રત્યક્ષરૂપ સ્વાત્માને જ જાણતા નથી તો પછી કેવળજ્ઞાન-સ્વરૂપ, અમૂર્ત અને ચિન્માત્ર એવા આપને કેવી રીતે જાણી શકે? અર્થાત્ જાણી શકે નહિ. ૨૨.

**तस्यात्मजस्तस्य पितेति देव**
**त्वां येऽवगायन्ति कुलं प्रकाश्य।**
**तेऽद्यापि नन्वाश्मनमित्यवश्यं**
**पाणौ कृतं हेम पुनस्त्यजन्ति॥२३॥**

**અર્થ** :—હે પરમાત્મા! આપ નાભિરાજાના પુત્ર છો અને ભરતેશ્વરના પિતા છો આ પ્રમાણે આપના વંશનું વર્ણન કરીને જે મૂઢબુદ્ધિ

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

જીવ આપની અવહેલના કરે છે તે બુદ્ધિહીનોની જેમ હાથમાં આવેલા સુવર્ણને એમ કહીને છોડી દે છે કે આ પાષાણ છે અથવા પાષાણથી ઉત્પન્ન થયું છે. ૨૩.

दत्तस्त्रिलोक्यां पटहोऽभिभूताः
सुरासुरास्तस्य महान्स लाभः।
मोहस्य मोहस्त्वयि को विरोद्धु–
र्मूलस्य नाशो वलवद्विरोधः।।२४।।

**અર્થ** :—હે ત્રિભુવનનાથ! ત્રણે લોકમાં વિજયનું નગારું વગાડવાથી મોહને ઘણો મોટો વિજયલાભ થયો કારણ કે તેનાથી સુર અને અસુર બધા અપમાનિત થયા. પરંતુ આપની સમક્ષ તે મોહ સ્વયં મૂર્ચ્છિત થઈ ગયો. તે યોગ્ય જ છે, વિરોધીનો બળવાનની સાથે વિરોધ કરવાથી મૂળ સહિત નાશ થાય છે. ૨૪.

मार्गस्त्वयैको ददृशे विमुक्ते–
श्चतुर्गतीनां गहनं परेण।
सर्वं मया दृष्टमिति स्मयेन
त्वं मा कदाचिद्भुजमालुलोक।।२५।।

**અર્થ** :—હે જિનેન્દ્રદેવ! આપે એક મોક્ષનો જ માર્ગ જોયો છે અને આપનાથી ભિન્ન અન્યમતી દેવોએ ચારે ગતિનો ગહન માર્ગ જોયો છે તેથી મેં બધું જ જોયું છે એવા અહંકારથી આપે કદી પણ આપનો હાથ જોયો નહિ. ૨૫.

स्वर्भानुरर्कस्य हविर्भुजोऽम्भः,
कल्पान्तवातोऽम्बुनिधेर्विधातः।
संसारभोगस्य वियोगभावो,
विपक्षपूर्वाभ्युदयास्त्वदन्ये।।२६।।

**અર્થ** :—હે અનંત સુખધારક! રાહુ સૂર્યનો, જળ અગ્નિનો, પ્રલયકાળનો પવન સમુદ્રનો તથા વિયોગભાવ સંસારના ભોગોનો પ્રતિપક્ષી છે, આ પ્રમાણે કેવળ આપના સિવાય સંસારના બધા પદાર્થોનો અભ્યુદય તેમના પ્રતિપક્ષ સહિત છે. ૨૬.

**ભાવાર્થ** :—હે પ્રભુવર! કેવળ આપનો જ અભ્યુદય એવો છે કે એ પ્રતિપક્ષી ભાવોથી સુરક્ષિત છે કેમકે આપના સર્વ વિભાવોનો સર્વથા નાશ થઈ ગયો છે તેથી કેવળ આપના ભક્ત જ શાશ્વત સુખનો રસાસ્વાદ લે છે.

**अजानतस्त्वां नमतः फलं यत्,**
**तज्ज्ञानतोऽन्यं न तु देवतेति।**
**हरिन्मणिं काचधियादधान–**
**स्तं तस्य बुद्ध्या वहतो न रिक्तः॥२७॥**

**અર્થ** :—હે મુનિનાથ! આપને જાણ્યા વિના (પણ) નમસ્કાર કરનાર મનુષ્યને જે ફળ પ્રાપ્ત થાય છે તે ફળ આપનાથી ભિન્ન બીજાઓને 'દેવ' જાણીને નમસ્કાર કરનારને પણ મળતું નથી કેમકે નીલમણિને કાચ માનીને ધારણ કરનાર મનુષ્ય, કાચને નીલમણિ માનીને ધારણ કરનાર મનુષ્ય કરતાં દરિદ્ર નથી. ૨૭.

**प्रशस्तवाचश्चतुराः कषायै–**
**र्दग्धस्य देवव्यवहारमाहुः।**
**गतस्य दीपस्य हि नंदितत्वं,**
**दृष्टं कपालस्य च मंगलत्वम्॥२८॥**

**અર્થ** :—હે જિનપતિ! પ્રશસ્ત વચન બોલનાર ચતુર વ્યવહારી મનુષ્ય ક્રોધાદિ–કષાયોથી જલતા પુરુષને પણ દેવ શબ્દથી સંબોધે છે. આ વ્યવહાર એવો છે જેમ ઓલવાતા દીપકને લોકો કહે છે કે દીપક વધી ગયો અને ફૂટેલા ઘડાને કહે છે કે ઘડાનું કલ્યાણ થઈ ગયું. ૨૮.

नानार्थमेकार्थमदस्त्वदुक्तं,
हितं वचस्ते निशमय्य वक्तुः।
निर्दोषतां के न विभावयन्ति,
ज्वरेण मुक्तः सुगमः स्वरेण॥२९॥

**અર્થ :**—હે સ્યાદ્વાદ નાયક! જેમ કોઈનો નિરોગી સ્વર સાંભળતાં જ ખબર પડી જાય છે કે એ જ્વર રહિત છે તેવી જ રીતે હે દેવાધિદેવ! જુદા જુદા અર્થવાળા, એક અર્થવાળા તથા હિતકારી આપના દ્વારા પ્રતિપાદિત વચનો સાંભળીને કયો પરીક્ષક આપના જેવા સત્યવાદીની નિર્દોષતાનો અનુભવ ન કરે અર્થાત્ બધાં જ કરે છે. ૨૯.

न क्वापि वाञ्छा ववृते च वाकते
काले क्वचित्कोऽपि तथा नियोगः।
न पूरयाम्यम्बुधिमित्यदंशुः
स्वयं हि शीतद्युतिरभ्युदेति॥३०॥

**અર્થ :**—હે ૠષભદેવ! આ આપનો કોઈ અચિંત્ય ગુણ જ છે કે આપની ક્યાંય કોઈ પણ પ્રકારની ઈચ્છા વિના જ આપના વચનો (દિવ્યધ્વનિ)ની પ્રવૃત્તિ સ્વભાવથી જ થાય છે, એવો કાંઈક નિયોગ જ છે. જેમ ચન્દ્રનો ઉદય સ્વભાવથી જ થાય છે, 'હું સમુદ્રને પૂરેપૂરો ભરી દઉં' એવી ઈચ્છાથી ચન્દ્રનો ઉદય થતો નથી, તેવી જ રીતે આપની દિવ્યધ્વનિ સ્વભાવથી જ ખરે છે. ૩૦.

गुणा गंभीराः परमांः प्रसन्ना
बहुप्रकाराबहवस्तबेति।
दृष्टोयमन्तः स्तवने न तेषां
गुणो गुणानां किमतः परोस्ति॥३१॥

**અર્થ :**—હે ગુણ સમુદ્ર? આપના ગુણ ગંભીર, સર્વોત્કૃષ્ટ, સુપ્રસિદ્ધ, ભિન્ન ભિન્ન પ્રકારના અને તે ઘણા છે. સ્તુતિમાં તે ગુણોનો

અંત દેખાતો નથી કેમ કે તે અનંત છે. જો તેમનો ક્યાંય અંત હોય તો આપમાં જ છે. અર્થાત્ આપ સર્વગુણસંપન્ન છો, આપનામાં કોઈ ગુણની કમી નથી. ૩૧.

स्तुत्या परं नाभिमतं हि भक्त्या
स्मृत्या प्रणत्या च ततो भजामि।
स्मरामि देवं प्रणमामि नित्यं
केनाप्युपायेन फलं हि साध्यम् ।।३२।।

**અર્થ** :—હે દેવાધિદેવ! કેવળ સ્તુતિદ્વારા જ ઈચ્છિત ફળની પ્રાપ્તિ થતી નથી પરંતુ ભક્તિ, સ્મરણ, નમસ્કારથી પણ થાય છે. તેથી હું સદૈવ આપની ભક્તિ કરું છું, ધ્યાન કરું છું અને આપને પ્રણામ કરું છું કેમ કે કોઈ પણ ઉપાય દ્વારા પોતાના વિભાવ ભાવો મટાડીને ઈચ્છિત ફળ સિદ્ધ કરી લેવું જોઈએ. ૩૨.

ततस्त्रिलोकीनगराधिदेवं
नित्यं परंज्योतिरनंतशक्तिम् ।
अपुण्यपापं परपुण्यहेतुं
नमाम्यहं वन्द्यमवन्दितारम् ।।३३।।

**અર્થ** :—હે ગુણનિધિ! આપ અવિનાશી છો, કેવળજ્ઞાન સ્વરૂપ જ્યોતિથી પ્રકાશમાન છો, અનંત વીર્યના ધારક છો, સ્વયં પુણ્ય–પાપ રહિત છો છતાં પણ ભવ્યજીવોના પુણ્યના કારણ છો. આપ ઈન્દ્ર, ચક્રવર્તી બધા દ્વારા વંદ્ય છો પરંતુ આપ કોઈને વંદન કરતા નથી. ત્રણે લોકના સ્વામી એવા આપને હું (ધનંજય કવિ) સદૈવ નમસ્કાર કરું છું. ૩૩.

अशब्दमस्पर्शमरूपगंधं
त्वां नीरसं तद्विषयावबोधम् ।
सर्वस्य मातारममेयमन्यै–
र्जिनेन्द्रमस्मार्यमनुस्मरामि ।।३४।।

**અર્થ** :—હે ત્રિલોકીનાથ! આપ શબ્દ, સ્પર્શ, રૂપ, ગંધ અને રસરહિત છો પરંતુ તેમના વિષયના પૂર્ણ જ્ઞાતા છો. આપ સર્વને જાણો છો પરંતુ આપને કોઈ જાણતું નથી. આપના અનંતગુણોનું સ્મરણ પણ કરી શકાતું નથી એવા શ્રી જિનેન્દ્ર ભગવાનનું હું સદૈવ વારંવાર ચિંતવન કરું છું. ૩૪.

**अगाधमन्यैर्मनसाप्यलंध्यं**
**निष्किंचनं प्रार्थितमर्थवद्भिः ।**
**विश्वस्य पारं तमदृष्टपारं**
**पतिं जनानां शरणं व्रजामि ।।३५।।**

**અર્થ** :—હે નરનાથ! આપ ગુણોથી ગંભીર છો તેથી બીજા તે ઊંડાણ સુધી પહોંચી શકતા નથી, મનથી આપનું ચિંતવન કરી શકાતું નથી, પરમાણુમાત્ર પણ પરિગ્રહ આપની પાસે નથી છતાં પણ ઈન્દ્ર ચક્રવર્તી વગેરે આપની પાસે યાચના કરે છે. (કારણ કે અનંત ચતુષ્ટયસ્વરૂપ અંતરંગ–લક્ષ્મીથી આપ શોભી રહ્યા છો અને ઈન્દ્ર, ચક્રવર્તી વગેરે તેનાથી રહિત છે તેથી તેમનું યાચકપણું સ્વાભાવિક જ છે.) આપ વિશ્વના સકળ પદાર્થોનો પાર પામ્યા છો અને બીજાને પણ પાર પહોંચાડો છો, પરંતુ આપનો પાર કોઈ પામ્યું નથી, એવા તે જિનપતિનું હું શરણ ગ્રહું છું. ૩૫.

**त्रैलोक्यदीक्षागुरवे नमस्ते**
**योऽवर्धमानोऽपि निजोन्नतोऽभूत् ।**
**प्राग्मण्डशैलः पुनरद्रिकल्पः**
**पश्चान्न मेरुः कुलपर्वतोऽभूत् ।।३६।।**

**અર્થ** :—હે ત્રિભુવનપતિ! સુમેરુ પર્વત પહેલાં ગોળ પત્થરોનો ઢગલો, પછી નાનો પહાડ અને પછી કુલાચલ થયો નહોતો પરંતુ સ્વભાવથી જ તે મહામેરુ હતો તેવી જ રીતે આપ ક્રમપૂર્વક ન વધતાં સ્વયં ઉન્નત હતા. એવા ત્રણલોકના દીક્ષાગુરુ સ્વરૂપ આપને નમસ્કાર. ૩૬.

स्वयंप्रकाशस्य दिवा निशा वा,
न बाध्यता यस्य न बाधकत्वम्।
न लाघवं गौरवमेकरूपं
वन्दे विभुं कालकलामतीतम्।।३७।।

**અર્થ :**—હે ત્રિલોકી પ્રભુ! આપ સ્વયં સતત પ્રકાશસ્વરૂપ છો તેથી દિવસ કે રાત્રિની જેમ બાધ્ય બાધકપણું નથી, જેમને નથી લઘુતા કે નથી ગુરુતા. તે સદૈવ એકરૂપ રહેનાર અને કાળની કળાથી રહિત અર્થાત્ અવિનાશી ત્રિલોકીનાથને હું નમસ્કાર કરું છું. ૩૭.

इति स्तुति देव विधाय दैन्या–
द्वरं न याचे त्वमुपेक्षकोऽसि।
छायातरूं संश्रयतः स्वतः स्यात्,
कश्छायया याचितयात्मलाभः।।३८।।

**અર્થ :**—હે નાથ! આ પ્રમાણે સ્તુતિ કરીને હું દીનતાપૂર્વક વરદાન માંગતો નથી કેમકે હું જાણું છું કે આપ રાગદ્વેષરહિત છો. અથવા બરાબર જ છે કે વૃક્ષોનો આશ્રય લેનાર પુરુષને છાંયો સ્વયં પ્રાપ્ત થઈ જાય છે તો પછી છાંયો માગવાથી શો લાભ થાય? ૩૮.

अथास्ति दित्सा यदि वोपरोध–
स्त्वय्येव सक्तां दिश भक्तिबुद्धिम्।
करिष्यते देव तथा कृपां मे,
को वात्मपोष्ये सुमुखो न सूरिः।।३९।।

**અર્થ :**—હે સ્વામી! જો આપની કાંઈ દેવાની ઈચ્છા હોય અથવા કાંઈ અનુગ્રહ હોય તો હું એ જ માગું છું કે આપના ચરણોમાં જ મારી ભક્તિ રહો. મને વિશ્વાસ છે કે હે દેવ! આપ મારા ઉપર આટલી કૃપા અવશ્ય કરશો. પોતા વડે પોષાવા યોગ્ય શિષ્ય ઉપર ક્યા વિદ્વાન પુરુષ અનુકૂળ નથી થતા? બધા જ થાય છે. ૩૯.

वितरति विहिता यथा कथञ्चि–
ज्ञिन विनताय मनीषितानि भक्तिः।
त्वयि नुतिविषया पुनर्विशेषा–
दिशति सुखानि यशो धनं जयं च॥४०॥

**અર્થ** :—હે જિનેન્દ્રદેવ! જેમ કોઈ પણ રીતે કરેલી ભક્તિ પણ વિનયશીલ ભક્તને મનોવાંછિત ફળ આપે છે તો પછી વિશુદ્ધ પરિણામોથી કરેલી આપની સ્તુતિ અને ભક્તિ વિશેષપણે સુખ, યશ, ધન અને વિજય આપે છે. ૪૦.

**ભાવાર્થ** :—હે ભગવાન! સમ્યગ્દર્શનપૂર્વક વિશુદ્ધ પરિણામો દ્વારા આપની સ્તુતિ કરવાથી વિશિષ્ટ સુખ, નિર્મલ યશ, ધન-વૈભવ અને વિજય લાભ મળે છે અને અંતે સર્વોપરિ મોક્ષનું સુખ પ્રાપ્ત થાય છે.

એ પ્રમાણે મહાકવિ ધનંજયકૃત વિષાપહાર સ્તોત્રની
પં. શ્રેયાંસકુમારજી શાસ્ત્રીકૃત ભાષાટીકાનો
ગુજરાતી અનુવાદ પૂરો થયો.

સહજ ચિદાનંદ.

# વિષાપહાર–સ્તોત્રનો

## પદ્યાનુવાદ

અપને મેં હી સ્થિર રહતા હૈ, ઔર સર્વગત કહલાતા,
સર્વ-સંગ-ત્યાગી હોકર ભી, સબ વ્યાપારોંકા જ્ઞાતા;
કાલ–માનસે વૃદ્ધ બહુત હૈ, ફિર ભી અજર અમર સ્વયમેવ,
વિપદાઓંસે સદા બચાવે, વહ પુરાણ પુરુષોત્તમ દેવ. ૧.

જિસને પર-કલ્પનાતીત, યુગ-ભાર અકેલે હી ઝેલા,
જિસકે સુગુન–ગાન મુનિજન ભી, કર નહિં સકે એક વેલા;
ઉસી વૃષભકી વિશદ વિરદ યહ, અલ્પબુદ્ધિ જન રચતા હૈ,
જાહાં ન જાતા ભાનુ, વહાં ભી દીપ ઉજેલા કરતા હૈ. ૨.

શક્ર સરીખે શક્તિવાન ને, તજા ગર્વ ગુણ ગાને કા,
કિન્તુ મૈં ન સાહસ છોડૂંગા, વિરદાવલી બનાનેકા;
અપને અલ્પજ્ઞાન સે હી મૈં, બહુત વિષય પ્રકટાઊંગા,
ઈસ છોટે વાતાયનસે હી, સારા નગર દિખાઊંગા. ૩.

તુમ સબ-દર્શી દેવ, કિન્તુ, તુમકો ન દેખ સકતા કોઈ,
તુમ સબકે હી જ્ઞાતા, પર તુમકો ન જાન પાતા કોઈ;
‘કિતને હો’ ‘કૈસે હો, યોં કુછ કહા ન જાતા હે ભગવાન્,
ઈસસે નિજ અશક્તિ બતલાના, યહી તુમ્હારા સ્તવન મહાન. ૪.

બાલક સમ અપને દોષોંસે, જો જન પીડિત રહતે હૈં,
ઉન સબકો હે નાથ, આપ, ભવતાપ રહિત નિત કરતે હૈં;
યોં અપને હિત ઔર અહિતકા, જો ન ધ્યાન ધરનેવાલે,
ઉન સબકો તુમ બાલ–વૈદ્ય હો, સ્વાસ્થ્ય–દાન કરનેવાલે. ૫.

દેને લેનેકા કામ કુછ, આજ કલ્ય પરસોં કરકે,
દિન વ્યતીત કરતા અશક્ત રવિ, વ્યર્થ દિલાસા દે કરકે;
પર હે અચ્યુત, જિનપતિ, તુમ યોં પલ ભર ભી નહિં ખોતે હો,
શરણાગત નત ભક્તજનોકો, ત્વરિત ઈષ્ટ ફલ દેતે હો. ૬.

ભક્તિભાવસે સુમુખ આપકે રહનેવાલે સુખ પાતે,
ઔર વિમુખ જન દુઃખ પાતે હૈં, રાગદ્વેષ નહિં તુમ લાતે;
કમલ સુદ્યુતિમય ચારુ આરસી, સદા એકસી રહતી જ્યોં,
ઉસમેં સુમુખ વિમુખ દોનોં હી, દેખેં છાયા જ્યોં કી ત્યોં. ૭.

ગહરાઈ નિધિ કી, ઊંચાઈ ગિરિ કી, નભ-થલ કી ચૌડાઈ,
વહીં વહીં તક જહાં જહાં તક, નિધિ આદિક દેં દિખલાઈ;
કિન્તુ નાથ, તેરી અગાધતા, ઔર તુંગતા, વિસ્તરતા,
તીન ભુવનકે બાહિર ભી હૈ, વ્યાપ રહી હૈ જગત્પિતા. ૮.

અનવસ્થાકો પરમ તત્ત્વ, તુમને અપને મતમેં ગાયા,
કિન્તુ બડા અચરજ યહ ભગવાન્, પુનરાગમન ન બતલાયા;
ત્યોં આશા કરકે અદૃષ્ટકી, તુમ સુદૃષ્ટ ફલકો ખોતે,
યોં તબ ચરિત દેખેં ઉલટેસે, કિન્તુ ઘટિત સબહી હોતે. ૯.

કામ જલાયા તુમને સ્વામી, ઈસીલિયે બહુ ઉસકી ધૂલ,
શંભુ રમાઈ નિજ શરીરમેં, હોય અધીર મોહ મેં ભૂલ;
વિષ્ણુ પરિગ્રહયુત સોતે હૈં; લૂટે ઉન્હેં ઈસીસે કામ,
તુમ નિર્ગ્રંથ જાગતે રહતે, તુમસે ક્યા છીને વહ વામ. ૧૦.

ઔર દેવ હોં ચાહે જૈસે, પાપ સહિત અથવા નિષ્પાપ,
ઉનકે દોષ દિખાનેસે હી, ગુણી કહે નહિં જાતે આપ;
જૈસે સ્વયં સરિતપતિ કી અતિ, મહિમા બઢી દિખાતી હૈ,
જલાશયોંકે લઘુ કહનેસે, વહ ન કહીં બઢ જાતી હૈ. ૧૧.

કર્મસ્થિતિકો જીવ નિરન્તર, વિવિધ થલોંમેં પહુંચાતા,
ઔર કર્મ ઈન જગ-જીવોકો, સબ ગતિયોંમેં લે જાતા;
યોં નૌકા નાવિકકે જૈસે, ઈસ ગહરે ભવ-સાગરમેં,
જીવ કર્મકે નેતા હો પ્રભુ, પાર કરો કર કૃપા હમેં. ૧૨.

ગુણકે લિએ લોગ કરતે હૈં; અસ્થિ–ધારણાદિક બહુ દોષ,
ધર્મહેતુ પાપોંમેં પડતે, પશુવધાદિકો કહ નિર્દોષ;
સુખહિત નિજ તનકો દેતે હૈં, ગિરિપાતાદિ દુઃખમેં ઠેલ,
યોં જો તવ મતબાહ્ય મૂઢ વે, બાલૂ પેલ નિકાલેં તેલ. ૧૩.

વિષનાશક મણિ મંત્ર રસાયન, ઔષધકે અન્વેષણમેં,
દેખો તો યે ભોલે પ્રાણી, ફિરેં ભટકતે વન વન મેં;
સમઝ તુમ્હેં હી મણિમંત્રાદિક, સ્મરણ ન કરતે સુખદાયી,
ક્યોંકિ તુમ્હારે હી હૈં યે સબ, નામ દૂસરે પર્યાયી. ૧૪.

હે જીનેશ, તુમ અપને મનમેં, નહીં કિસીકો લાતે હો,
પર જિસ કિસી ભાગ્યશાલીકે, મનમેં તુમ આ જાતે હો;
વહ નિજ-કરમેં કર લેતા હૈં, શકલ જગતકો નિશ્ચય સે,
તવ મન સે બાહર રહકર ભી, અચરજ હૈ રહતા સુખસે. ૧૫.

ત્રિકાલજ્ઞ ત્રિજગતકે સ્વામી, ઐસા કહનેસે જિનદેવ,
જ્ઞાન ઔર સ્વામીપનકી, સીમા નિશ્ચિત હોતી સ્વયમેવ;
યદિ ઈસસે ભી જ્યાદા હોતી, કાલ જગતકી ગિનતી ઔર,
તો ઉસકો ભી વ્યાપિત કરતે, યે તવ ગુણ દોનોં સિરમૌર. ૧૬.

પ્રભુકી સેવા કરકે સુરપતિ, બીજ સ્વસુખકે બોતા હૈ,
હે અગમ્ય અજ્ઞેય ન ઈસસે, તુમ્હેં લાભ કુછ હોતા હૈ;
જૈસે છત્ર સૂર્યકે સમ્મુખ, કરનેસે દયાલુ જિનદેવ,
કરનેવાલે હી કો હોતા, સુખકર આતપહર સ્વયમેવ. ૧૭.

કહાં તુમ્હારી વીતરાગતા, કહાં સૌખ્યકારક ઉપદેશ!
હો ભી તો કૈસે બન સકતા, ઈન્દ્રિય–સુખ–વિરુદ્ધ આદેશ?
ઔર જગતકી પ્રિયતા ભી તબ, સંભવ કૈસે હો સકતી?
અચરજ, યહ વિરુદ્ધ ગુણમાલા, તુમમેં કૈસે રહ સકતી? ૧૮.

તુમ સમાન અતિ તુંગ કિન્તુ નિધનોંસે, જો મિલતા સ્વયમેવ,
ધનદ આદિ ધનિકોંસે વહ ફલ, કભી નહીં મિલ સકતા દેવ;
જલવિહીન ઊંચે ગિરિવરસે, નાના નદિયાં બહતી હૈં,
કિન્તુ વિપુલ જલયુક્ત જલધિસે, નહીં નિકલતીં ઝરતી હૈં. ૧૯.

કરો જગત–જન જિનસેવા, યહ સમઝાનેકા સુરપતિ ને,
દંડ વિનયસે લિયા, ઈસલિએ પ્રાતિહાર્ય પાયા ઉસને;
કિન્તુ તુમ્હારે પ્રાતિહાર્ય વસુ–વિધિ હૈં સો આએ કૈસે?
હે જિનેંદ્ર; યદિ કર્મયોગસે, તો વે કર્મ હુએ કૈસે? ૨૦.

ધનિકોંકો તો સભી નિધન, લખતે હૈં ભલા સમઝતે હૈં,
પર નિધનોંકો તુમ સિવાય જિન, કોઈ ભલા ન કહતે હૈં;
જૈસે અંધકારવાસી ઉજિયાલેવાલેકો દેખે,
વૈસે ઉજિયાલાવાલા નર, નહિં, તમવાસીકો દેખે. ૨૧.

નિજ શરીરકી વૃદ્ધિ શ્વાસ–ઉચ્છ્‌વાસ ઔર પલકેં ઝપના,
યે પ્રત્યક્ષ ચિહ્ન હૈ જિસ મેં, ઐસા ભી અનુભવ અપના;
કર ન સકેં જો તુચ્છબુદ્ધિ વે, હે જિનવર; ક્યા તેરા રુપ,
ઈન્દ્રિયગોચર કર સકતે હૈં, સકલ જ્ઞેયમય જ્ઞાનસ્વરૂપ? ૨૨.

‘ઉનકે પિતા’ ‘પુત્ર હૈં ઉનકે,’ કર પ્રકાસ યોં કુલકી બાત,
નાથ; આપકી ગુણ–ગાથા જો, ગાતે હૈં રટ રટ દિનરાત;
ચારુ ચિત્તહર ચામીકરકો, સચમુચ હી વે વિના વિચાર,
ઉપલ–શકલસે ઉપજા કહકર, અપને કરસે દેતે ડાર. ૨૩.

તીન લોકમેં ઢોલ બજાકર, કિયા મોહ ને યહ આદેશ,
સભી સુરાસુર હુએ પરાજિત, મિલા વિજય ઉસે વિશેષ;
કિન્તુ નાથ; વહ નિબલ આપસે, કર સકતા થા કહાં વિરોધ,
વૈર ઠાનના બલવાનોસે, ખો દેતા હૈ ખુદકો ખોદ. ૨૪.

તુમને કેવલ એક મુક્તિકા, દેખા માર્ગ સૌખ્યકારી,
પર ઔરોને ચારો ગતિ કે, ગહન પંથ દેખે ભારી;
ઈસસે સબ કુછ દેખા હમને, યહ અભિમાન ઠાન કરકે,
હે જિનવર, નહિં કભી દેખના, અપની ભુજા તાન કરકે. ૨૫.

રવિકો રાહુ રોકતા હૈ, પાવકકો વારિ બુઝાતા હૈ,
પ્રલયકાલકા પ્રબલ પવન, જલનિધિકો નાચ નચાતા હૈ;
એસે હી ભવ-ભોગોંકો, ઉનકા વિયોગ હરતા સ્વયમેવ,
તુમ સિવાય સબકી બઢતી પર, ઘાતક લગે હુએ હૈં દેવ. ૨૬.

બિન જાને ભી તુમ્હેં નમન કરનેસે જો ફલ ફલતા હૈ,
વહ ઔરોંકો દેવ માન, નમનેસે ભી નહિં મિલતા હૈ;
જ્યોં *મરક્તકો કાચ માનકર, કરગત કરનેવાલા નર,
સમઝ સુમણિ જો કાચ ગહે, ઉસકે સમ રહે ન ખાલી કર. ૨૭.

વિશદ મનોજ્ઞ બોલનેવાલે, પંડિત જો કહલાતે હૈં,
ક્રોધાદિકસે જલે હુએકો, વે યોં ‘દેવ’ બતાતે હૈં;
જૈસે ‘બુઝે હુએ’ દીપકકો, ‘બઢા હુઆ’ સબ કહતે હૈં,
ઔર કપાલ બિઘટ જાનેકો, ‘મંગલ હુઆ’ સમઝતે હૈં. ૨૮.

નયપ્રમાણયુત અતિહિતકારી, વચન આપકે કહે હુએ,
સુનકર શ્રોતાજન તત્ત્વોંકે, પરિશીલન મેં લગે હુએ;
વક્તાકા નિર્દોષપના જાનેંગે, ક્યોં નહિં હે ગુણમાલ,
જ્વરવિમુક્ત જાના જાતા હૈ, સ્વર પરસે સહજહિ તત્કાલ. ૨૯.

★ મરક્ત–નીલમણિ.

યદ્યપિ જગકે કિસી વિષયમેં અભિલાષા તવ રહી નહીં,
તૌ ભી વિમલ વાણિ તબ ખિરતી, યદા કદાચિત્ કહીં કહીં;
એસા હી કુછ હૈ નિયોગ યહ, જૈસે પૂર્ણચન્દ્ર જિનદેવ,
★જ્વાર બઢાનેકો ન ઊગતા, કિન્તુ ઉદિત હોતા સ્વયમેવ. ૩૦.

હે પ્રભુ; તેરે ગુણ પ્રસિદ્ધ હૈ, પરમોત્તમ હૈ, ગહરે હૈ,
વહુ પ્રકાર હૈ, પાર રહિત હૈ, નિજ સ્વભાવમેં ઠહરે હૈ,
સ્તુતિ કરતે કરતે યોં દેખા, છોર ગુણોંકા આખિરમેં,
ઈનમેં જો નહિં કહા, રહા વહ, ઔર કૌન ગુણ જાહિર મેં ૩૧.

કિન્તુ ન કેવલ સ્તુતિ કરનેસે, મિલતા હૈ નિજ અભિમત ફલ,
ઈસસે પ્રભુકો ભક્તિભાવસે, ભજતા હું, પ્રતિદિન પ્રતિપાલ;
સ્મૃતિ કરકે સુમરન કરતા હૂં, પુનિ વિનમ્ર હો નમતા હૂં,
કિસી યત્નસે ભી, અભીષ્ટ–સાધન કી ઈચ્છા રખતા હૂં. ૩૨.

ઈસીલિયે શાશ્વત તેજોમય, શક્તિ અનન્તવન્ત અભિરામ,
પુણ્ય પાપ બિન્, પરમ પુણ્યકે કારણ, પરમોત્તમ ગુણધામ;
વન્દનીય, પર જો ન ઔરકી, કરૈ વન્દના કભી મુનીશ,
એસે ત્રિભુવન નગર-નાથકો, કરતા હું પ્રણામ ધર સીસ. ૩૩.

જો નહિં સ્વયં શબ્દ રસ સપરસ, અથવા રૂપ ગંધ કુછ ભી,
પર ઈન સબ વિષયોંકે જ્ઞાતા, જિન્હેં કેવલી કહેં સભી;
સબ પદાર્થ જો જાનેં, પર ન જાન સકતા કોઈ જિનકો,
સ્મરણ મેં ન આ સકતે હૈં જો, કરતા હું સુમરન ઉનકો. ૩૪.

લંઘ્ય ન ઔરોંકે મનસે ભી, ઔર ગૂઢ ગહરે અતિશય,
ધનવિહીન જો સ્વયં કિન્તુ, જિનકા કરતે ધનવાન વિનય;
જો ઈસ જગકે પાર ગયે પર, પાયા જાય ન જિનકા પાર,
એસે જિનપતિ કે ચરણોંકી, લેતા હૂઁ મૈં શરણ ઉદાર. ૩૫.

★ જ્વાર = ભારતી

મેરુ બડાસા પત્થર પહલે, ફિર છોટાસા ફલસ્વરૂપ,
ઔર અન્ત મેં હુઆ ન કુલગિરિ, કિન્તુ સદાસે ઉન્નત રૂપ;
ઈસી તરહ જો વર્ધમાન હૈં કિન્તુ ન ક્રમસે હુઆ ઉદાર,
સહજોન્નત ઉસ ત્રિભુવન-ગુરુકો, નમસ્કાર હૈ બારમ્બાર. ૩૬.

સ્વયં પ્રકાશમાન જિસ પ્રભુકો, રાત દિવસ નહિં રોક સકા,
લાઘવ ગૌરવ ભી નહિં જિસકો, બાધક હોકર ટોક સકા;
એકરૂપ જો રહે નિરંતર, કાલ–કલાસે સદા અતીત,
ભક્તિ–ભાર સે ઝુઠકર ઉસકી, કરું વંદના પરમ પુનીત. ૩૭.

ઈસ પ્રકાર ગુણકીર્તન કરકે, દીન ભાવસે હે ભગવાન,
વર ન માંગતા હું મૈં કુછ ભી, તુમ્હેં વીતરાગી વર જાન;
વૃક્ષતલે જો જાતા હૈ, ઉસ પર છાયા હોતી સ્વયમેવ,
છાંહ–યાચના કરનેસે ફિર, લાભ કૌનસા હે જિનદેવ? ૩૮.

યદિ દેનેકી ઈચ્છા હી હો, યા ઈસકા કુછ આગ્રહ હો,
તો નિજચ રત્ન–કમલ–રત નિર્મલ બુદ્ધિ દીજિએ નાથ અહો;
અથવા કૃપા કરોગે હી પ્રભુ, શંકા ઈસમેં જરા નહીં,
અપને પ્રિય સેવક પર કરતે, કૌન સુધી જન દયા નહીં. ૩૯.

ॐ

શ્રી ભૂપાલકવિ પ્રણીત

# જિનચતુર્વિંશતિકા

(शार्दूलविक्रीडित)

**श्रोलीलायतनं महीकुलगृह कीर्तिप्रमोदास्पदं,**
**वाग्देवीरतिकेतनं जयरमाक्रीडानिधानं महत्।**
**सः स्यात्सर्वमहोत्सवैकभवनं यः प्रार्थितार्थप्रदं,**
**प्रातः पश्यति कल्पपादपदलच्छायं जिनाङ्घ्रिद्वयम्॥१॥**

**અર્થ** :—મનોવાંછિત સિદ્ધિ આપનાર તથા કલ્પવૃક્ષના પત્ર સમાન કાંતિ ધારણ કરનાર શ્રી જિનેન્દ્રદેવનાં બન્ને ચરણોના જે ભવ્યજીવ પ્રતિદિન પ્રાતઃકાળે દર્શન કરે છે તે ભવ્ય જીવ, લક્ષ્મીનું ક્રીડાસ્થાન, પૃથ્વીનું કુલભવન, યશ અને હર્ષનું સ્થાન, સરસ્વતીનું ક્રીડામંદિર, વિજયલક્ષ્મીનું વિશાળ ક્રીડાસ્થાન, ઈન્દ્રાદિ દ્વારા પૂજ્ય અને સમસ્ત મહાન મહાન ઉત્સવોનું સ્થાન બને છે. ૧.

(वसंततिलिका)

**शान्तं वपुः श्रवणहारि वचश्चरित्रं**
**सर्वोपकारि तव देव ततः श्रुतज्ञाः।**
**संसारमारवमहास्थलरुन्दसान्द्र–**
**च्छायामहीरुह भवन्तमुपाश्रयन्ते॥२॥**

**અર્થ** :—હે જિનેન્દ્રદેવ! આપનું શરીર શાન્ત છે, વચન કર્ણોને પ્રિય છે અને આપનું ચારિત્ર સર્વ જીવોનું કલ્યાણ કરે છે તેથી હે સંસારરૂપી અત્યંત મોટા મરુસ્થલ માટે વિશાળ સઘન છાયાવૃક્ષ! જ્ઞાનીજન આપનો આશ્રય લે છે. ૨.

(शार्दूलविक्रीडित)

स्वामिन्नद्य विनिर्गतोऽस्मि जननीगर्भान्धकूपोदरा–
दद्योद्घाटितदृष्टिरस्मि फलवज्जन्मास्मि चाद्य स्फुटम्।
त्वामद्राक्षमहं यदक्षयपदानन्दाय लोकत्रयी–
नेत्रेन्दीवरकाननेन्दुममृतस्यन्दिप्रभाचन्द्रिकम् ।।३।।

**અર્થ** :—હે ત્રિલોકીનાથ! આપ ત્રણે લોકના જીવોના નેત્રરૂપી કુમુદવનને વિકસિત કરવા માટે ચન્દ્ર સમાન છો અને આપની કાંતિરૂપી ચાંદની અમૃત વરસાવે છે. મોક્ષપદના સુખની પ્રાપ્તિ માટે આવા આપના દર્શન કરીને હું એમ માનું છું કે હું, માતાના ગર્ભરૂપી અંધારિયા કૂવામાંથી આજે જ નીકળ્યો છું, આજે જ મારા નેત્રો ખૂલ્યાં છે અને આજે જ મારો જન્મ સફળ થયો છે. ૩.

(शार्दूलविक्रीडित)

निःशेषत्रिद्रशेन्दशेखर शिखारत्नप्रदीपावली–
सान्द्रीभूतमृगेन्द्रविष्टरतटीमाणिक्यदीपावलिः।
क्वेयं श्रीः क्व च निःस्पृहत्वमिदमित्यूहातिगस्त्वादृशः।
सर्वज्ञानदृशश्चरित्रमहिमां लोकेश लोकोत्तरः।।४।।

**અર્થ** :—હે ત્રિભુવનપતિ! સમસ્ત ઈન્દ્રોના મુગટના અગ્રભાગમાં લાગેલા રત્નરૂપી દીપકોની પંક્તિથી સિંહાસનની કિનારીઓ પર લાગેલા મણિમય દીપકોની પંક્તિ જેમાં સઘન થઈ ગઈ છે એવી આ સમવશરણરૂપ વિભૂતિ ક્યાં અને આપની આ પરમ ઉદાસીનતા ક્યાં? તેથી હે ત્રિભુવનનાથ! આપના જેવા સર્વજ્ઞાની, સર્વદર્શીઓના લોકમાં અતિશયતાને પામેલ ચારિત્રનો મહિમા તર્કનો વિષય નથી. ૪.

(शार्दूलविक्रीडित)

राज्यं शासनकारिनाकपति यत्यक्तं तृणावज्ञया
हेलानिर्दलितत्रिलोकमहिमा यन्मोहमल्लो जितः।

**लोकालोकमपि स्वबोधमुकुरस्यान्तः कृतं यत्त्वया,**
**सैषाश्चर्यपरम्परा जिनवर क्वान्यत्र सम्भाव्यते।।५।।**

**અર્થ :—**હે જિનેશ્વર! જ્યાં ઈન્દ્ર આજ્ઞા માનતા હતા એવું રાજ્ય આપે તૃણ સમાન તુચ્છ સમજીને છોડી દીધું, ત્રણલોકના જીવોનો મહિમા ખંડિત કરનાર મોહમલ્લને આપે ક્ષણવારમાં જીતી લીધો અને પોતાના જ્ઞાનરૂપી દર્પણમાં આપ સંપૂર્ણ લોકાલોકને જાણો,–દેખો છો આવી પ્રસિદ્ધ આશ્ચર્યોની પરંપરા આપના સિવાય બીજા દેવોમાં ક્યાં સંભવી શકે છે? અર્થાત્ ક્યાંય સંભવી શકતી નથી. ૫.

(शार्दूलविक्रीडित)

**दानं ज्ञानधनाय दत्तमसकृत्पात्राय सद्वृत्तये**
**चीर्णान्युग्रतपांसि तेन सुचिरं पूजाश्च बह्वयः कृताः।**
**शीलानां निचयः सहामलगुणैः सर्वः समासादितो**
**दृष्टस्त्वं जिन येन दृष्टिसुभगः श्रद्धापरेण क्षणम्।।६।।**

**અર્થ :—**હે જિનનાથ! જે શ્રદ્ધાળુ ભવ્યજીવ નેત્રોને આનંદ આપનાર શ્રદ્ધાપૂર્વક એક ક્ષણવાર પણ આપના દર્શન કર્યા છે તેણે આત્મજ્ઞાની અને સદાચારી પાત્રને અનેકવાર દાન આપ્યું છે, કઠોર તપોનું આચરણ કર્યું છે, લાંબા સમય સુધી અનેક પૂજાઓ કરી છે અને નિર્મળ ગુણો સહિત સર્વ શીલવ્રતોની પ્રાપ્તિ કરી લીધી છે. ૬.

(शार्दूलविक्रीडित)

**प्रज्ञापारमितः स एव भगवान्पारं स एव श्रुत–**
**स्कन्धाब्धेर्गुणरत्नभूषण इति श्लाध्यः स एव ध्रुवं।**
**नीयन्ते जिन येन कर्णहृदयालङ्कारतां त्वद्गुणाः**
**संसाराहिविषापहारमणयस्त्रैलोक्यचूडामणे।।७।।**

**અર્થ :—**હે ત્રિભુવન ચૂડામણિ! શ્રી જિનેન્દ્રદેવ! આપના ગુણ

સંસારરૂપી સર્પનું ઝેર ઉતારવા માટે મણિસ્વરૂપ છે, જે ભવ્યજીવ તે ગુણોનું કર્ણ અને હૃદયના આભૂષણ બનાવે છે અર્થાત્ ધારણ કરે છે તે જ બુદ્ધિનો પાર પામ્યા છે, તે જ ગુણરૂપી રત્નોના આભૂષણોથી શોભે છે અને તે જ જીવ નિશ્ચયથી પ્રશંસાને યોગ્ય છે. ૭.

(मालिनी)

**जयति दिविजवृन्दान्दोलितैरिन्दुरोचि–**
**र्निचयरुचिभिरुच्चैश्चामरैर्वीज्यमानः।**
**जिनपतिरनुरज्यन्मुक्ति साम्राज्यलक्ष्मी–**
**युवतिनवकटाक्षक्षेपलीलां दधानैः ॥८॥**

**અર્થ** :—હે ભગવાન! ચન્દ્રના કિરણો સમાન નિર્મળ કાંતિ ધારણ કરનાર તથા અનુરાગ કરનારી મોક્ષની સામ્રાજ્યલક્ષ્મી રૂપી યુવતીઓની કટાક્ષલીલાની શોભા ધારણ કરનાર એવા ઉન્નત ચામર દેવો દ્વારા જેમના ઉપર ઢોળવામાં આવે છે એવા શ્રી જિનેન્દ્રદેવ! આપ સદા જયવંત હો. ૮.

(स्रग्धरा)

**देवः श्वेतातपत्रत्रयचमरिरूहाशोकभाश्यक्रभाषा–**
**पुष्पौघासारसिंहासनसुरपटहैरष्टभिः प्रातिहार्यैः।**
**साश्चर्यैर्भ्राजमानः सुरमनुजसभाम्भोजिनी भानुमाली**
**पायान्नः पादपीठीकृतसकलजगत्पालमौलिर्जिनेन्द्रः ॥९॥**

**અર્થ** :—ત્રણ સફેદ છત્ર, ચામર, અશોકવૃક્ષ, ભામંડળ, દિવ્યધ્વનિ, પુષ્પવૃષ્ટિ, સિંહાસન અને દેવદુંદુભિરૂપ આશ્ચર્યકારી આઠ પ્રાતિહાર્યોથી શોભતા, દેવ અને મનુષ્યોની સભારૂપી કમલિનીને વિકસિત કરવા માટે સૂર્યસમાન તથા સમસ્ત ઈન્દ્ર અને રાજાઓના મુગટોને પોતાના ચરણોનું આસન બનાવનાર જિનેન્દ્રદેવ આપણા સૌની રક્ષા કરો. ૯.

**नृत्यत्स्वर्दन्तिदन्ताम्बुरुहवननटन्नाकनारीनिकायः**
**सद्यस्त्रैलोक्ययात्रोत्सवकरनिनदातोद्यन्निलिम्पः।**
**हस्ताम्भोजातलीलाविनिहित सुमनोदामरम्यामरस्त्री–**
**काम्यः कल्याणपूजाविधिषु विजयते देव देवागमस्ते॥१०॥**

**અર્થ :—**હે શ્રી જિનેન્દ્રદેવ! આપના કલ્યાણ પૂજામહોત્સવમાં, નૃત્ય કરતા ઐરાવત હાથીના દાંત ઉપર રહેલ કમલવનમાં નૃત્ય કરતી દેવાંગનાઓના સમૂહથી શોભતા, તત્કાળ ત્રણે લોકમાં યાત્રાના ઉત્સવની ધ્વનિ કરતા વાજિંત્રોથી હર્ષિત થયેલા દેવોથી સુશોભિત અને હસ્તકમળોમાં લીલાપૂર્વક ધારણ કરેલી પુષ્પોની માળાઓથી મનોહર દેવાંગનાઓ દ્વારા સુન્દર દેવોનું આગમન જયવંત વર્તો. ૧૦.

(शार्दूलविक्रीडित)

**चक्षुष्मानहमेव देव भुवने नेत्रामृतस्यन्दिनं**
**त्वद्वक्त्रेन्दुमतिप्रसाद सुभगैस्तेजोभिरुद्भासितम्।**
**तेनालोकयता मयाऽनतिचिराच्चक्षुः कृतार्थीकृतं**
**द्रष्टव्यावधिवीक्षणव्यतिकरव्याजृम्भमाणोत्सवम्॥११॥**

**અર્થ :—**હે જિનદેવ! નેત્રોમાંથી અમૃત વરસાવનાર તથા અત્યંત પ્રસન્નતાથી સુન્દર તેજથી સુશોભિત આપના મુખચન્દ્રને જોતા મેં દેખવા યોગ્ય પદાર્થોની સીમાસ્વરૂપ આપના મુખચન્દ્રના દર્શનથી પરમ આનંદને પ્રાપ્ત મારા નેત્રો તત્કાળ કૃતાર્થ કર્યા છે તેથી વિશ્વમાં મારા જ નેત્રો સફળ છે. ૧૧.

(वसंततिलका)

**कन्तोः सकान्तमपि मल्लमवैति कश्चि–**
**न्मुग्धो मुकुन्दमरविन्दजमिन्दुमौलिम्।**
**मोघीकृतत्रिदशयोषिदपाङ्गपात–**
**स्तस्य त्वमेव विजयी जिनराज! मल्ल॥१२॥**

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



**અર્થ :**—હે જિનરાજ! કોઈ અજ્ઞાની જીવ શ્રીકૃષ્ણ, બ્રહ્મા અને મહાદેવને સ્ત્રી સહિત હોવા છતાં કામવિજેતા માને છે. પરંતુ દેવાંગનાઓના કટાક્ષપાતને નિષ્ફળ કરનાર આપ જ એકમાત્ર વાસ્તવમાં તે કામદેવના વિજેતા છો. ૧૨.

(मालिनी)

**किसलयितमनल्पं त्वद्विलोकाभिलाषा–**
**त्कुसुमितमतिसान्द्रं त्वत्समीपप्रयाणात् ।**
**मन फलितममन्दं त्वन्मुखेन्दोरिदानीं**
**नयनपथमवाप्राद देव! पुण्यद्रुमेण ।।१३।।**

**અર્થ :**—હે ભગવાન! મારું પુણ્યરૂપી વૃક્ષ આપના દર્શન કરવાની ઈચ્છાથી બહુ જ ગાઢા પાંદડાઓથી વ્યાપ્ત, આપની પાસે પહોંચવાથી સઘન ફૂલોથી વિકસિત થઈ ગયું અને અત્યારે આપના મુખચન્દ્રના સાક્ષાત્ દર્શન કરવાથી અતિશય ફળોથી વ્યાપ્ત થયું છે અર્થાત્ આપના દર્શન અત્યન્ત પુણ્યનું કારણ છે. ૧૩.

સહજ ચિદાનંદ

(मालिनी)

**त्रिभुवनवनपुष्प्यत्पुष्पकोदण्डदर्प–**
**प्रसरदवनवाम्भोमुक्तिर्सूक्तिप्रसूतिः ।**
**स जयति जिनराजव्रातजीमूतसङ्घः**
**शतमखशिखिनृत्यारम्भनिर्बन्धबन्धुः ।।१४।।**

**અર્થ :**—હે પ્રભુ! ત્રણ લોકરૂપી વનમાં વધતા કામદેવ સંબંધી અભિમાનના ફેલાવરૂપ દાવાનળને બુઝાવવા માટે આપનો સુંદર ઉપદેશ નૂતન જલધારા સમાન છે અને ઈન્દ્રરૂપી મોરના નૃત્યને શરૂ કરવામાં આપ સાક્ષાત્ અગ્રેસર બંધુ છો, એવા જિનેન્દ્ર સમૂહરૂપ વાદળાઓનો સમુદાય જયવંત હો. ૧૪.

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

भूपालस्वर्गपालप्रमुखनरसुरश्रेणिनेत्रालिमाला–
लीलाचैन्यस्य चैत्यालयमखिलजगत्कौमुदीन्दोर्जिनस्य।
उत्तंसीभूतसेवाञ्जलिपुटनलिनीकुड्मलास्त्रिः परीत्य
श्रीपादच्छाययापस्थितभवदवथुः संश्रितोऽस्मी व मुक्तिम्।।१५।।

**અર્થ** :—હે સ્વામી! આપ ચક્રવર્તી અને દેવેન્દ્ર જેમાં મુખ્ય છે એવા મનુષ્ય અને દેવસમૂહના નેત્રરૂપી ભ્રમરોની ક્રીડા માટે ચૈત્યવૃક્ષ સમાન છો. સમસ્ત સંસારરૂપી કૌમુદી માટે ચન્દ્ર સમાન છો એવા શ્રી જિનેન્દ્રદેવના મંદિરની ત્રણ પ્રદક્ષિણા લઈને જ્યારે હું ભક્તિથી બન્ને હાથ જોડું છું ત્યારે મને એમ લાગે છે કે આપના શ્રીચરણની છાયાદ્વારા સંસારનો બધો તાપ દૂર થઈ ગયો છે અને મેં મુક્તિની જ પ્રાપ્તિ કરી લીધી છે. ૧૫.

(वसंततिलिका)

देव त्वदङ्घ्रिनखमण्डलदर्पणेऽस्मि–
न्नर्ध्ये निसर्गरुचिरे चिरदृष्टवक्त्रः।
श्रीकीर्तिकान्ति घृतिसङ्गमकारणानि,
भव्यो न कानि लभते शुभमङ्गलानि।।१६।।

**અર્થ** :—હે જિનદેવ! પરમ પૂજ્ય તથા સ્વભાવથી જ મનોહર આપના નખમંડલરૂપી દર્પણમાં જે ભવ્યજીવ લાંબા સમય સુધી આપનું મુખ જુએ છે તે લક્ષ્મી, કીર્તિ, કાંતિ અને ધૈર્યની પ્રાપ્તિના કારણ સ્વરૂપ કયા કયા શુભ મંગલો પામતો નથી? અર્થાત્ બધા મંગલ પ્રાપ્ત કરે છે. ૧૬.

(मालिनी)

जयति सुरनरेन्द्रश्रीसुधानिर्झरिण्याः
कुलधरणिधरोऽयं जैनचैत्याभिरामः।

**प्रविपुलफलधर्मानोकहाग्रप्रवाल–**
**प्रसरशिखरशुम्मत्केतनः श्रीनिकेतः ॥१७॥**

**અર્થ :**—હે જિનેન્દ્ર ભગવાન! આપનું ચૈત્યાલય જયવંત હો. જે દેવેન્દ્ર અને રાજાઓની લક્ષ્મીરૂપી અમૃતઝરણાંની ઉત્પત્તિ માટે કુલાચલસ્વરૂપ છે, અત્યંત ગાઢ ફળવાળા ધર્મરૂપી વૃક્ષની ટોચ ઉપર રહેલા પાંદડાઓના સમૂહની અણીની જેમ જેના ઉપર ધ્વજ શોભે છે અને જે લક્ષ્મીનું ઘર છે. ૧૭.

(मालिनी)

**विनमदमरकान्ताकुन्तलाक्रान्तकान्ति–**
**स्फुरितनखमयूखद्योतिताशान्तरालः।**
**दिविजमनुजराजव्रातपूज्यक्रमाब्जो**
**जयति विजितकर्माराजिजालो जिनेन्द्रः॥१८॥**

**અર્થ :**—જેમને નમસ્કાર કરતી દેવાંગનાઓના કેશથી વ્યાપેલી કાન્તિથી શોભતા ચરણોના નખોથી દીપ્તિથી દિશાઓના બધા ભાગ પ્રકાશમાન છે, જેમના ચરણકમળ દેવેન્દ્ર અને નરેન્દ્રોના સમૂહથી પૂજવાને યોગ્ય છે તથા જેમણે કર્મ (રાગ-દ્વેષાદિ ભાવ) રૂપી શત્રુઓને જીતી લીધા છે એવા શ્રી જિનેન્દ્રદેવ જયવંત હો. ૧૮.

(वसंततिलिका)

**सुप्रोत्थितेन सुमुखेन सुमङ्गलाय**
**दृष्टव्यमस्ति यदि मङ्गलमेव वस्तु।**
**अन्येन किं तदिह नाथ तवैव वक्त्रं**
**त्रैलोक्यमङ्गलनिकेतनमीक्षणीयम् ॥१९॥**

**અર્થ :**—હે નાથ! સુઈને ઉઠેલા સુંદર મુખવાળા પુરુષે જો સુમંગલની પ્રાપ્તિ માટે મંગલરૂપ વસ્તુ જ હોવી જોઈએ તો બીજાનું શું

કામ છે? આ લોકમાં કેવળ આપનું મુખ જ જોવું જોઈએ કેમ કે તે ત્રણ ભુવનના મંગલોનું ઘર છે. ૧૯.

(शार्दूलविक्रीडित)

**त्वं धर्मोदयतापसाश्रमशुकस्त्वं काव्यबन्धक्रम–**
**क्रीडानन्दनकोकिलस्त्वमुचितः श्रीमल्लिकाषट्पदः।**
**त्वं पुन्नागकथारविन्दसरसी हंसस्त्वमुत्तंसकैः**
**कैर्भूपाल न धार्यसे गुणमणिस्रिङ्मालिभिर्मौलिभिः॥२०॥**

**અર્થ** :—હે પૃથ્વીનાથ! આપ ધર્મના અભ્યુદયરૂપી તપોવનના પોપટ છો, કાવ્યરચના નિર્માણના અનુક્રમરૂપ આપ જ છો અર્થાત્ કાવ્યરચનાની શોભા આપના ચારિત્રથી આપ જ વધારો છો, ક્રીડારૂપી નંદનવનમાં આપ જ કોયલ સમાન છો, મોક્ષલક્ષ્મીરૂપ માલતીના આપ ભ્રમર છો, ઉત્તમ પુરુષોની કથારૂપ કમલ સરોવરના આપ હંસ છો અને જેમ પોતાની શોભા વધારનાર પુરુષ માળાઓથી શોભતા મુગટ પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે તેવી જ રીતે પોતે પોતાને ઉત્તમ બનાવનાર પુરુષો આપને પોતાના મસ્તક ઉપર ધારણ કરે છે. ૨૦.

(मालिनी)

**शिवसुखमजरश्रीसङ्गमं चाभिलष्य**
**स्वमभिनियमयन्ति क्लेशपाशेन केचित्।**
**वयमिह तु वचस्ते भूपतेर्भावयन्त–**
**स्तदुभयमपि शश्वल्लीलया निर्विशामः॥२१॥**

હે ભગવાન! કેટલાય મનુષ્યો મોક્ષસુખ અને દેવોની વિભૂતિની પ્રાપ્તિ માટે પોતાની જાતને દુઃખરૂપી બંધનોથી અર્થાત્ જાતજાતની કઠિન તપસ્યા અને વ્રત આદિના કઠોર નિયમોથી દુઃખી કરે છે છતાં પણ તેમને પ્રાપ્ત કરી શકતા નથી પરંતુ અમે આ લોકમાં હમેશાં આપ

ત્રિલોકીનાથના વચનોના રહસ્યની ભાવના કરતા અનાયાસે જ તે બન્નેની પ્રાપ્તિ કરી લઈએ છીએ. ૨૧.

(शार्दूलविक्रीडित)

देवेन्द्रास्तव मज्जनानि विदधुर्देवाङ्गना मङ्गला
न्यापेठुः शरदिन्दुनिर्मलयशो गन्दर्वदेवा जगुः।
शेषाश्चापि यथानियोगमखिलाः सेवां सुराश्चक्रिरे
तत्किं देव वयं विदध्म इति नश्चित्तं तु दोलायते।।२२।।

**અર્થ** :—હે દેવ! ઈન્દ્રોએ આપનો અભિષેક કર્યો, દેવાંગનાઓએ મંગલ ગીતો ગાયા. ગન્ધર્વ દેવોએ શરદઋતુના ચન્દ્ર જેવા નિર્મળ યશોગાન કર્યા અને બાકીના બધા દેવોએ નિયોગ પ્રમાણે આપની સેવા કરી. હે ભગવાન! હવે અમે આપની શી સેવા કરીએ? આ જાતના વિચારોમાં અમારું હૃદય ડોલી રહ્યું છે. ૨૨.

(शार्दूलविक्रीडित)

देव त्वज्जननाभिषेकसमये रोमाञ्चसत्कंचुकै–
र्दैवेन्द्रैर्यदनर्ति नर्त्तनविधौ लब्धप्रभावैः स्फुटम्।
किश्चान्यत्सुर सुरन्दरीकुचतटप्रान्तावनद्धोत्तम–
प्रेङ्खदल्लकिनाझंकृतमहो तत्केन संवर्ण्यते।।२३।।

**અર્થ** :—હે દેવ! આપના જન્માભિષેક સમયે તાંડવ નૃત્યમાં પ્રભાવિત થયેલા દેવેન્દ્રોએ રોમાંચરૂપી કચુકી વસ્ત્ર ધારણ કરીને જે ભવ્ય નૃત્ય કર્યું હતું તથા દેવાંગનાઓના સ્તનપ્રદેશ પાસે અડેલી મધુર ધ્વનિ કરનારી વીણાના શબ્દની જે ઝણઝણાટી થઈ હતી, અહો! તેનું વર્ણન કોણ કરી શકે? અર્થાત્ કોઈ નહિ. ૨૩.

(शार्दूलविक्रीडित)

देव त्वत्प्रतिबिम्बमम्बुजदलस्मेरेक्षणं पश्यतां,
यत्रास्माकमहो महोत्सवरसो दृष्टेरियान् वर्तते।

**साक्षात्तत्र भवन्तमीक्षितवतां कल्याणकाले तदा**
**देवानामनिमेषलोचनतया वृत्तः सः किं वर्ण्यते।।२४।।**

**અર્થ** :—હે ભગવાન! વિકસિત કમલપત્ર સમાન નેત્રવાળા આપના પ્રતિબિંબના દર્શન કરીને અહો, અમારા નેત્રોને જ્યાં આટલો મોટો આનંદ મળે છે તો પંચકલ્યાણકના સમયે પલકાર રહિત નેત્રોથી સાક્ષાત્ દર્શન કરનાર દેવોના મહાન આનંદનું શું વર્ણન કરી શકાય? અર્થાત્ કરી શકાતું નથી. ૨૪.

(शार्दूलविक्रीडित)

**दृष्टं धाम रसायनस्य महतां दृष्टं निधीनां पदं**
**दृष्टं सिद्धरसस्य सद्म सदनं दृष्टं च चिन्तामणेः।**
**किं दृष्टेरथवानुषङ्गिकफलैरभिर्मयाद्य ध्रुवं**
**दृष्टं मुक्तिविवाहमङ्गलगृहं दृष्टे जिनश्रीगृहे।।२५।।**

**અર્થ** :—હે પ્રભો! શ્રી જિનમંદિરમાં આપના દર્શન કરતા મેં રસાયણોનું ઘર જોઈ લીધું, મહાન મહાન નિધિઓનું સ્થાન જોઈ લીધું, સિદ્ધ કરેલા રસોની જગ્યાઓ જોઈ લીધી અને ચિન્તામણિનું ઘર જોઈ લીધું અથવા આ બધાં તો આનુષંગિક (ગૌણ) ફળો છે, એમને જોવાથી શું લાભ? મેં તો આજ નિશ્ચયથી મુક્તિરૂપી કન્યાના વિવાહમંગલનું સ્થાન જ જોઈ લીધું છે. ૨૫.

(शार्दूलविक्रीडित)


**दृष्टस्त्वं जिनराजचन्द्र! विकसद्भूपेन्द्रनेत्रोत्पले**
**स्नातं त्वन्नुतिचन्द्रिकाम्भसि भवद्विद्वच्चकोरोत्सवे।**
**नीतश्चाद्य निदाधजः क्लमभरः शान्तिं मया गम्यते**
**देव! त्वद्गतचेतसैव भवतो भूयात् पुनदर्शनम्।।२६।।**

**અર્થ** :—હે જિનરાજચન્દ્ર! મેં આપના દર્શન કર્યા તથા ભૂપેન્દ્રોના

નેત્રકમળોને વિકસાવનાર અને વિદ્વાનરૂપી ચકોર પક્ષીઓને આનંદ આપનાર આપની સ્તુતિરૂપ જળમાં સ્નાન કર્યું તથા સંતાપજન્ય ખેદના સમૂહની શાન્તિ કરી. હે જિનેન્દ્રદેવ! હું હવે જતાં જતાં આપમાં જ ચિત્તને જોડતો થકો ભાવના કરું છું કે ફરીથી આપના દર્શન થાવ. ૨૬.

એ પ્રમાણે શ્રી ભૂપાલ કવિપ્રણીત જિનચતુર્વિંશતિની શ્રી પં. શ્રેયાંસકુમારજી શાસ્ત્રીકૃત ભાષા ટીકાનો ગુજરાતી અનુવાદ સમાપ્ત.

સહજ ચિદાનંદ.


अनुभूति तीर्थ महान, स्वर्णपुरी सोहे
यह कहानगुरु वरदान, मंगल मुक्ति मिले.